ધનસાર-રૂપસુંદરી નાટક.

આવૃત્તિ પહેલી.

સા. ચં. શેઠ.

કિંમત રૂ ૦-૧૨-૦

ધનસાર-રૂપસુંદરી.

રચીને પ્રગટ કરનાર

શેઠ સારાભાઈ ચંદ્રમલ.

આવૃત્તિ ૧ લી—પ્રત ૧૦૦૦

નીતિ-પ્રિતમને પ્યારીનું, મળેલ હોવું જગમાં જે સારૂં;
સ્વર્ગ સમા સુખ સાથે, વળી જગતની બેલ વધે વારૂં;



કહો દંપતિઓને, સુખ કહો શી રીતે સાંપડશે;
અંધો અવર વહીને, હાંકી ઇચ્છિત સ્થાન હવે ચડશે.

અમદાવાદ.

પાનકોરને નાકે ધાંચીની વાડીમાં

"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટિંગ" પ્રેસમાં

નથુભાઇ રતનચંદ મારફતિયાએ છાપ્યું

સંવત ૧૯૪૮—સને ૧૮૯૨

કિંમત રૂ. ૦-૧૨-૦

अर्पणपत्रिका.

અસ્મતપના ગૌબ્રાહ્મણ પ્રતિપાળ નેકનામ
બાસાહેબ શ્રી ૭ બા શ્રી માજીરાજબા.
સ્વસ્થાન ગાંગડ.

વ્યભિચાર વ્યસન વિચ્છેદ કરવાના આધારભુત, સદહું
પુસ્તકને આપ તરફથી પ્રથમથીજ પ્રેમ બતલાવ-
વામાં આવ્યો છે, તેમજ સ્વદેશી બાળાઓને
શિયળનો સદ્દમાર્ગ દર્શાવવાની ઉત્કંઠા ધ-
રાવો છો, અને એ હેતુથી આ પુસ્તક-
ને આપ સાહેબે ટેકો આપ્યો છે.
તેની યાદગીરી માટે આ પુ-
સ્તક આપનેજ અર્પણ
કરૂંછું તે સ્વિ-
કારશો.

—

લી૦ ગ્રન્થ કર્ત્તા.

स्नेहपत्रिका.

।રા૦ રા૦ શેઠજી સાહેબ શેઠ

જયશીંગભાઈ હઠીશીંગ.

મુ૦ અમદાવાદ.

હરિગીત છંદ.

શ્રીમંતમાં શિરોમણી, ગુણવાન ગૃહસ્થ ગણાઓછો;
હઠીસિંહના સિંહ સમા દિપક, કુળ જેશીંગભાઈછો;
બહુ માનને અકરામ કામ, સુલામની સમશેરથી;
વશ કરી રાણા રાયને, પ્રીતી ઘણી શ્રીમંતથી;
પરમાર્થને ઉદાર વૃતિ, પૂન્યશાળી પરગજુ;
ખોડાઢોરના ઉદ્ધાર્થે અર્પ્યું, ગિડ રાંચરડા તણું;
શુભ સર્વછો ઉપમાન કાન, સુણી સુકીર્તિ આપની;
મુજ ઉપર પ્રતીદિન રાખતાં, પ્રીતી ઘણી નિસ્વાર્થની;
તે પ્રેમનો બદલો વળી શકવો, ઘણો દૂર્લભ છતાં;
મુજ યથા શક્ત અર્પુ પૂષ્પન, પૂષ્પ પાંખડીની મતા;
ધનુસાર ને રૂપસુંદરી આ નાટ્ય પંચાંકી મહીં;
અગર કરૂંછું આપના શુભ નામને પ્રીતે અહીં;

લી૦ સ્નેહાધીન

સા. ચં. ગ્રન્થ કર્ત્તા.



પ્રસ્તાવના.

સુજ્ઞ સહૃદયસ્થો! મારી અલ્પમતિથી આરંભ કરેલું, આ સુતિમાં શિરોમણી "રૂપસુંદરી" નામનું પુસ્તક નાટક રૂપે રચવાને માટે મારા કેટલાંક મિત્રો તરફથી મારા પ્રતે વારંવાર સુચના કરવામાં આવતી હતી, અને મારા મનમાં પણ એજ આવતું હતું કે, સ્વદેશી બાળાઓને બોધરૂપે શિયળનું સંરક્ષણ કરવાં એક પુસ્તક લખવું, કે જેથી કરી તેઓ પોતાનું પતિવ્રતાપણું, સંકટ સમયે પણ પૂર્વેની સતિ સ્ત્રીઓની પેઠે ચિરધારી સંકટ સંહારી અખંડિત રાખે, અને આ લોક તથા પરલોકના સુખની પ્રાપ્તિ પામે, એવાં હેતુથી આ પુસ્તકનો આરંભ કરવામાં આવેલો છે—

અને હું આશા રાખું છું કે, આજ કાલ વૃદ્ધિ પામેલું વ્યભીચાર વ્યસન વ્યભિચારીઓ આ પુસ્તક વાંચી વિચ્છેદ કરશે તો, મારી મનો કામના ફળીભુત થઈ અમ જાણી હું તેમનો ઉપકાર માનીશ. વિશેષ સદહું પુસ્તકના ગ્રાહકોની ઘણી તાકીદ થવાને લીધે, પુસ્તક ત્વરીતે તૈયાર કરી છપાવવામાં આવેલું છે. અને મને વ્યાપારાદિ કામમાંથી ફુરસદ નહીં મળવાથી પુસ્તકના પ્રૂફસીટ બરાબર તપાસી શકાયા નથી, તેથી કોઈ કોઈ સ્થળે મારા નેત્રદોષથી અથવા છાપનારથી ભુલ રહી ગએલી હશે. માટે વિદ્વજનો પ્રત્તે વિનંતી કરી કહું છું કે, આ પુસ્તક ખામી વિગેરે દોષોથી ભરપુર ભરેલું છે, તથાપિ આપ સાહેબો તે દોષિત ભાગને દુર કરી તેના મુળ હૃદય ઉપર લક્ષ આપવા તસ્દી લેશો, એજ વિજ્ઞપ્તિ.

આ પુસ્તકને શેઠ જમનાભાઈ ભગુભાઈ સાહેબે પ્રેમપૂર્વક ટેકો આપ્યો છે. તેના બદલ માન ખાતર હું તેઉ સાહેબનો આ સ્થળે આભાર માનું છું.

ગીતિ

સંપતમાં રે' સાથે, આફત માંહિ અળગા અંતરથી;
સ્વાર્થીઆ સૌ મિત્રો, મુખે માર હો કંટક સુરણુથી;
સુખ દુઃખમાં મેં દેખ્યો, મિત્ર એક નિજ નેક ટેકધારી;
મંગળ મનમાં માન્યો, લલ્લુભાઇનો સુત સુખાકારી.

તા૦ ૧-૧૦-૯૨
અમદાવાદ રતનપોળ.

લી. સા. ચં. ગ્રન્થકર્તા.

નાટક—પાત્રો.

સુત્રધાર..નાટકાચાર્ય.
વિદુષક..મશ્કરો.
નટ..સુત્રધારનો સાહ્યકારી.
નટી..સુત્રધારની સ્ત્રી.
રિપુમર્દન...................................ચંપાપુરીનો રાજા.
રતિસુંદરી...તેની પ્રિયા.
રૂપસુંદરી...તેની પુત્રી.
સૌભાગ્યવંતી............................રૂપસુંદરીની સખી.
ધનદત્ત......................................ચંપાપુરીનો પ્રધાન.
ધનવતિ..તેની સ્ત્રી.
ધનસાર..તેનો પુત્ર.
સુમિત્ર–શાંતિદાસ............................ધનસારના મિત્રો.
મોદકાનંદ.......................................પ્રધાનનો રસોઈઓ.
પંડિતજી......................................શાળા ભણાવનાર.
દૈત્ત.......................................રાક્ષસ દ્વિપનો અધિપતી.
લંપટશા...એક વહાણવટી.
ભીમો...તેનો ચાકર.
સોદાગર....................................કંચનપુરીનો વહેપારી.
કામસેના..એક ગણિકા.
વાણીઓ..એક જાત્રાળુ.
ભીલ્લ..ભીલ્લનો રાજા.
રત્નજટી......................................વિધ્યાધરનો રાજા.
હેમપ્રભા...તેની સ્ત્રી.
કૌટુકી..નિમીતીઓ.
વિમળસેન..................................પુરૂષવેશે રૂપસુંદરી.
ગુણપાળ..................................એનાતટ પુરનો રાજા.
રત્નવતી...તેની સ્ત્રી.
હીરાકુમારી..તેની પુત્રી.
પુરોહિત, સેનાધિપતી કોટવાળ...........................સાગંતો.
ચોર..એક તસ્કર, ચોરી કરનાર.

છોકરાઓ, કન્યાઓ, જોષી, ગોર, બ્રાહ્મણો, યાચકો, શેઠ સાહુકારો, સભાસદો, પુરવાશીઓ, દાસદાસીઓ, ખારવાઓ, શીપાઇઓ, હુંઝારા, દેવદેવીઓ, માળી, માલણ, છડીદાર, ખવાસ, રાજસેવકો, અનુચર, સ્ત્રીઓ, ભાટ, વારાંગનાઓ, વિગેરે, વિગેરે, વિગેરે.

॥ श्री परमात्मने नमः ॥

પંચાંકી.

ધનસાર-રૂપસુંદરી

નાટક.

अंक १ लो.

સ્થળ—રંગભૂમી.

શાર્દૂલવિક્રીડિત વૃત્તમ્.

આ મ્હેં નાટ્ય રસાળ ઢાળ રચવા, પૂર્વાનુસારે સ્તવે,
ત્રાતા સદ્ય સુબોધ શોધ સમગે, ગીર્વાણ વાણી રવે,
લેવાને લવલેશ બેશ બળથી, મુકયો મણી માટલે;
મિથ્યા માન સમાન દાન સમયે, સન્માન માનાર્યને.
પંચાંકી પ્રિય નાટય આજ રચવા, રાચું મને પ્રેમથી;
શોભાવું સુરનાદ વાદ વદવા, વિદ્યા લીલા સર્વથી;
નાના ભેદ રસાળ ઢાળ ઢળવા, વાંણી સુશાંણી વદો,
હંસાવાહની નિત્ય સહાય કરજો, શાંતી સદા સભ્ય દ્યો,

સુત્રધાર—(મંગળાચરણ થઈ રહ્યા પછી) હવે એટલો મંગળાચરણનો પ્રબોધ બહુ છે. સખા! આ સભાસદોએ પ્રાચિન કવિઓના રસપ્રબંધ જોયેલાછે, માટે હું અહીં એક શ્રીરાજનગર નિવાસી પૂર્વ ગૃહસ્થ શ્રેષ્ટ ચંદ્રમલ્લ સુત સારાભાઈ રચિત "**ધનસાર અને રૂપસુંદરી**" એ નામનું સંયોગી નાટક ભજવી બતાવા ઈચ્છું છું તેથા તું તારા પાત્ર વર્ગો પાસે ઇશ્વર આપણને પૂર્ણ સહાય કરે તેવું અને સભાસદોનું મનરંજન થાય એવું એકાદ ગાયન ગવરાય.

નટ—જેવી આપની આજ્ઞા (એમ કહી નમન કરે છે.)

સર્વેપાત્રો— શ્રી જગતપતી—એરાહ.

શ્રી વિશ્વેશ્વરા, સુણો વિનતી જરા,

કષ્ટ કાપોને કૃપાળુ, હે ધરણીધરા,
અંતરયામી નમુ શીર નામી, હેતે જોડી હાથ,
ભવ ભવ દુખ ભય ભાર ઊતારો, નેહ નજરથી નાથ. શ્રી વિ.
જંબુદ્વિપના ભરત ક્ષેત્રમાં, નયરી ચંપાપુર,
રીપુમર્દન ત્યાં રાજ કરે છે, શીલવંતો બહુ સુર. શ્રી વિ.
તસ સુતા સતી રૂપસુંદરીને, મતી હિણ નિજ ભરથાર,
રોતી રાક્ષસ દ્વિપે મુકે, ધનદત સુત ધનસાર. શ્રી વિ.
ત્યાંથી પોતે બહુ દુખ પામી, શીયળ સલાગત કાજ,
દુષ્ટ અરિને દુરે કીધા, પામી રમણી રાજ. શ્રી વિ.
પોત સહીત પતી પાછો મળીઓ, બેનાતટ પુરમાંહ્ય,
પતિવ્રતાના પૂન્ય થકી એ, સર્વે સુખી થાય. શ્રી વિ.
તેહ તણું નાટક આરંભુ. આર્ય તણા ઊપદેશ,
ભૂલ ચુક હોયે ખામી તો, રોષ ન ધરશો લેશ. શ્રી વિ.

સુત્ર—સાબાશ! સાબાશ! હવે સર્વ શ્રોતાજનોનાં મન વક્તા તરફ ખેંચાઇ રહ્યાં હોય તેમ જણાય છે. માટે ચાલો પ્રયોગારંભ સત્વર કરો.

વિદુ—(વિચિત્ર વેશે વિચિત્ર ચાળા કરતો પ્રવેશ કરે છે) અરે આ ટીંખલી ખેંખાટ કરતો ખેંચાઈ રહ્યા હોય ખેંચાઈ રહ્યા હોય તેવું કોઇને કહે તો સત્તર વારનાં જમવાનાં નોતરાં કોને દઇ રહ્યો છે (સુત્રધાર સામું જોઈને) ભાઈ મારૂં એકવાર આવ્યાનું તો પુરૂં કર પછી આ સર્વેને સત્તરવાર જમવાનું કહેજે.

સુત્ર—અરે આ ભુખબારશ અહીં ક્યાંથી આવ્યો છે?

વિદુ—આવવાનો રસ્તો તો તારો ને મારો એકજ જણાય છે જો તારે પણ મારી પેઠે સીંગડાં કે પુંછડું નથી તો બીજો રસ્તો ક્યાંથી હશે તેવું હોય તો ભેગા ભેગી કહી દેજે એટલે તેનો રસ્તો સુજે!

સુત્ર—અરે આ મુરખ ભાઇબંધ ક્યાંથી મળ્યો! (વિદુશકને) અલ્યાએ અક્કલના બારદાન! તું મને માણુસમાંથી કાઢીને જાનવરમાં ભેળવે છે?

વિદુ—નારે મારા સાહેબ આપને તે માણુસમાં ભેળવાય? (મોહોડે તમાચો મારી) અરે ભુલ્યો જાનવરમાં ભેળવાય! કેમ ખરૂંને?

સુત્ર—સાબાશ! સાબાશ! રોતાને હસાવનારા તુંને સાબાશ!

તારા બેય વાક્યોનો અર્થ તો તેં એવોજ લાવીને મેળવ્યો જે હું જાનવરજ છું

વિદુ—સાહેબ હું નહીં તમે જો જો મારે માથે ઢોળી પાડતા. આપની મેળે માગી લેતા હોતો ભલે. બાકી હું જો આપને જાનવરમાં મેળવું તો મારી જીભ જમવાને સળકી રહી છે તે ક્યાંથી તૃપ્ત થાય.

સુત્ર—બાઇ જો મારા આ નાટકના કામમાં તું સર્વેને રૂચતી રીતે મદદ કરવામાં પાછો નહીં પડે તો તને નિત્ય જમાડીશ.

વિદુ—બોલ તારે કેવી મદદ જોઇએ છે? જો તારા કામમાં મારો ટેકો માગતો હોય તો તને એક પાટડો લાવીને મોટો જબરો ટેકો મુકી આપીશ.

સુત્ર—અરે મુરખ અહીં પાટડાને શું કરવો છે?

વિદુ—ત્યારે શું આ સર્વેની સાથે બાથંબાથી કરવી છે લે તેમ હોય તો તૈયારજ છું (એમ કહી કેહેડ પાસેનું અંગવસ્ત્ર બાંધવા જાય છે ને) લડવામાં પાછો પડું તેમ નથી હો! (સર્વે સભાસદો હસેછે)

સુત્ર—અરે મુરખ આવાં તારાં દુરભિષ્ટ વચનો સાંભળીને આ સર્વે સભાસદો તારી મુરખાઈથી હસે છે.

નટી—(એટલામાં પ્રવેશ કરે છે તેને વિચિત્ર ચાળાથી નિહાળીને જોતાં જોતાં પાસે આવે છે એટલે લાંબો પડીને પગે લાગે છે) અરે પ્રાણનાથ આ વનચર જેવો કોણ છે?

વિદુ—એતો તારો પ્રાણનાથ વનચરી દશામાં છે! બંદાને તો જોઇનેજ આંધળી બેડાં ફોડે પછી શું?

સુત્ર—પ્રિયા! એ મુરખાના વચનો તું શ્રવણ કરીશ નહીં. કારણ કે એ બહુરંગી વિચિત્ર છે અને આપણો સમય થઈ ગયોછે માટે આ સભાસદોનું મનરંજન થાય તેવું એકાદ ગાયન કર જેથી સર્વે ખુશી થાય.

નટી—જેવી પ્રિયપતિની આજ્ઞા! પણ હે સ્વામી! કહો શા વિષય પર ગાઉ.

સુત્ર—હુંતો ધારૂં છું કે—

વિદુ—(વચમાં બોલે છે) ભાભી મારા ગુણ ગાવ—

સુત્ર—શરદનું વર્ણન કર પ્રિયા!

વિદુ—અરે આ શરદના દરદનો તો મરદને શોખ નથી માટે

વસંતનું ગાવ.

સુત્ર—તો ઠીક છે તેમ કરો તેનું પણ મન રાખો.

નટી—વૈશાક માસ વાસંતીક સમય સોભતાં—એ રાહ.

વૈશાક માસ વસંત રૂતુ, સ્વામી શોભતી.
વૃક્ષો નવ પલ્લવ થઈ, યોવન પામતાં,
ભ્રમર ભ્રમણ ભારી કરી, તરૂ ગુંજારતાં,
પક્ષિઓ ઉચ્ચાર કરી, દુખ વિરામતાં,
કલ્પતરૂએ કોયલ બેસી, વન ગજાવતી. વૈશાક૦
ચંદન લેપ શાંતી સારૂં, અંગે ચરચતાં,
પ્રેમે નર નારી કંઠે, પુષ્પો પહેરતાં.
સિતોપચાર સારૂં, બાગમાં સહુ જતાં,
મોગર જાઇ જુઇ લતા, પુષ્પે ઝૂલતી વૈશાક૦
પુર્ણીમાની રાત્રી પ્રેમે, પુરૂષ ઝાંખતાં,
દંપતિઓ પરસપરે, પવન નાખતાં,
અન્યોઅન્ય અધર રસ, ચતુર ચાખતાં,
મંદ મંદ કુશમ ગંધ, આનંદ આપતી. વૈશાક૦

સુત્ર—વાહવા !!! શું મધુર કંઠે શ્રોતાના કંઠો ઉરગફણા સમ ઉંચા કરાવી દીધા છે ?

વિદુ—વહુને કોણે વખાણ્યાં ? વહુના વીરે (સુત્રધારને તમાચો મારીને અરે એ તો હું ભુલ્યો.) વહુના વરે.

નટી—અહો પ્રાણનાથ આજે આપણે શા વિશયપર નાટ્ય રચના કરવાની છે ?

સુત્ર—પ્રિયા જો આજે તો આપણે નિયંતાની નિર્ણયતા કેવી ગહનતા ભરેલી છે તેમજ સતિ શિરોમણીની સુંદીરતા કેવી શોભાયમાન છે તે દેખાડવાનું છે.

વિદુ—સાહેબ ! ત્યારે એ કેટલું છેટું છે ?

સુત્ર—જો આ રઘુનાથ પંડીતજીની પાઠશાળા (એમ કહી સર્વે કીનારે ખશી જાય છે અને પડદો ઉપડે છે. (ઇતી પ્રસ્તાવના)

પ્રવેશ ૧ લો.

સ્થળ—નિશાળ.

પાત્રજનો—સર્વે છોકરાઓ—કન્યાઓ.

૧ લો છોકરો—અલ્યા એ રમણનાથ! હવે પંડીતજીને પધારવાનો સમય થઇ ગયો છે તોપણ તું તારો મુક્તાવલીનો પાઠ કેમ કરતો નથી.

રમણ—એશને રાંડે જણ્યા? ધનસાર જેવો મિત્ર ફરી ફરીને કયારે મળવાનો છે. એની સાથેનાં જે વચનામૃત લીધાં તે ખરાં.

૧ લો છોકરો—ઠીક છે! આવવાદે પંડીતજીનો જે તેં મને રંડા પુત્રાદિ ગાળો ભાંડી છે! હું જોજે સર્વે વિદ્યાર્થીઓની સાક્ષી પૂર્વક પંડીતજીને કહેવાનો છું.

રમણનાથ—જાજા કહેજે હવે તારા પંડીતજીનો તારાથી તેમજ તારા પંડીતજીથી કોનું બીહે છે!!

ધનસાર—અરે પંડીતજીનાએ બાપના બાપ અને તેમનાએ બાપની પાસે ફરીયાદી લેઈ જજેને બંદા બેઠા છે ત્યાં સુધી તારાથી શું થવાનું છે? (એમ કહીને ધનસાર અને રમણનાથ શાળાના ઉદ્યાનમાં ફરવાને મંડી જાય છે. ત્યાં રાજકુમારી રૂપસુંદરી એક જાઇલતાની વેલ તળે કોચમાં સુતી છે તેને જોઈને) અહો! આ કેવી ચતુર કુંવારી નીદ્રામાં વશ થઈ ગઈ છે. (તેની સાડીનો પાલવ લબડે છે તેમાં ગંઠ વાળેલી છે તે જોઈને) અરે રમણનાથજી! આ કુંવારીના પાલવને છેડે શું બાંધેલું જણાય છે જો ને?

રમણનાથ—ભાઇ એ મારી હીંમત ચાલે નહીં! કેમકે રાજકુમારી છે.

ધનસાર—સાબાશ!!! સાબાશ! મારા સોબતી તુને સાબાશ!!! તો એમાં કયારે આપણે અનીતીનું કામ આચરવાનું છે જેથી તું આટલો બધો અકળાય છે.

રમણનાથ—ના ભાઈ હું તો તે રાજકુંવારીનાં પાલવને તો શું? પણ તેના પડછાંયાને પણ સ્પર્શ કરવાનો નથી!

ધનસાર—બહુ સારૂં ત્યારે હુંતો મારો વિચાર પરિપુર્ણ કર્યા શીવાય રહેવાનો નથી જો જે પંડીતજી પધારતા હોય નહીં? (એમ કહી રાજકુંવારીના પાલવનો છેડો છોડીને અંદરથી સાત (કોડીઓ) છોડી લેછે એટલામાં બે ત્રણ બાળકો આવી પહોંચે છે તેમાંથી એક હુંશીયાર છોકરાને તે કોડીઓની મીઠાઇ લેવા મોકલે છે તે લાવીને સર્વને ઉજાણી રૂપ વહેંચી આપે છે અને કુંવરીનો ભા-

ગ રાખી મુકે છે એટલામાં રાજકુંવારી ઉઠીને પોતાનો છેડો જુવે છે ત્યાં કોડીઓ નહીં દેખતાં એકદમ ક્રોધાવેશે બોલી ઉઠે છે.)

રૂપસુંદરી—અરે કયા દુષ્ટે આ મારા પહેરેલા વસ્ત્રના પાલવેથી સાત કોડીઓ છોડી લીધી. (એટલામાં ધનસાર પેલો તેનો રાખેલો ભાગ લાવી અર્પણ કરે છે, તે લેઈને અરે ધનસાર! શું કોઇ નીશાળે નવો નીશાળીઓ આવ્યો કે, આજે તમારી જાફત ઉડાવી છે?

ધનસાર—કુંવારીકા ! એતો જેમ થયું છે તેમ ઠીક થયું છે એમાં કોઈને લાગે વળગે તેવું નથી માટે તમે તમારી મેળે કરોને હોઇઆં ! ! ગંજ્યું મ્હોં કરવાથી આપણુને કેવો આનંદ? તેમજ સર્વેને કેટલો આનંદ થઈ રહ્યો છે?

રૂપસુંદરી—અરે પ્રધાન પૂત્ર આ તમારાં ગરમનાં વચનોથી મને બહુ દીલગીરીની સાથે ક્રોધ ઉત્પન્ન થાય છે માટે જેવું હોય તેવું કહીં દ્યો?

ધનસાર—અરે કુમારીકા ! તમે શું કરવાને ગભરાવ છો મેં કહ્યું તેમજ કરોને! એક હોઇઆંતો કરો પછી તેની પડપુછ રાખવી. (રૂપસુંદરી તેનો ભાગ ખાઈ જાય છે.)

રૂપસુંદરી—અરે ! સખા ! તું મુને હવે સત્વર નિવેદન કરકે આ મીઠાઇ કયાંથી અને કોણે શોભા લીધી છે.

ધનસાર—તો કુમારીકા ! એતો કહેવત જેવું થયું છે! "બાઇનાં ફુલ બાઇને, ને શોભા મારા ભાઇને"

રૂપસુંદરી—(ગુસ્સે થઇને) અરે શું આ મારીજ કોડીઓની મીઠાઈ મંગાવી છે ! અરે એવો કયો દુરાચર્ણિ આપણી પાઠશાળામાં પ્રગટ થયો છે? જે હોય તે તું મને કહીદે! પછી તેની વાત ! જોઉં છું કે કોની માએ સવાશેર સુંઠ ખાધી છે જે મારી કોટયાન કોટી પાદશાહી ઉભી કરે તેવી એકીકી કોડી છે તે ચોરી લે માટે મુને કહીદે પછી તે દુષ્ટની વાત.

ધનસાર—(હસતો હસતો) અરે એકવાર કહ્યું હોય તોપણ તેજ અને પછીથી ઘણીવાર કહેતો પણ તેજ માટે સમજોને મનમાં! વળી અહીં તે એવો કયો ધનાઢય હતો જે શનીવારને દી મીઠાઈ લાવીને વહેંચે.

રૂપસુંદરી—અરે એવાં કાળાં કરમનો કરનારો આપણી શા-

ળામાં કયો દુષ્ટ પેદા થયો છે?

ધનસાર—બસકર! બસકર! કુમારીકા બસકર! ઓછું અદકું કે વધુ બોલવામાં કાંઈ સાર નથી!

રૂપસુંદરી—અરે નીચ! નાદાન! આ વિશ્વાસઘાત કરનારો તુ જ મને તો માલુમ પડે છે માટે બોલ હવે. સાચે સાચુ કહી દે નહીતો તારો પણ આ વખતે બાર રહેવાનો નથી!

ધનસાર—ત્યારે આ કૃત્ય શીવાય તે બીજો કોણ હશે વારૂ?

રૂપસુંદરી—(ક્રોધાવેશે) ગાયન.

ક્ષલિકલંક—એ રાહ.

છે શરમ શરમ શતવાર, ધનસાર ધિક ધિક તુનેરે. એ ટેક.

તુજ પ્રપંચનો પેખ્યો સૌ પાર. ધનસાર૦
તારો પીતા જાણે પુત્ર છે સપુત્ર. ધનસાર૦
કયાંથી રાખે ઘર સુત્ર કપુત્ર. ધનસાર૦
દુષ્ટ ડાંગ દેશે નહીં કોઈ દગાખોર, ધનસાર૦
ચાવો થયો હવે તું તો મારો ચોર. ધનસાર૦
કપટી લજવી તેં જનેતાની કુખ. ધનસાર૦
મુને શું દેખાડે હવે તારૂં મુખ. ધનસાર૦
દીઠા દાતારના દીકરા આ શેઠ. ધનસાર૦
વડા બની કીધી વડાઈની વેઠ. ધનસાર૦

ધનસાર— (રાહ ઉપરની.)

શાને કુમારીકા કરોછો કલ્પાંત, સાતકોડીનો સોચ કરીરે.
સુખડી આરોગી હવે થાઓ શાંત. સાત૦
વાટે જતા મોટી માંડો વઢવાડ. સાત૦
લગીરે ગમે ન લલના એ લાડ. સાત૦
હતી એમાં તે શી વાતની વિશાત. સાત૦
ભૂંડી ગાળો ભાંડી ભણી ભુંડી ભાત. સાત૦
શું કરતાતા કોડીઓ રાખી સાત. સાત૦
તેતો વદો મુજ આગળ એ વાત. સાત૦

રૂપ— **રાગ સદર.**

સમ કોડીએ રાખત રૂડું રાજ. ધનસાર ધિક ધિક તુનેરે
કરી ચોરીને બગાડયું મારૂં કાજ. ધન૦

પિતા હોત ન જો તુજ પરધાન. ધન૦
તોતો ભુલાવત સૌ તારૂં ભાન. ધન૦

રૂપસુંદરી—અરે પણ દુષ્ટ ગાથાના ફરેલ? તારા જેવો બીજો કોણ નિચ પુરૂષ કે ગાંઠથી દ્રવ્ય ચોરી લીધું! તું પણ યાદ રાખજે હો! જોઈ લે તું તારી વાત. હવે મને બાપુને મળવા દે પછી તારી ગરમી ઉતારવાને મને જરા પણ ઢીલ નથી! (બાપુનું નામ સાંભળી ધનસાર જરા ગભરાય છે પણ હીંમત રાખીને)

ધનસાર—તો કુમારીકા! તમે તમારી કોડીઓ પાછી લેશો બીજી બીજું શું કરવાના હતાં હો તેમ હોય તો તમેજ તમારૂંજ ભરો અને એકમાંથી સાતસાત પાદશાહીનો યોગ પુરો પાડજો! અમે પણ જોઈશું તો ખરા? (રીસાઇને જાય છે ને પડદો પડે છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—રાજ્ય સભા.

રિપુમર્દન રાજા, ધનદત્ત પ્રધાન, સેનાપતિ, છડીદાર, પંડિતજી, ધનસાર રૂપસુંદરી વિદુષક, કંચનીઓ વિદ્યાર્થીઓ વિગેરે

રિપુ—કેમ પ્રધાનજી! આજ કાલ વિદ્યાશાળા તરફના કાંઈ પણ સમાચાર જણાતા નથી.

ધન—મહારાજ! પંડીતજીની વૃદ્ધાવસ્થા થવાથી હવે તો મહારાજાથી બરોબર મહેનત થઈ શકતી નથી પરંતુ પોતે આજ સુધી તો વિદ્યાર્થીઓને ઘણોજ લાભ આપ્યો છે અને હવે તો વધાવનને લાયક પોતે થયા છે પછી નૃપવર્યની ઇચ્છા.)

રિપુ—ભલે તારે આજે પંડીતજીને અને આપણી પુત્રીને તથા તમારા ધનસારને તેમજ બીજા વિદ્યાર્થીઓને અત્રે બોલાવો જેથી શીષ્યોની સાધારણ પરિક્ષા લઇ મહારાજાને વરષાસન કરી આપી, તેમાંના હરકોઇ હુંશીઆર વિદ્યાર્થીને તે શાળાની ભલામણ કરીએ.

વિદુષક—મહારાજ! મારે મારા કરતાં બીજો કયો શૂરવીર તે વિદ્યાદેવીની સાથે યુદ્ધમાં પ્રસાર થાય તેવો શોધવાના છો?

રિપુ—મૂર્ખા તું શું વિદ્વાન છે? તે કહે.

વિદુષક—મહારાજ! સાંભળો મારે મહારી વિદ્વતા!!!

હું એ કાંઇ કાચો નથી હો ! હુંનાળામાં ઢોરાં ચારવા વાત્ર ગા-રવા વનચરોને ઠારવા વિદ્યાદેવીને ધારવા કારેલાંનો કારવા નદીના ખા-રવા ઘીના ધાડવા ધીરેધીરે સંભાળવાને શણો થયો હતો તેહો સઘળું શીખ્યોછું જુવો સાંભળો.

શાર્દુલવિક્રીડિત છંદ.

આત્માનં સુખદાસનં વિધિકૃતં, વૈધવ્ય વામા ગયા;
વંહુ શ્રી ફરફેર યેર ઈટઈઝ, યસનો હવે તો થયા;
હાં ગેલો ઈકડે મણૂન મણતાં, વાહ્ુ તુઝી પાટલી;
ઐસાહે સુરનાદ વાદ વદવા, ભાશા ભણ્યો આટલી,
તુને બી શીરપે ધરી ઢળકતી, બેટા બની કયા કરે;
સોનોરે યહ ઠાકુરે અડે કડે, ખંન્તો અચો ફૂડમેં;
હાલ્યો જા હગણાં ભલા ભભકથી, ભોડું ભલું વાઢવા;
હંભાણું નવ કોલહાદિ તુઠસી, થંભાણુ કોલા હવા;

(નૃપાદિ સર્વે હસીને) વાહ ! વાહ ! વિદુષકજી વાહ ! તમે તો ઘણી ભાષાના ભેદ ભણ્યા હો એમ જણાય છે ને શું?

વિદુ—મહારાજ ! મારે આપની શાળાનું કામ કરવું તેને માટેજ આટલી ભાષા ભણવી પડી છે! જો હવે આપને પ્રસન્ન પ-ડે તો મને પંડીતજીની પદ્દી આપો.

છડી—(આવી) મહારાજાને ઘણી ખંમા, બહાર કંચનીઓ આવી છે, આજ્ઞા હોય તો અંદર પ્રવેશ કરાવું.

રીપુ—પ્રતીહાર જા તેમને પ્રવેશ કરાવ.

(છડીદાર કંચનીઓને પ્રવેશ કરાવે છે.)

કંચની—(પ્રવેશી રાજાને) અક્ષાનિધાન અમો આપને વંદન કરીએ છીએ, આજ્ઞા હોય તો નાચ આરંભ કરી સંગીત કળા શ-રૂ કરીએ.—

રીપુ—કંચનીઓ ઘણી ખુશીથી શરૂ કરો.

કંચ—સાડેતીન પેસે શેર દુધી ના બેચુંગી.—એ રાહ.

ભયો આજ રીપુરાજ, આનંદ ઉર ભારીરે;
આનંદ ઊર ભારીરે હું તો જાઉં વારીરે. ભયો૦
પ્રજાપાળ ભૂપાળ ભાવતાં, કરો સહુના કાજ;
રામ સરીખું રૂડું ચાલે, આ નગરીનું રાજ. ભયો૦

નથી થતાં અન્યાય શહેરમાં, સ્વહસ્થે શિરતાજ;
સહુને સમ દ્રષ્ટિથી દેખો, જુગ જીવો મહારાજ. ભગો૦
મનો કામના પુરણ પુરે, પ્રેમે દીન દયાળ;
અવિચળ અવનિમાં આ રહેજો, જયજય મંગળ માળ ભગો૦

રિપુ—અહો વારાંગના હવે બસ કરો, હું તમારી સંગિત કળાથી ઘણો સંતુષ્ટ થયોછું, પ્રધાનજી તેમને ત્રણસો તાળુમા નંબર નો શીરપાવ આપી સંતુષ્ટ કરો.

ધન—જેવી મહારાજની આજ્ઞા.

(શીરપાવ અપાવી વારાંગનાને વિદાય કરે છે, બાદ પંડિતજી પધારે છે.)

રિપુ—પધારો પધારો પંડિતજી પધારો.

પંડીત—આયુષ્માન્ મહારાજા તારો જય થાઓ જય થાઓ!

વિદુ—મહારાજ! કલ્યાણમસ્તુ કહેતા કેમ નથી?

રિપુ—કૃપાનાથ, આપની વૃદ્ધાવસ્થા વિશેની આજેજ દરબારમાં વાત ચીત થવાથી આપને હું આજથી દરવર્ષે એક શહસ્ત્ર સુવર્ણ દાન અર્પણ કરવાને બંધાઉછું.

પંડિત—જેવી નૃપ વર્યની ઈચ્છા, પણ રાજન આજે તેંમને શા-
હેતુથી આમંત્રણ આપી શ્રમીત કર્યો છે, તે કહે.

રિપુ—મહારાજ! મારે રાજપુત્રીની તેમજ પ્રધાન પુત્રાદિ બીજા શિષ્ય વર્ગની સાધારણ હુંશિયારી જોવી છે. (એટલામાં સર્વે વિદ્યાર્થી વર્ગ આવી પહોંચે છે.)

પંડીત—અહો દિક્ષિત શિષ્યો પોતપોતાને શીખવેલો પાઠ અને તેને લગતું સંજ્ઞીક સાહિસ શ્રીમન્ મહારાજા પુછાવે તેમ લક્ષ રાખીને વિવેચન કરી આપવામાં ચુકશો નહીં.

સર્વેશિષ્યો—જેવી ગુરૂજીની આજ્ઞા પણ કૃપાનાથ પૃથક્ પૃથક્ પ્રશ્નો થાય તો ઘણું સારું.

રિપુ—ભલે વત્સો તેમજ થશે. મહારાજ પ્રથમ તો રૂપસુંદરીનું અને ધનસારનું શું જ્ઞાન છે તે જાણવાની ઈચ્છા છે.

પંડીત—અહો રાજન્! આ રાજપુત્રીને તેમજ ધનસારને પણ સર્વે શાસ્ત્રોનું મૂલ વૈયાકર્ણ, ન્યાય, વેદાંત, મિમાંસા, જ્યોતિશ અને વૈદક વિગેરે સાહીત્ય કાવ્યોમાં રસાલંકાર અર્થાલંકાર નાયકા-

બેદ ઇત્યાદી સર્વ શાસ્ત્રોનાં પારગામી કરી દીધાં છે. રાજન્ આપની ઈચ્છા હોય તે શાસ્ત્રોમાં પ્રશ્નાવલંબી થાઓ.

રિપુ—(કુંવરીને) **વસંત તિલકા.**

પૂત્રિ પ્રબોધ તુજને, ગુરૂએ કર્યો છે,
આત્મા હવે જનકનો, નજરે ઠર્યોછે;
સંગીત પ્રશ્ન ધનસાર પુછે તને જે,
તું ધન્ય સાર શ્રવણને, સુખદે મનેજે.

રૂપ—(ધનસારને) **ગીતી છંદ.**

પ્રગટ જગતમાં જીવન, તે કરતાં પણ અધિક વાલું સર્વને;
શ્વેત મૃત્તીકા માંહી, અસીત રત્નો રજ્યે મળે ન ગર્વને.

ધન—વદન સદનમાં નેત્રો, શ્વેત ક્ષિતિજ છે નેત્ર રત્ન ભારે;
જગત્ નિયંતા અર્પે, રજ્યેમળે નહીં સદૈવ અસારે.

રિપુ—સાબાશ સાબાશ પંડીતજી સાબાશ! ધનસાર! હવે તમે રાજપુત્રીને પુછો તેની વિદ્વતા કેવી છે તે પણ દર્શાશે.

ધન— **દોહરો.**

સાક્ષર નહીં પંડીતપણે, રણે ઘણે પડનાર;
તે નરને કહો કાગની, ઉપમા સી નડનાર.

રૂપ—મુરખ ઉપમા માનવી, તે અંતે નડનાર;
અજ્ઞાને નહીં આચરે, કો સુધડકો નાર;

રિપુ—(ખુબ ખુશી થઇને) અહો પ્રધાના આ સમય આ બંને બાળકોની વિદ્વતા જોઈને હું ઘણો પ્રસન્ન થયો છું જેથી પંડીતજીને આજે એક લક્ષ સુવર્ણ દાન આપો.

ધન—આપની જેવી મરજી મહારાજ (તેમ કરે છે અને શીષ્યો સાથે પંડીત પધારે છે.)

છડીદાર—કચેરી બરખાસ્ત મહેરબાન સલામ (સર્વે જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—રાજાનું શયન ગૃહ.

પાત્ર—રિપુમર્દન અને રતિસુંદરી.

રતિ—પ્રાણનાથ હવે આપણી રૂપસુંદરીની વય થઈ છે તેને માટે યોગ્ય પતિ શોધી કાઢવાની મહેનત કરો તો બહુ સારૂં.

રિપુ—પ્રિયા, હું પણ તેજ વિચારમાં તલ્લીન થઈ ગયોછું મ-

ને પણ રાજ્યકાર્ય ઈત્યાદી કાંઇ ગમતું નથી કારણ કે પુત્રી વિદ્વાન અને વિચક્ષણ છે માટે તેને યોગ્ય પતી નહીં મળે તો એને સુખશાંતી થાય નહીં.

રતિ—સત્ય છે આપનું કહેવું સત્ય છે પ્રાણનાથ? જુવો દંપતીના સુખનું કારણ.

(ગીતિ.)-પ્રિતમને પ્યારીનું, મળેજ જોડું જગમાં જો સારૂં,
સ્વર્ગ સમાં સુખ સાધે, વળી વંશની વેલ વધે વારૂ;
દૂખી દંપતિઓને, સુખ કહો શી રીતે સાંપડશે;
અન્યો અન્ય વઢીને, દાડી સુખનુ સ્થાન દુ:ખે દળશે;

રિપુ—પ્રિયા ત્યારે તારા કહેવા પ્રમાણે એક મારો વિચાર છે તે જો શ્રવણ કર.

(ખુશ રહો સનમજા)—એ રાહ.

છે પવિત્ર પુત્ર પરધાન પ્રેમદા પ્યારી,
નાની વયમાં બહુ, નિપુણ નિવડયો નારી;
શિખ્યોછે તેજે શાસ્ત્ર, કળા ચાતુરી,
પુત્રી પણ પંડીત પાસ, ભણી એ પૂરી.
વળી રૂપ ગુણમાં ભરપુર, ભર્યો છે ભારે,
નવિ પેખ્યો તેની તૂલ્ય, કહુછું ત્યારે;
બહુ રાજકુંવર રઢીઆળાં, રોઝો રખડે,
જોડું નવ જોતા બંને, જણનું બગડે;
બહેતર તે કરત્તાં, બાળ આપણી આપો;
ધનસાર તણા કરમાંહ્ય, કષ્ટ સૌ કાપો.

રતિ—બરોબર પ્રાણનાથ મારૂં પણ દીલ ધનસાર ઉપરજ ખેંચાય છે. કારણ કે આપણી રૂપસુંદરીને મળતોજ છે.

રિપુ—હા પ્રિયા? કાલેજ મેં રાજસભામાં ગુરૂજી વિગરે તમામ શિષ્યોને બોલાવી તે બંનેની પરિક્ષા લીધી હતી તેથી મારા મનમાં તો ખાસ એવોજ વિચાર થઈ ગયો કે અત્યારેને અત્યારે પ્રધાનજીને સમજાવી શ્રીફળ રૂપીઓ આપી દઉં પણ તને પુછયું નહોતું તેથી ગમખાઇ ગયો.

રતિ—પ્રાણનાથ આપ જે કાંઈ કામ કરો છો તે વિચારીને જ કરો છો આપના વિચાર મારાથી બીલકુલ જુદા પડતા નથી તો પછી મને કાંઈ પુછવાનું પ્રયોજન નહોતું પરંતુ પ્રાણનાથ પ્र-

ધાનજી તે વાત માન્ય કરે તે ઘણું અસંભવિત લાગે છે,

રિપુ—અરે પ્રિયા તે વાતની તો તું જરા પણ ચિંતા ધરીશ નહીં, પ્રધાન આપણા તાબાનો માણસ છે માટે આપણે કહીશું તેંમ તેને કબુલ કરવું પડશેજ.

રતિ—પ્રાણેશ? તે વાત ખરી, પણ આપણે ક્ષત્રિ અને તે વણીક તેથી આપણી પુત્રિનો કેમ અંગિકાર કરશે.

રિપુ—પ્રિયા! નહીં કરે તો જોર જુલમથી કરશે, કયાં તેની પુત્રિ આપણા પુત્રવેરે પરણાવવિ છે, તે ના કહેશે.

રતિ—પ્રાણનાથ! જો માન્ય કરે તોતો વિહવાથી રળીઆમણું બીજુ શું?

રિપુ—અરે તું જોતો ખરી પ્રાઃતકાળે પ્રધાનજીને અત્રે બોલાવી બરોબર ચોસલું બેસાડી દઉછું.

રતિ—ત્યારે પ્રાણનાથ પ્રભાતમાં તે કામ કરવા ચુકશો નહીં?

રિપુ—બહુ સારૂં પ્રિયા, પણ હવે રાત્રી બહુ ગઇ છે? માટે મને આરામ લેવા દેતો ઠીક.

રતિ—પહોડો પ્રાણનાથ હું આપની પગચંપી કરૂં.

(બંને સુઈ જાય છે ને પડદો પડે છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—પ્રધાનનું શયન ગૃહ.

પાત્રો—ધનદત્ત અને તેની સ્ત્રી ધનવતી.

ધનદત્ત—પ્રિયા! હવે આપણો ધનસાર ઉમર લાયક થયો પણ કાંઇ ચોસલું બેસે તેવો યોગ્ય નથી?

ધનવતી—પ્રાણનાથ હું એ તમામ વિચાર કરી ચુકી પણ તેના લાયક કન્યા મારી ધ્યાનમાં આવતી નથી.

ધનદત્ત—હોય ભાગ્ય દશા બડી વિચિત્રછે, પ્રિયા આપણું ધાર્યું કાંઇ પણ થવાનું નથી જો સાંભળ.

(તેરી માંનીદ આલમમે પરી હોવે તો મેજાનું) એ રાહ.

સુણો શિખ સુંદરી સારી; ધરો તે ધ્યાનમાં ધારી.

લખ્યા જે લેખ લખવાના, વિધિના તે ન ટળવાના;

દશા મહા ભાગ્યની મોટી, ખરે નહીં તે પડે ખોટી,
કરમને નહીં શરમ ધારો, નકી એ વાત વિચારો.
હશે ફળ ભાગ્યનુ ફળશે, કુંવર સમ કામની મળશે;
માટે શો સોચ અત્યારે, કહું હું કેટલી વારે,

ધનવતી—તે ખરૂં પણ પ્રાણનાથ મનુષ્યની મેહનતતો કરવીજને.

ધનદત્ત—પ્રિયા આપણી મહેનત શા કામની એતો એના ભાગ્ય યોગેજ આવિ મળશે.—

ધનવતી—પ્રાણનાથ ભાગ્ય યોગતો ખરોજ પણ આપણે કોઇને પુછીએ નહીં કહીએ નહીં તો બીચારૂં ભાગ્ય તે શું કરે.

ધનદત્ત—અરે પ્રિયા સાંભળ એ તારા વિચારો બધા દુરસ્ત નથી કારણ કે.

શ્લોક.

उद्योगीनं पुरुषसिंह मुपैति लक्ष्मी ।
दैवं ही दैव मितिका पुरुषा वदंति ॥ १ ॥
दैवं निहत्यकुरु पौरुष मात्म शकत्या ।
यत्ने कतेयदी न सिध्धति कुत्र दोषाः ॥ २ ॥

ધનવતી—ત્યારે જુવો મારા પ્રાણનાથ એ શ્લોકના ભાવાર્થ પ્રમાણે પણ ઉદ્યોગની જરૂર છે, માટે આપણે ઊદ્યોગ તો કરવોજ જોઈએના!

ધનદત્ત—અરે એતો હું તને પ્રમાણ આપતા ભૂલ્યો. જો સાંભળ.

શ્લોક.

सूर्य भर्त्तार मिच्छंती, पर्जन्यो पवनो गीरीं ।
मुशको मुशंकी प्राप्तो, कर्म रेशा बली यसी ॥ १ ॥

માટે પ્રિયા જયાં જેનો વિધિએ યોગ મેળવી રાખ્યો છે ત્યાંજ તેનું થવાનું છે?

ધનવતી--ત્યારે શું આપણે તજવીજ ના કરવી જોઇએ?

ધનદત્ત--ના, મારૂં કહેવું તેમ નથી કે તજવીજ નહીં ક-

રવી, તજવીજ તો કરવી પણ મૂળ ભવિષ્યના હાથમાં છે.

ધનવતી—ત્યારે તો તજવીજ કરોને પ્રથમના પ્રમાણે મુજબ ના થાય તો ભવિષ્ય.

ધનદત—બહુ સારૂં લ્યો ત્યારે કાલેજ ન્યાત જોશીને બોલાવી ખોળ કરાવીશું, પણ કયાં પુછપરછ કરવી?

ધનવતી—તે નાત જોશીને ખાનગી ૩૧૦૦) ની પાઘડી આપવાનું કહેશો, એટલે એનીમેળેજ જેવું જોઈએ તેવું ચોકઠું બેસારીદેશે.

ધનદત્ત—બરોબરછે. પ્રિયા! લે ત્યારે કાલેજ તેમ કરવાને તારી સંગાથે બંધાઉ છું.

ધનવતી—પ્રાણનાથ વાતચિત કરોછો પણ આજે તમારી આંખ્યો ઊંઘમાં ડેહેરાયછે, ત્યારે હવેતો સયન આરામ કરી લ્યો પછી તમે તમારે કાલે વિચાર કરીને ઠેકાણું પાડજો.

(ઉંઘે છે-પડદો પડે છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—રાજ્ય મહેલ.

પાત્રો—રાજા, પ્રધાન તથા પછીથી જોશી.

ધનદત—(આવી રાજા પ્રતે) કેમ કૃપાનાથ શેવક પ્રત્યે શિઆજ્ઞા છે.

રિપુ—અહો પ્રધાન ! આજે તમારૂં જરૂયાતનું કામ પડ્યું છે.

ધનદત—કૃપાવંત આપનો તાબેદાર હાજર છે, જે જરૂરનું કામ હોય તે ફરમાવીએ ?

રિપુ—સચિવા તમારા ઉપર મારો એક સખ્ત હુકમ છે તે માન્ય કરવોજ પડશે?

ધનદત—અન્નદાતા હેવો તે આપનો શો હુકમ છે. મારૂં સર્વસ્વ મારા પુત્ર શિવાય આપતુંજ છે, કારણ કે તે મારાથી બંધાયલો નથી ?

રિપુ—ધન્ય છે પ્રધાનજી જેની જરૂર છે તેને તમે દુર કરવા માંગો છો, નાના ? તે કદી બનનાર નથી, રાજકુમારી રૂપસુંદરી સાથે તમારા પુત્ર ધનસારના લગ્ન કરવાંજ પડશે ?

ધનદત—મહારાજા ? એ આપ શું ઉચ્ચારો છો ગરીબપરવર

આપની પુત્રી તે મારાથી લેવાય, રાંકને ઘેર રત્ન તે શોભેજ કેમ, નાના મહારાજ એતો મને માફ કરો, સ્વનાતીલા જાણે તો મારા ભીંગડા પણ ઉખાડી નાખે.

રિપુ—નહીં નહીં સચિવા મેં રત્ન પારખીનેજ રત્ન અર્પણ કર્યું છે, માટે ઝટ હા કહી દો એટલે કંકુના કરીએ, તમે ના કહેશો તોપણ કરીશ ને હા કહેશો તોપણ કરીશ ?

ધનદત્ત—મહારાજ માફ કરજો ? આપ ક્ષત્રી ને હું વણીક જેથી તે કામ મારાથી શી રીતે બને, ન્યાતવાળા જાણે તે પશ્ચાત તરતજ ન્યાત બહાર મુકે.

રિપુ—બસબસ તેની તમારે કાંઇ ચિંતા રાખવી નહીં, કયાં તમારી પુત્રી મારા પુત્ર સાથે પરણાવવી છે તે તમને સંતાપ છે, ન્યાતવાળાને હું સમજાવીશ પછી કાંઇ.

ધનદત્ત—ત્યારે જેવી મહારાજાની મરજી, આપની મરજીથી વિરૂદ્ધ થઇ કયાં રહું.

રિપુ—(હર્ષાતુર થઈને) અરે અનુચર કોઈ હાજર છે કે ?

અનુચર—(આવી) નામદાર શો હુકમ છે?

રિપુ—સત્વર જઈ રાજ્યજોષીને તેડી લાવ.

અનુચર—જેવી આજ્ઞા મહારાજ.

(અનુચર જાય છે ને રાજગોરને તેડી લાવે છે.)

જોષી—(પ્રવેશ કરી) મહારાજાનો જય થાઓ, કૃપાનાથ આજે જોષીજીનો કેમ ખપ પડયો ?

રિપુ—(જોષીને)પધારો જોશીબાવા, બીરાજો આ આસન પર (આસન આપે છે), પ્રધાન પુત્ર ધનસાર સાથે, આપણી રૂપસુંદરીનું વેહવીશાળ કરવું છે, માટે આપને યાદ કર્યાં છે. હવે જુઓ તો, તેમના મળતા વશેક કેવાં આવે છે?

જોષી—(ટીપણું લઈ આમ તેમ ફેરવી) અત્યાનંદનો દીવસ, લ્યો મહારાજ બંનેને ચંદ્રમાતો બરોબર પહોંચતો આવે છે. જરા વરના જન્મકાળે સૂર્ય બળીષ્ટ પડયો છે, તેથી શેઠનો મીજાજ તઉ રાખે, તેની તો કાંઇ ચિંતા નહીં.

રિપુ—જોષી મહારાજ, બીજી તો કાંઇ અડચણ નથી ના?

જોષી—પ્રભુ પ્રભુ કરો મહારાજ, બીજી તે અડચણ હોય, બ-

વિષ્યમાં લખ્યું હોય તે બને, બાકી ગળતા વશેક તો બરાબર આવે છે, વિવાહ કરવામાં કાંઈ અડચણ નથી.

રિપુ—લ્યો ત્યારે મહારાજા! આ શ્રીફળ ને રૂપૈઓ પ્રધાનજીને આપી સંકલ્પ કરાવો.

જોષી—(તેમ કરી) કલ્યાણ થાઓ ને જોડું જીવતું રહો.

ધન—ગોર મહારાજ લ્યો આ દક્ષિણા.

(આપે છે.)

જોષી—(લઈને) કલ્યાણ થાઓ ને બાપાની વેલ વધો.

રિપુ—મહારાજ આજે તો લ્યો આ મહોરોને લગ્ન નિરધારો, પાણીગ્રહણ થયા પછી ગામ આપી ખુશી કરીશું.

જોષી—અન્નદાતા આપનો તો આશ્રયજ છે ના, (ટીપણું કાઢી) લ્યો મહારાજા! આ વસંત પંચમીનું લગ્નનું મહુરત અતિ ઉત્તમ આવે છે.

રિપુ—મહુરત તો ઘણું ઉત્તમ છે, જે વસંતપંચમી કહે છે તેજ ખરૂં ને મહારાજ?

જોષી—હા મહારાજ તેજ.

રિપુ—(ધનદત્તને) ત્યારે પ્રધાનજી તમો સત્વર જઈ લગ્નનો સામાન તૈયાર કરાવી સાકર વહેંચાવો, હું પણ રાણીવાસમાં જઈ, સર્વે સામગ્રી તૈયાર કરાવું છું.

ધન—ભલે મહારાજ જેવી આપની ઈચ્છા, હવે હું રજા લઉછું.

જોષી—મહારાજ હું પણ રજા લઉંછું, બંને વહેવાઇ કુશળ રહો;

રિપુ—હા મહારાજ, તમે પણ પધારો; (બંને જાય છે, બાદ રાજા રાણીવાસમાં પધારે છે).

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—પ્રધાનની હવેલી.

પાત્ર—ધનદત્ત, ધનવતી, ધનસાર મોદકાનંદ, પછીથી સુમિત્ર તથા શાંતિદાસ, ધનસારના મિત્રો.

ધનવતી—(પ્રધાનને હર્ષાતુર આવતા જોઇ) પધારો પ્રાણનાથ, પધારો! આજે કાંઈ હર્ષાતુર આવતાં જણાવ છો!

ધનદ૦—હા પ્રિયા તેમજ છે, આજે રાજકુંવરી, રૂપસુંદરી સાથે ભાઇના વિવાહ કીધાં.

ધનવતી—(આશ્ચર્યતાથી) હેં હેં !!! શું કહો છો, ખરી વાત?

ધનદ૦—હા ! હા ! પ્રિયા સત્ય છે. તારા સમ, ને લગ્ન પણ આ વસંતપંચમીનું નિરધાર્યું છે.

ધનવતી—પણ પ્રાણનાથ, ન્યાતવાળા અડચણ કરશેતો ?

ધનદ૦—"મીઆબીબી રાજી તો કયા કરે મીઆ કાજી" મહારાજ, આપણા હાથમાં છેતો, ન્યાતવાળા ખાંડ ખાય છે.

ધનવતી—ત્યારે તો આજ આનંદનો દીવસ, (રસોઇઆને) અલ્યા મોદકાનંદ, આજેતો, કંસાર ઓરજે, ભાઈના વિવાહ કીધાં.

મોદકાનંદ—(કાખલી કુટતો) ભાઈના વિવાહ કર્યાં, ભાઇના વિવાહ કર્યાં, આજેતો ગર્યાં ગર્યાં મુઢાં થવાના, ખરૂબા છાબ !!! ખુબ ખાઇશ, હાશ. (પેટ પંપાળે છે).

ધનવતી—ખાજે ખાજે મારા રોયા, પેટ ફાટે એટલું ખાજે, (ધનસાર પ્રતે) કેમ ધનભાઇ, આ વાત તને પસંદ પડી કે નહીં? જોડું તો તારા બાપાજીએ બરોબર ગોતી કાઢયું છે.

ધનસાર—(શરમથી) માતુશ્રી, મારા પીતાજી જે કાર્ય કરશે તે યોગ્યજ કરશે, એમાં હું બાળકને શું પુછવુંતું? (નેપથ્યમાં ધનસાર ભાઇ ઘરમાં છો કે)

ધનસાર—કોણ હશે વારૂં ? (બંને મિત્રોને પ્રવેશ કરતાં જોઈ) પધારો, પધારો મિત્ર, કેમ કુશળ તો ખરા ?

સુ-શાંતિ—હાજી, આપના દર્શણથી વિષેશ,કેમ કાંઇ પીતાજીની સાથે, કામમાં રોકાયેલા છો?

ધનસાર—ના, ના, સહેજ; પિતાજી સાથે વાતમાં બેઠો હતો. પધારો મેડી ઉપર હુંતો આ આવ્યો. (બંને મિત્રો મેડી ઉપર જાયછે)

ધનવતી—(ધનસારને) ભાઈ તું પણ જા, હવે તારા મિત્રો ઉપર ખોટી થતાં હશે. હું પણ હવે લગ્નની સામગ્રી તૈયાર કરી બૈરાઓને તેડાં કરી આવું (ધનદત્ત પ્રતે) કયાં સાંભળો છો? તમે પણ માણસો મોકલી સગાવા'લાને ત્યાં તેડાં કરાવી, ન્યાતમાં નોતરાં ફેરવો, લગ્નતો ઢુંકડું આવ્યું.

ધનદ૦—લ્યોને હુંતો આ ચાલ્યો તમે તમારૂં પરવારી લેજો. (એમ કહી બંને કામે વળગે છે, ને ધનસાર મેડી ઉપર જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—ધનસારની મેડી.

પાત્ર—ધનસાર, સુમિત્ર તથા શાંતિદાસ.

સુમિત્ર—(ધનસાર પ્રતે) કેમ ભાઇ મિજાજ તો ખુશ ?

શાંતિદાસ—હવે તે મિજાજ ખુશ કેમ ન હોય? રાજ્ય કન્યા પરણુવી છે ના ?

ધનસાર—ભાઇ તમેતો જ્યારે ત્યારે મજાકજ કર્યા કરો છો ?

શાંતિદાસ—મજાક ના કરીએ તો શું રડીએ! મારા ભાઈ આજતો આનંદનો દીવસ છે, માટે શા સારૂ બેશી રહીએ!

ધનસાર—વારૂં ભાઇ વારૂં, તમારાથી બને તેટલી મજાક કરો ને! તેમાં હું ખુશી છું પછી કાંઇ ?

સુમિત્ર—શાંતિદાસ ભાઇને ભાભીનો ખરેખરાં મળ્યાં છે, રૂપ, ગુણુ, યોવન, ને શિલ, એ ચારેમાં પરિપૂર્ણુ છે, વળી પૃથ્વિપતિના જમાત્ર થયાં પછી બાકી શું, ભાઈના સુખની સીમાતો રહીજ નથી ! ! !

શાંતિદાસ—ભાઇ એ બધો પુણ્યનો પ્રભાવ છે, જુઓને આપણા પુણ્ય પ્રમાણે આપણો પરિવાર કેવો મળ્યો છે!

સુમિત્ર—હા ભાઈ હા! મોટાંના ભાગ્ય તે મોટાંજ હોય, તે વગર આવાં ઉત્તમ લક્ષણુયુક્ત સ્ત્રી કયાંથી પ્રાપ્ત થાય! ને વળી રાજકુંવરી મળવી તેતો મહા દુર્લભ :—

શાંતિદાસ—એવાં તે કુંવરીમાં શા ઉત્તમ લક્ષણુ છે, તે આપ વખાણુ કરો છો?

સુમિત્ર—શાંતિદાસ, શાસ્ત્રને વિષે જે ઉત્તમ પુરૂષના લક્ષણુ કહ્યાં છે, તેવાંજ આપણા પ્રિય મિત્રમાં છે, અને તેનાજ પ્રમાણુમાં તેમની સ્ત્રીના છે, તેથી હું ઘણો આનંદ માનુ છું.

શાંતિદાસ—મિત્ર, સ્ત્રીઓ તે કેટલા પ્રકારની હોય છે ?

સુમિત્ર—ભાઇ સ્ત્રીઓ ચાર પ્રકારની હોય છે. પ્રથમ પદ્મનિ, બીજી હસ્તની, ત્રીજી ચિત્રણી, અને ચોથી શંખણી, એ પ્રકારે સ્ત્રીના ચાર વર્ગ હોય છે. માટે વિદ્વાન પુરૂષે સ્ત્રીની પરિક્ષા કર્યા વગર પાણીગ્રહણુ કરવું નહીં.

શાંતિ—ત્યારે મહેરબાની કરી તે જરા સમજાવોતો ખરાં?

સુમિ—જુઓ ત્યારે એક ચિત્તે શ્રવણુ કરો, પ્રથમ પદ્મનિ

એકસો આઠ આંગળ ઉંચી ને સત્તાવિસ આંગળ પહોળી હોય છે, અતિ જાડી તેમ પાતળી નહીં, સમધાટે, વર્ણ ચંપાના પુષ્પ જેવો, મુખની સૌંદર્યતા શશી જેવી, અંગની સુગંધ કસ્તુરી જેવી, હસ્તમુખી, શરિર મૃગના જેવું, નખ નેત્ર માથાના રોમ ઝીણા, દાંત માછલીના સરખા ઝીણા, અધરોષ્ટ પતિલ રક્તપ્રવાલ સરખા, ભ્રમર ધનુષ્યાકારમય, લલાટ પાંચ આંગળ લાંબુ, નાસિકા શુકચંચ જેવા, સ્વર કોકિલ જેવો, હંસચાલની, પાદતલ રક્ત, ચક્ર સાથીઆની રેખાયુક્ત, હસ્તરેખા કમલ ધ્વજા, છત્રમય હોય, નખરાતા, પગનો અંગુઠો ઊંચો માંસવાળો, અંગુળીઓ અંગુઠાથી ઊતરતી, પાની વાટલી રાતી, ઘુંટણ નાના વાટકા સરખાં, રોમ રહિત પિંડી જાડી, ઢીંચણ વાટલા, હસ્તટુંકા, રોમ રહિત જંઘા વાટલી કમળ સરખી, હૃદય હસ્થીગય, મુખકમળ રાતું, મુખની ફાડ ત્રણ આંગળની, હૃદય માંસવાળું કઠિણ, રોમ નિલવર્ણા, પેટ પાતળું, નાભી ઊંડી, કુલા મોટાં, ઉરવાટલું, પાસાં માંસવાળાં, સ્તન કઠિણ, ચિંટડી ટુંકી, મૃદુનિલવર્ણ, હૃદયને ત્રણ આંગળ રોમ નહીં,—કંઠે ત્રણ લીટી, ગળુ ખભો હાથ પહોંચા માંસવાળા, કમળ નયની, આંગળીઓ પાતળી મગનીશિંગ જેવી, હસ્તતલ સુંહાલા રક્ત પદ્મ ચક્ર ધનુષ્ય ગયરેખા યુક્ત, તે સૌભાગ્યવંતી પુત્રને પામે, અલ્પનિંદ્રા હાર, રૂડી વસ્તુ ભક્ષણ કરે, પતિવ્રતા ધર્મ પાળે, સોળે શણગાર સજે, બત્રીસ લક્ષણી, જેટલી હુંશે તેટલીજ જાગે, સુદ્રષ્ટી, અમૃત શ્રવણી, અતિ ભોગની ઈચ્છા નહીં, શરીરનો પશીનો ચંદનમય સુગંધી યુક્ત, અને શીરપર મધુકર ગુંજારવ કરે; આટલા લક્ષણે પરીપૂર્ણ હોય તો પદ્મનિ સ્ત્રી જાણવી નહીં તો નહીં.

શાંતિ—ત્યારે બાઈ હસ્તનીનાં લક્ષણ કેવાં હશે.

સુમિ—જુઓ તે પણ સાંભળો? બીજી હસ્તની, એકસો દશ આંગળ ઊંચી ને ત્રીસ આંગુળ પહોળી હોય છે, વેણ રૂડાં, ચાલ ગજરાજ જેવી, મુખ ચડાવી ફરે, મુખની ફાડ પહોળી, ચડા ગોલીવા, દંત સ્વેત, ઊરૂ અંગ સ્થુલ, હસ્તપાદની આંગળીઓ ટુંકી જાડી, વઢવાડ કરે, હૈયામાં ભરાઈ રહે, સ્તન મોટાં, -હૃદય મોટું, અંગશ્યામ, મુખ કમળ લીલી દ્રાક્ષ સમાન, ઉપભોગની ઇચ્છા ઘણી, ખારા ખાટાં પદાર્થપર પ્રેમ અતિ, વસ્ત્ર ચિત્રામણપર ભાવ વિશેષ,

કક્ષા મોટી, એવે પ્રકારે હસ્તની સ્ત્રી જાણવી.

શાંતિ—મિત્ર આતો બહુ ઉપયોગી છે. માટે ચિત્રણીના પણ કહો?

સુમિ—સાંભળો? ત્રીજી ચિત્રણી, વિશેષ ઉંચી નીચી નહીં, જાડી પાતળી નહીં, ચીત્રણી સો આંગળ ઊંચી ને પચીસ આંગળ પહોળી હોય છે, કટી ચિત્રાનઃ જેવી, ચંદ્રવદની, નેત્રકર્ણ સુધી, કર્ણ નેત્ર લાંબા, કલા રૂડી, બોલી મીઠી, દાંત દાડીમની કળી જેવાં, ભાળ ચાર આંગળ પ્રમાણ, લમણું બે આંગળનું, અધર લાંબો, સ્તન મોટાં ને કઠિણ, હૃદય પોહળું, પેટ લાંબું, ગાયના ચરા ઉપર ભાવ વિશેષ, સમ દ્રષ્ટિએ જુવે, રક્ત વસ્ત્રપર પ્રેમ રાખે, અતિ ભોગની ઈચ્છા કરે, અંગ પશીનો ચંદન તુલ્ય, ચાલ પદ્મનિ તુલ્ય, પાદતલ ચક્ર સાથીઆની રેખા યુક્ત, બાકીનો શેષ પ્રકાર પદ્મની પ્રમાણેજ જાણવો.

શાંતિ—ત્યારે તો હવે શંખણીના પણ લક્ષણ કહો?

સુમિ—જુઓ તારે તે પણ સાંભળો? ચોથી શંખણી, શેષ ઊંચી, હાથ પગની નળી લાંબી ને પાતળી, મુખ ત્રિખુણીઉં, ભાળ ટુંકું, આંખ ચીપડી, પેટ મોટું, સ્તન લાંબા, પેડું સુકલ, મોડે લાલ પડે, મુખે રોમ, અધર બેઠા જાડા ને કાળા, દાંત મોટાં ને પીળાં, ગાલ ટુંકા, કોટ બેઠી, પગ છાપરા, નખ સુપડાં સરખાં, કટિની દાંડી સુકલ, પેટમાં પાંસળા ઘણાં, અગની દુર્ગંધતા કોહ્યાધાન્ય સરખી, સાદ ઘોઘરો, મુખગંધ કડવી, સર્વ સાથે વઢે, ભરથાર શું વઢે, અશુચિ રહે, નાહે નહીં. મેલા અને શામ વસ્ત્રપર અતિ પ્રેમ. ક્રોધ આવે તો વઢે, દિલ ભુંડું ને ભૂખરૂં, ચાંદલો શ્વેત, શરિર શ્યામ, અહોનિશ ભોગની ઇચ્છા કરે, ભુંડા પુરૂષથી સંગ કરે, આરૂપરૂં જુવે, ધુળ ઘણી ઉરાડે, લક્ષ ભોગે, આહારે ને નિંદ્રાએ તૃપ્ત નહીં. એવાં લક્ષણે શંખણી સ્ત્રી જાણવી.

શાંતિ—ત્યારે પ્રિયભાઈ, ઊત્તમ પુરૂષે કઈ સ્ત્રીનો અંગીકાર કરવો નહીં.

સુમિ—ભાઈ તેના પણ બહુ પ્રકાર છે, જુઓ શ્રવણ કરો?

(ઓખા હરણની રાહ.)

ઉર હોઠ પયોધરે પેખો, રોમ બહુલી નારી નવ વેહો;

વિધવાપણું શીઘ્રને પામે, ઠરી બેસે નહીં કોઇ ઠામે.
પગઝંઘા વળી જાડી જેની, વિધવા દુઃખણી દશા તેની;
જેહને પુઠે હોય આવર્ત, તે મારે નિજ નાથને તર્ત.
નાભી તણા આવર્ત વિચાર, ગાને દેવ સમો ભરથાર;
કટી આવર્ત હોય જે રામા, નવિ માને તે કંથને કામા.
લંબ ભાળ ઊદર ભગ જાસ, સસરો કંથ દીયર વિનાશ;
લંબ હોઠ જીભે કાળો છરો, પિતનેત્રોને સુર ઘોઘરો.
અતિ ગૌર અને શામસ્યામા, નિશ્ચે વરજીત તેવિછે વામા;
હસ્તા હસ્તા ગાલે ખાડા પડે, તે રામા રંગે પરનર ચઢે.
ચાલંતા ભૂમિ કંપે અપાર, કામણુ ઊચાટણુ કરનાર;
પગની વચલી જે આંગળી, ટુંકી જમીનથી જે ના મળી.
તે દુર્ભાગ્યણી જરૂર જાણો, નહીં એવી વનિતા વખાણો;
અનાગિકા જે પગની આંગળી, જાય કનિષ્ટા પાસે તે મળી.
વળી ટુંકીને ઉન્નત રહેછે, કંથ હણીને બીજો કરે છે;
અંગુઠા પાસે આંગળી અડી, વળી ટુંકી કે ઉંચી ચઢી.
અંગુલીનો છે એહ વિચાર, નવિ માને નારી ભરથાર;
અતિ ઉંચી નિચી અતિ જાડી, પાતળીને દીઓ વળી છાંડી.
અતિરોગી અને વક્રસાર, તે નારી તજી એ ઘરબાર;
કાગઝંઘા નારી મત રાખ, સ્વર ઘોઘરને પીળી આંખ.
પરણી ઘરલાવે ઊચ્છાહીં, પતિ મારે ગાસ દસ માંહી;
નાક વાંકડુ અંગ અઘોર, રોગ રાયનું છે બહુ જોર.
ઊભી જુવો જેવીછે ત્રાજુડી, એવી વામા છે વેરણ ભુંડી;
પિતવદનને ભુતડુ અંગ, પગ છાપરને મુખ તંગ.
નૃપ આવાસ જો કદી જાય, જાણો દુખણી દાસી તે થાય;
લંબદાંતે કદી મળી લાડી, કાગસ્વર ઊંછાછળી ગાંડી.
હાથ પગેછે ટુંટી પાંગળી, મુખ મુંછોતે રાંડતી વેલી
થોયર પાયને થોબડી જાણો, બાંગડ બોલી બોબડી ન આણો.
બાડીકાંણી અધરે છે પહોળી, નાક બેઠીને મુકજો ઠેલી;
હડહડ હસ્તીને ભુંડણુ ભસ્તી, દુરગંધ પશીનાથી તરતી.
એવી રામાઓથી દૂર રહેજે, ભાઈબંધ સગા સૌને કહેજો.
ધન—વાહ? સુમિત્ર ભાઈ વાહ ! ધન્ય છે તમને, તમે પ-

ણુ સારી વિધ્યા સંપાદન કરી જણાય છે.

સુમિ—સાહેબ એ બધી આપની સહાયતાથીજ.

શાંતિ—ધનસારભાઈ હું તો સાંભળીનેજ દંગ થઇ ગયો છું, કે સ્ત્રીઓમાં પણ આવા આવા પ્રકાર હોય છે, ત્યારે પુરૂષોમાં પણ હશેશસ્તો ?

ધન—બેશક શામાટે નહીં, તેના પ્રકાર પણ જુદાજ હોય છે?

સુમિ—સાહેબ અવેરિ ઘણી થઈ માટે હવે રજા લઈશું, આપને તસ્દી આપી, માટે માફ કરજો.

ધન—અરે એમાં તસ્દીશી, આપ મિત્રો આવો છો તો બે ઘડી મનને આનંદ થાય છે.

શાંતિ—સાહેબ આ સાંભળતાં આપને કંટાળો તો આવ્યો હશે, પણ મને તો વા'લું હેમ જેવું લાગે છે, પુરૂષો તેમ સ્ત્રીઓ એકમેકના લક્ષણુથી જાણીતાં થઇ પાણી ગ્રહણકરે તો દંપતીઓ સુખીતો થાય તેમાં શક નહીં.

ધન—અલબત થાયજ તેમાં નવાઈ શું ?

બન્ને—ત્યો ભાઈ હવે રજા છે?

ધન—હા ભાઇ પધારો વિલંબ ઘણી થઈ છે, એટલે રોકી શકવા લાચાર છું પણ કહો ક્યારે આવશો.

બન્ને—કાલ જરૂર આવીશું.

ધન—ભાઇઓ જરૂર પધારવા તસ્દી લેજો.

બન્ને—વારૂ, મિત્ર વારૂ, જરૂર આવીશું.

(બંને જાય છે ને પડદો પડે છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—રૂપસુંદરીનું આનંદ ગૃહ.

પાત્ર—રૂપસુંદરી-રતિસુંદરી-તથા પછીથી સૌભાગ્યવતી રૂપ સુંદરીની સખી.

રૂપ—(રતિસુંદરીને આવતી જોઈ ઉભી થઈને) પધારો માતુશ્રી પધારો! બીરાજો આ આસનપર, આજે કાંઇ પ્રિય પુત્રી ઉપર કૃપા દૃષ્ટિ કરી દર્શન દીધાં—

રતિ—બહેન જાણે છે ના? તારા ઉપર મારો પ્રિતીભાવ કેવો

છે? આજે વળી તને એક ખુશ ખબર કેહેવા આવી છું.

રૂપ—કૃપા કરી સત્વર નિવેદન કરશો તો આપના વચનામૃત શ્રવણ કરવા આપની પુત્રી તૈયાર છે.

રતિ—બહેન? પ્રધાન પુત્ર ધનસાર સાથે તારા વીવાહ કીધાં અને લગ્ન પણ આ વસંત પંચમીનું નીરધાર્યું છે. કેમ ઠીક કીધું ના?

રૂપ—માતુશ્રી એમાં મને શું પુછોછો મારા પીતાજી અને આપ જે કરશો તે યોગ્યજ કરશો.

રતિ—(સીડીપર ધબકારો થતો સાંભળી,) અરે દાશી કોણ આવે છે જોતો વારૂં!

દાશી—(જોઈ આવી) બાઈ સાહેબ. એતો સૌભાગ્યવતી આવે છે.

રતિ—લે બહેના! તારી સખી આવી હવે હું તો જાઉ છું, તું તારા વસ્ત્રાદી આભુષણોની સાગગ્રી સુતેળાથી સજી રાખજે.

(જવા માંડે છે.)

સૌભા—(રતિ સુંદરી પ્રતે) કાકી હું આવી એટલે આપ કેમ ઉઠયાં?

રતિ—બહેન લગ્ન ટુંકડું આવ્યું એટલે પરવારવું જોઈએ ને, આતો સહેજ રૂપસુંદરીને ખબર દેવા આવી હતી. કેમ કહેવું જોઇએ ના ?

સૌભા—હાસ્તો બેશક શામાટે નહીં?

રતિ—કેમ સૌભાગ્યવતી જમાઇ ઠીક મલ્યો છે કે નહીં?

સૌભા—માતુશ્રી એમાં તે આપને શું કહેવું પડે તેમ હતું. જમાઇ તો જેવો જોઇએ તેવોજ મળી આવ્યો છે. બંને સુખી રહેને સો વરસનાં થાય એટલે ગંગા નાહ્યા.

રતિ—બેસો બહેન? બંને સખી મળી ઘડી મનને આનંદ કરો હું તો હવે રજા લઉં છું.

રૂપ-સૌ.—(ઉભા થઈ) પધારો માતુશ્રી.

(જાય છે.)

રૂપ—કેમ બહેન ઘણા દીવસે આપના મુખારવિંદનો લાભ મળ્યો.

સૌભા—પ્રિય સખી? તારા બનેવીનો તાકીદ પત્ર આવવાથી ઓચીંતુ ત્યાં જવું પડયું હતું. તેથી લાચાર છું.

રૂપ—વારૂં ત્યારે આ શુભ સમાચારતો તમે આજેજ શ્રવણ કર્યો હશે.

સૌભા—હા બહેન ! ! ! આજેજ સાંભળી મારા મનને ઘણો આનંદ ઉત્પન્ન થયો છે. અને જોડું પણ જોઇએ તેવુંજ જગદીશ્વરે મેળવી આપ્યું છે.

રૂપ—બહેન ! એ સર્વે પૂણ્યનોજ પ્રભાવ જાણવો.

સૌભા—અલબત શા માટે નહીં ! આ વખતે તો પ્રભુનો પાડ માનવો જોઇએ. નહી તો આવો બત્રીશ લક્ષણો પુરૂષ હાથ કયાંથી આવે. શાસ્ત્રને અનુસરતાં સરવે લક્ષણથી તે પરી પૂર્ણ છે. એ તારા પૂણ્યનોજ પ્રભાવ સમજવો.

રૂપ—પ્યારી બહેન ! ! ! એ લક્ષણો તમને યાદ તો હશેજ?

સૌભા—શા સારૂં નહીં તે બધાં મને યાદ છે.

રૂપ—ત્યારે કૃપા કરી જરા શ્રવણ તો કરાવો.

સૌભા—અહાં ! ! ! એમાં કૃપાશાની, જુવો શ્રવણ કરો.

રાહ—(ઓખાહરણની.)

છત્ર, રકતકમળ, ધનુષ, રથ, વજ્રને, ક્રૌચ, અંકુશ;
વાપી, સ્વસ્તિક, તોરણ, ચમ્મર, સિંહ, વૃક્ષ, ચક્ર, શંખ, ધમ્મર,
દધી, કળશ, દેવળ, મિન, જવ, યુપને, શુપના, ચીન;
કમંડળ, ને દરપણ દેખો, સરોવર, પતાકાને પેખો,
મહાલક્ષ્મિને, પૂષ્પનીમાળા, મોર, મેરૂને બળહદ બાળા;
કહ્યા બત્રિસ એહ વિચાર, એ'ની શાસ્ત્ર તણે અનુસાર.

માટે પ્યારી બહેન તારો પતી પણ બત્રિસ લક્ષણ યુકત છે; તેથી હું તને ધન્ય માનું છું.

રૂપ—સખી તારૂં વચન પ્રમાણ હો, પરંતુ પ્રારબ્ધ યોગેજ સર્વ પ્રાણીઓ ફળની પ્રાપ્તિ પામે છે.

સૌભા—નિઃસંશય, એમા શકશો !

રૂપ—પરંતુ બહેન કુળાભિમાનીઓ પૈશાના લોભી દુષ્ટ માત પિતાઓ, પોતાની કુમળી વયની દીકરીઓને તપાસ કર્યા વિના, મરણને શરણ થયેલા, પતીરૂપી કુવામાં ઉતારી વૃત્તને છરી દે છે, અરેરે, ! તે બીચારી બાળાઓનું શું થતું હશે !

સૌભા—બહેન વળી તું ભુલે છે કાં? હમણાજ તું સ્પષ્ટ રીતે

કહે છે કે, પ્રારબ્ધ યોગેજ, સર્વ પ્રાણીઓ ફળની પ્રાપ્તિ પામે છે; તો પછી તેઓના માતા પિતા શું કરે, બહેન ? માતા પિતાતો એક દલાલરૂપ છે.

રૂપ—બહેન તે વાત ખરી પણ "દીકરી અને ગાય દોરે ત્યાં જાય."

સાૈભા—તે ખરૂં પરંતુ પૂર્વે જેવાં કૃત્ય કર્યાં હોય તેવોજ સબંધ આ ભવ મળી આવે છે.

રૂપ—હા બહેન તમારૂં કહેવું સત્ય છે, કરમ કોઈની પણ શરમ તજી ભરમ ખોલતું નથી, તેથીજ મુંગે મોંઢે મેચકાનો ગાર સર્વેને સહન કરવો પડે છે.

સાૈભા—લે બહેન !!! તેં તો કુથળી કાઢી, હવે હું તો જાઉં-છું, અવેરી ઘણી થઇ.

રૂપ—કૃપા કરી ક્યારે પધારશો ? તમો આવો છો તો, એ ઘડી મારા મનને શાંતી થાય છે.

સાૈભા—(ચેષ્ટા કરી) બહેન વર્ષાદનું વાદળ ચઢી આવ્યું છે તે પધારશે કે તમારા શરીરને શાંતી થઈ એમ સમજોને ?

રૂપ—બહેન તમને તો ગજાક આવડે છે, હજી એ રૂતુ તો ઘણી દુર છે.

સાૈભા—(ભિડકતાં) અરે દુર શાની ? આ વસંતપંચમીએ વર્ષા જાણોને ?, લ્યો હવે હુંતો રજા લઉ છું.

રૂપ—હા બહેન પધારો, પણ કહો ક્યારે આવશો ?

સાૈભા—લગ્નને દીવસે જરૂર આવીશ પછી કાંઈ.

રૂપ—જરૂર પધારજો, નહીં તો હું તમારી સાથે સંભાશણ કરનાર નથી.

સાૈભા—વારૂ બહેન વારૂ ? જરૂર આવીશ પછી કાંઇ.

(બંને ભેટી જુદા પડે છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ—લગ્ન મંડપ.

પાત્રો—રાજા,—પ્રધાન,—ગોર,—વરકન્યા,—બંનેના સબંધીઓ,—યાચકો, શેઠશાહુકારો,—પુરજનો,—બ્રાહ્મણો વિગેરે સર્વે સભાસદો.

(વર કન્યાના લગ્ન સમયમાં વરને પુંખાવી માહેરામાં બેસાર્યા પછી.)

ગોર—(હસ્ત મેળાપ કરી.)

વર કન્યા સાવધાન, વરની ગાડી સાવધાન, રાજા પ્રધાન સાવધાન, નાણું કોથળી સાવધાન, ત્રાંબાકુંડી સાવધાન, શ્રીવાસુત સાવધાન, મદન ફળ સાવધાન, રાજગોર સાવધાન, પાણીવળ પચાસનો અંતર સમય—

સર્વે બ્રાહ્મણો—સમયેવરતે સમય-(શાર્દુલ વિક્રિડિત છંદ.)

આ કન્યા વરનું અખંડ જગમાં, જોડું રહો જીવતું,
કિર્ત્તિ લ્યો કર મંડળે રગતગાં, સદૈવ દે દૈવ તું.
શોભાવે સદને સુખાસન સદા, શાંતિ સદા રાખજો,
ભૂગંડળ ભવ ભાર સાર સહિને, કિર્ત્તિ સદા સ્થાપજો.

(શુભ લગ્ન સાવધાન?(ઈત્યાદી બોલીને વર કન્યાનાં યથાવિધિ લગ્ન કરછે)

પાન્ડે—એ ગોર મહારાજ પાંડેના આઠ ટકા અપાવજો!

૧-માણસ—એ મહારાજ ભોંય ભાડું રહી ગયું છે?

ગોર—ભોંય ભાડાના કેટલા રૂપીઆ છે!

૧-માણસ—સવાપાંચ રૂપીઆને સવાત્રણ દોકડા.

પોળીઓ—એ પોળનો ટકો અપાવજો, નહીં તો દરવાજો બંધ કરીશ. (સર્વેનું દાપુ અપાવે છે.)

વિદુ—(મોટો ઘાંટો પાડી) એ રાજગોર હું તો ગદબદીઆના ઘેનમાં ઊંઘાઇ ગયો હતો, સર્વેને સાવધાન કર્યાં ને હું તો અહીંયાં રહી ગયો બાપજી, માટે મને પણ સાવધાન કરજો!

ગોર—ત્યારે સાવધાન થઈને આ બૈરાઓ ગીત ગાય છે.તે શ્રવણ કર,

વિદુ—એ બૈરાઓ! કોઈ ફટાણા બટાણાની ઝડીઓ ઉરાડશો નહીં હોકે! નહીં તો વટાણા વાવવાની વખત આવશે, અમારા મહારાજાનો સખ્ત હુકમ છે કે, જે કોઈ સ્ત્રી ફટાણા ગાય તેનો હસ્ત ગૃહીને ઊઠાડી મુકવી, માટે સવેળાથી સંભળાવી મુકુ છું?

રિપુ—વિદૂષક બસ કર? હવે બૈરાઓને બે ગીત ગાવા દે.

(વિદુષક ચુપ થાય છ, ને કન્યા તરફની સ્ત્રીઓ ગાય છે.)

સ્ત્રીઓ— (પ્રથમ ગણુપતિને લાગુ પાયરે) એ રાહ.

આજ આનંદ અપરંમ પારરે, હુઓ અમ ઘેર જય જયકારરે,
પામી રૂપસુંદરી વર રૂડોરે, ગંપકવર્ણીનો અખંડ રહેજો ચુડોરે,
વાજા વિલાયતી અતિ વાજેરે, નાદ ગગને ત્રંબાળુના ગાજેરે,
જુઓ જુઓ જમાઇ મુખ ચંદરે, પુંખી હુવો છે પરમ આનંદરે,
મહારાણીએ મોંડીઓ ધાલીરે, કન્યાદાનગાં દીકરી આલીરે,
આપ્યા ગજ રથ ઘોડા અપારરે, કન્યા ગાડીએ પીરશો કંસારરે,
પ્રેમી કીધી પેરામણી સારીરે, મહારાજાએ ધ્યાનમાં ધારીરે,
રહેજો વર કન્યા કુશળ કલ્યાણરે, પર્ણી ઊઠયાં કરો પુર જાણરે.

વર તરફની સ્ત્રીઓ—(ગીત.)

દીકરી દઇને ગળ્યાં સૌને મહારાજા, ધનસાર પર્ણાવી અમે વગડાવ્યાં વાજા
બૈરાં ઓછું ઓલોને વહેવણ આ શી વડાઈઓ—ટેક.
હાથી ઘોડા તે મારી રીતના આલ્યાં, બાકીની સૌએ છે બડાઇઓરે બૈરાં.
સમજુ થઈને વહેવણ આશું વદો છો, હવે હેતની જામમો જડાઈઓ. બૈરાં.
લક્ષમી લુટીને મારો લાલો લઈ જાશે, લાડીની મુકોને લડાઇઓરે. બૈરાં.
જાન રોકીને હવે ક્યાં સુધી રહેશો, કરો ચાલતી શીરાની કડાઈઓરે. બૈરાં.

(ઈત્યાદી ગાઈ રહ્યા પછી વર કન્યા પર્ણી ઊઠે છે. બાદ કન્યાને મુકી વરને જાનીવાસે લઈ જાય છે.)

યાચકો—(રાજા પ્રત્યે આવી) ભલે ભા ભલે, રાજવંશી ભા ભલે, જોડુ સજીવન રહો ભા ભલે,

(કવિત.)

જગત કે જીવન તું, જુગ જુગ જીતે રહો,
પ્રભુ કે પ્રતાપ એશી, આશીષ દે જાત હે.
બાપા કુળ બાવિશમું, વિસમુ પ્રતાપવાન,
તેવો તું પ્રતાપી ભલો, રિપુ મર્દન ખ્યાત હે,
પુન્ય પાજ આજ ભલી ભાત તે રચાવિ હે,
સુંદિર સુંદિર લોક, વાતમે ઊદ્યોત હે,
જગત જયોત ઘોતતે, પ્રકાશી ભલી ભાત ગાંહી,
રવિ આદી તેજ તેમ, તેજમે ખદ્યોત હે.

વાહા! બાપુ વાહા!! રાજવંશી રિપુમર્દન મહારાજાની વાહ!!!

(ભાટ ચારણો ઈત્યાદી માગણ જનોને સંતોષી, બાદ વર કન્યાને વળાવેછે.)

(પ્રથમ અંક સમાપ્ત.)

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—ધનસારનો રંગમહેલ.

પાત્ર—રૂપસુંદરી-દાશી તથા પછીથી ધનસાર.

રૂપ—અરે દાશી પ્રાણનાથ હજુ સુધી કેમ પધાર્યા નહીં હોય?

દાશી—બાઈ સાહેબ મારા ધારવા પ્રમાણે તો આપના સસરાજીના પ્રહવણ આજે આવી પહોંચ્યા છે. તે કામ સારૂં શ્રેષ્ઠિ રોકાયા હશે;

રૂપ—પ્રિય દાશી! પ્રાણનાથના વિરહના સમયમાં તો મને એક પળ પણ વર્ષ તુલ્ય થઈ પડે છે.

દાશી—પ્યારી બાઈ આપનું કહેવું સત્ય છે, સતી સ્ત્રીઓના સુલક્ષણ તો તેજ છે કે, પોતાના પતિ ઊપર અહોનિશ પ્રીતી ભાવ રાખવો, ને અન્ય પતિની ઈચ્છા કરવી નહીં; તેનું નામજ સતી સ્ત્રી.

રૂપ—દાશી તારૂં કહેવું યથાર્થ છે. શિયળ ખંડીત સ્ત્રીઓનું આ જગતને વિષે જીવિતવ્ય સર્વ વૃથા છે. અર્થાત તેઓ પોતાની જનની કુખે પા'ણ સ્વરૂપ આવી પડી હોય તેમજ સમજવું, શિયળનો પ્રભાવ કેવો છે તે જો તું શ્રવણ કર,

રૂપ— (છંદગારી તારે ઓઢણે મેવાડોરે મલીન) એ રાહ.

જે પ્રેમે પાળે શિલ તેને, ધન્ય ધન્ય છે. ટેક.
ધન્ય ધન્ય છે, દાશી ધન્ય ધન્ય છે, જે પ્રેમે૦
કોટી વેળા કષ્ટ પડે પણ, ધારે નીતી ધર્મ,
સત્યતા ચુકે નહીં, તેની સાચવે શ્રી પ્રભુ શર્મ-તેને-જે પ્રેમે.
શિયળથો સૌભાગ્યવંતી, શ્યામા રહે સદાય,
અસિકટારી અંગે અડતાં, ફુલની માળા થાય-તેને-જે પ્રેમે.
સિતા સુભદ્રા દ્રૌપતીને, દવદંતી નળ નાર,
સંકટ સાંપડે શિયળજ રાખ્યાં,ધન ધન તસ અવતાર.તેને-જે પ્રેમે.

દાશી—આહા! ધન્ય છે બાઈ શ્રી આપની ચાતુર્યતાને આપના સમાગમથી મને પણ આ સદ્બોધ અતિ ઉપયોગી થઈ પડશે;

(નેપથ્યમાં દાશી દ્વાર ઉઘાડ)

રૂપ—દાશી સત્વર જો, દ્વાર કોણ ઠોકે છે?

દાશી—જોઉં બાઈસાહેબ, (દાશી દ્વાર ઉઘાડે છે ને ધનસાર પ્રવેશ કરે છે.)

રૂપ—(ઊભી થઈ) પધારો પ્રાણનાથ આજે આવાગમનમાં આટલી બધી અવેરી કેમ?

ધન—પ્રીયા! આજે ઘણા વર્ષે આપણા શ્રેષ્ટ મુનેમ, જાવાબંદરથી અત્યંત નાણું અને કરીઆણું ભરી દ્વાદશ વહાણ સહિત આવી પહોચ્યાં છે, તેમની સાથે બેશી તેમના દેશાટણની દરીઆઈ મુંસાફરીના કતોહળ શ્રવણ કરતો હતો, તેથી અવેરી થઈ, અને તે સાંભળી હું તો ત્યાંનો ત્યાંજ સ્તબ્ધ બની ગયો, અને છેવટે મેં પણ એજ નિશ્ચય કીધો છે.

રૂપ—સ્વામિન એજ નિશ્ચય તે શું? હું આપના બોલવાનો ભાવાર્થ સમજી નહીં;

ધન—નીશ્ચય તો એજ કે મારે પણ એકવાર દરીઆઇ મુસાફરી કરવી—

રૂપ—અરે! પ્રાણેશ આપણે તે કયાં લક્ષ્મીની ખોટ છે, તેથી આ કાર્ય આરંભવા ઉચિત ધારો છો.

ધન—ના, ના, મૃગનયની લક્ષ્મી ઊપાર્જન માટે તો તું સમજીશજ ન'હીં, પરતું મા'રો વિચાર દરીઆઈ મુસાફરી કરી અન્ય દેશોની કળા ચાતુર્ય સંપાદન કરવાનો છે, તેથી તે કાર્ય સિદ્ધ કરવા ને તું મને અનુમતી આપ:—

રૂપ— (દિલ્ગી તેરી વફાદારી) એ રાહ.

નહીં તજો પ્રિયા પ્યારી, માનો વિનંતી આ મારી,
અરેહાં, રેહાં, રેહાં, રેહાં........................નહીં તજો૦
શું જાશો તમે જીવજાન, ગુણ નિધાન, હજુ નાદાન,
ધરો આ ઊરધા...............................રી નહીં તજો૦
શાને તજો શામાનો સંગ, અતિ જે ઉમંગ, કરીને ભંગ,
વદોને વિચા...............................રી નહીં તજો૦
જો જાવું તમારે જરૂર, આવું હું હજુર, નેત્રના નુર,
ભરો ન દુઃખ ભા..............................રી નહીં તજો૦

ધન— રાગ સદર.

શ્યામા સોચ કરે શાની, તારી વાત સકળ માની,
અરેહાં, રેહાં, રેહાં, રેહાં,..........................શ્યામા૦
પરદેશે પગ બંધન, સ્ત્રીનું મન, સમજુ સૌ જન,
વદેછે વા..ણી–શ્યામા૦
ત્યાં સાગરના તોફાન, ભુલાવે ભાન, રઝળવું રાન,
એમાં છે હા......................................ની–શ્યામા૦
તેથી હાલ રહો આ ઠામ, પીતાને મુકામ, હૈયે ધરી હામ,
કહ્યું મુજ મા......................................ની–શ્યામા૦

વાસ્તે મૃગાક્ષિ મા'રૂં કહ્યું માન્ય કરી હાલ હું આવું ત્યાં સુધી અહીંઆજ રહો, અને મને ખુશીથી જવા રજા આપો.

રૂપ—પ્રાણવલ્લભ! આ રસનાએ તો હું કોટયાધી કાળે પણ વિદેશે વિચરવાને હા પાડનાર નથી, મારૂં સુભ ઈચ્છો તો મને આપની સાથેજ તેડો, નહીં તો હું આતમઘાત કરી મા'રૂં આયુષ્ય પુર્ણ કરીશ, કારણ કે પતિ રહિત સતી સ્ત્રીઓનું પતિવૃત્તાપણું અખંડ રાખવું તે આ જગતને વિશે અતિ દુઃખકર છે;

રૂપ— (દીલ બશરકો ગુજર બહેલાઈએ) એ રાહ.

વા'લા વા'લીનું વા'લ વિચારીએ, પછી પ્રાણજીવન આપ પધારીએ. ટેક
કંથ વિહુણી કામનીને સહું, વદે દુષ્ટ વચન ધ્યાનમાં ધારીએ. વા૦
સજ્યા આસન ભોજનને વસ્રુ, રાજ્ય રમણી ઘર એ ન વિસારીએ. વા૦
એ સૌ સુના અધિષ્ટિત થાયછે, માનો કંથ મા'રૂં કહ્યું ભય ભારીએ. વા૦
માટે મમ્મત છાંડો મુકો નહીં, સાથ આપની આજે સ્વામી સ્વિકારીએ. વા૦
જોર કરી જાવું છે જો જાહરે, તો તો મોહ મુકીને મનુની મારીએ. વા૦

માટે પ્રાણનાથ પ્રથમથીજ મારા, પ્રાણ હરણ કરી પછી આપ પરદેશે પધારો. વળી શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

શ્લોક.

भर्त्तादेवो गुरुभर्त्ता धर्म तिर्थ व्रतानिच ।
तस्मात् सर्वं परित्यज्य पति मेकं भजेत्सति ॥

સ્ત્રીને પતિજ દેવ, ગુરૂપોપણ કરનાર, ધર્મ, તિર્થ, તથા વ્રત રૂપ છે, માટે સર્વને છોડી તેણે એક પતીનીજ શેવા કરવી.

धमार्थ काम कालेषु भार्या पुंसः सहायानि;
विदेश गमने चास्य सैव विश्वास कारिका,

સ્ત્રી ધર્મ, અર્થ તથા કામ સમયે પુરૂષને સહાય કરનારી છે, અને પરદેશ ગમન સમય તેને વિશ્વાસ કરવા લાયક પણ તેજ છે.

तथा रोगाभि भूतस्य नित्यं कृच्छ गतस्यच,
नास्तिभार्या समं किंचिन्न रस्यांतस्य भेषजम.

તેમજ રોગથી પીડાએલા તથા કષ્ટને પામેલા દુઃખી પુરૂષને નિરંતર સ્ત્રીસમાન બીજું કાઈપણ ઔષધ નથી; તેથી હે પ્રાણનાથ ! હું આપની સાથે રહી આપના સુખ દુઃખમાં ભાગ લઈ નિરંતર આપની શેવામાં રહીશ.

ધન—(શોચ શીદ કરો શીવાજી રાજ દીલજરી) એ રાહ.

કષ્ટ ક્યાં લહો વપુએ, વા'લી કામની;
સીઘ્ર આવો સાથ મારી, ભોળી ભામની.
અંગ વસ્ત્ર આભુષણો, સજો શ્યામની;
પિતાજી, માતાજી, નારાજી, પણ જાઉં, સુખી થાઉં,
રજા લાઉં, રહી છે જામની,— કષ્ટ૦

ધન— (ગીતિ.)

જરૂર માહરે જાવું, રજા માંગવા પુજ્ય પિતા પાસે,

રૂપ—આ અર્ધી રાત્રીએ, નથી જવું ત્યાં પ્રભાતે જવાશે,

ધન—ત્યારે જેવી પ્રાણ પ્રીયાની ઇચ્છા પ્રાતઃકાળેજ જઈશું.

પછી કાંઇ? હાલ તો રાણીજીનું રાજ છે, માટે તેમનું વચન પણ માન્ય કરવું જોઇએ, કેમ ખરૂંને ?!

રૂપ—સ્વામિન ? અર્ધી રાત્રી વ્યતિત થઈ છે, માટે હવે જરા શયન આરામ કરો તો ઠીક ? અરૂણોદયે વહેલાં ઊઠવું છે.

ધન—જેવી મનહર્ણીની મરજી.

(બંને નીંદ્રાને વશ થાય છે બાદ પડદો પડે છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—પ્રધાનજીની હવેલી.

પાત્રો—ધનદત્ત, ધનવતી, ધનસાર, રૂપસુંદરી, રિપુમર્દન, રતિસુંદરી, સૌભાગ્યવતી, વિગરે.

ધનસાર—(માત પિતા પ્રતે) સુણો શાહ એ બાત હમારી) એ રાહ.

સુણો માત ને તાત અમારી, સૌ વાત વદું તે વિચારી,
કીધી જાવાની તૈયારી (૨) સુણો તાત અને માત.
નક્કી જાવું છે મા'રે જાવેરે, નહીં અવસર આવો આવેરે,
દીઓ રજા ભલી મન ભાવેરે, સુણો૦

ધનદત્ત—(ચકિત્ત થઈ) "તુન કુમલા જીઅરવા." એ રાહ.

પુત્ર શાને પધારો, છો પ્રેમી પ્યારા. પુત્ર.
ખોટ ખજાને ક્યારે છે તારે, શું આ વિચાર સારા. શું આ.
જાવું નથી કાંઈ જાવા જવાને, ખરે નિર ત્યાં ખારા. ખરે૦
ખાઓ પિઓ ખુબ મોજ કરો હ્યાં, રહી પુત્ર હમારા. રહી૦
પ્રાણુથી મા'રાં પુત્ર છો પ્યારા, નહીં મુકુ નોધારા. નહીં.
તુંજ વિયોગે વત્સ ઓ વા'લા, ભાસે દુઃખના ભારા. ભાસે.

માટે મારી આંખ્યોના તારા, દુઃખ હરનારા. હું તને મારી આગળથી કદી પણુ દુર કરતાર નથી;

ધનસાર—પિતાજી, આપ કહો છો તે ઠીક છે, પરંતુ હું કાંઈ ફક્ત વિત્ત ઉપાર્જન માટે જતો નથી, પણુ મારી ઊત્કંઠા એવીજ થઈ છે કે, એકવાર દરિઆઈ મુસાફરી કરી કીર્ત્તિ અને લક્ષમિ બંને સંપાદન કરવી, અને તેટલાજ માટે હું આપની પાસે અનુમતિ લેવા આવ્યો છું.

ધનવતી—અરે! પણુ આવો માર્ગ તને કોને દર્શાવ્યો કે તુ જાણે છું?

ધનસાર—માતુશ્રી! ગઈ કાલેંજ આપણા મુનેમના મુખથી દરિઆઈ મુસાફરીની મોજ મજાના વ્યાખ્યાન શ્રવણુ કરી, મારૂં મન તેજ વખતનું ત્યાંજ ચોટી રહ્યું છે, માટે હવે હું કોટી ઉપાયે હ્યાં રહેનાર નથી, તેથી માત પિતા તમો બન્ને મળી મને ખુશાલીથી અનુમતી આપવી?

ધનવતી— (ગીતિ.)

શાણા શું સમજાવું, હાલ ઘટે નહીં તને થવું હાવું,
ખાઓ પિઓ ખુબ ખેલો, રાજકુમારી પર્ણી કયાં જાવું;
ધનસાર-નથી રોકયો રહેવાનો, જરૂર જાણજો જોર કરી જાશું,
મધ્યમ તાત કમાઇ, ખચિત આજથી અમો નહીં ખાશું,
રાજકુમારીને જો, હશે આવવું તો કહેશે તમને,

રૂપ—હું પણ ઇચ્છું એવું, આશિષ્ય ઘોને બાઈ હવે અમને,

ધનદત્ત—(ધનવતીને) અરે પ્રિયા? તું વૃથા સોચ શા માટે કરેછે, બંને એક સંપ થઈ પ્રહવણુની સર્વ સામગ્રી તૈયાર કરી, આપણી પાસે અનુમતિ લેવા આવેલા છે, તો કોટી ઊપાયે રહેવાના નથી? વાસ્તે ભલે જાય ને સુખી થાય, આપણા પ્રારબ્ધમાં હશે તે બનશે?!

ધનવતી—પણ પ્રાણનાથ! પછી હું પુત્રવધુ બંનેનું મુખાર્વિંદ કયારે અવલોકન કરીશ? ઘડપણમાં ગત થઈ ગયા તો પછી થઈ ચુકયું, કાંઇ કરતાં સમજે તો સારૂં.

ધનદત્ત—પ્રિયા! તારૂં કહેવું હવે સર્વ નિર્થક છે, તે કોઇનો રોકયો રહેવાનો નથી, માટે તારે તેને જે કાંઈ શિખામણ આપવિ હોય તે આપી તેને ખુશીથી વિદાય કર, કારણ કે સર્વ સગાવા'લા મિત્ર મંડળ વિગરે સર્વ સજ્જનો દરિઆ કીનારે આવી પહોંચ્યા છે, એવું હમણાજ અનુચર કહી ગયો. અને મહારાજાને પણ મેં સંદેશો કહેવરાવ્યો છે, તે મહારાણી સહિત અતરઘડી આવી પહોંચશે, માટે હવે તાકીદ કરો—

ધનવતી—ત્યારે સ્વામીનાથ શું? તેઓ નહીંજ રહે?

ધનસાર—હા પ્રિયા? માટેજ કહું છું કે તું એને ખુશાલીથી રજા આપ.

ધનવતી—(ધનસારને) (ગીતિ.)

પ્યારા પુત્ર પધારો, સુકુળવધુ સહીતે સુખ ભોગવજો,
કષ્ટ પડે કો કાળે, શ્રી પ્રભુ સમરી દુઃખનું દળ દળજો,
પણ બત્રીસ પશુના, લક્ષણ લાલ કહું તે ભિર લેશો,
તો પરદેશે પ્રેમે, પુત્ર ગાહેરા સદા સુખી રહેશો.

ધનસાર—માતુ શ્રી ત્યારે તે પણ કહી સંભળાવો.

ધનવતી—(જખકે કલંદર બન બન ફીરકે) એ રાહ.
સિંહ એક ગુણ, બગ એક ગુણ, ચર્ણાયુધના ચાર ગણો,
વાયસ પંચ ગુણે, ખટ શ્વાને, ખરમાં છે ગુણ ત્રણ્ય તણો,
ચાર મતિ પરધાન, હંસ, મૃગ, મિન, મોર,
માળી, કોળ, કોકીલને, લોહકનું જોર,
એ સાતે છે એકે ગુણે, દાખવું છું દોર—ચાર–સિંહ.

ધનસાર— (ગીતી)
સગજ્યો એ સઘળાનાં, સર્વ ગુણો હું શાસ્ત્ર તણી સાખે.

ધનવતી—પશ્ચિમ યામે જાગો, દ્રવ્ય મળે બહું શાસ્ત્ર એમ ભાખે.

ધનસાર—હવે આશિષ્ય દ્યો એવી, પુત્રવધુ સહી તે સુખમાંરહેજો.

ધનવતી—કુશળ રહી કુમારા, દંપતિ વે'લાં દરિશણ તો દેજો.

દ્વારપાળ—(દોડતો આવિ ધનદત્ત પ્રતે) શેઠ સાહેબ! મહારાણી સહીત, મહારાજા પધારે છે ?

ધનદત—ભલે ! હું સન્મુખ જઈ તેડી લાવું છું ?

(ધનદત સામાજઈ, રાજા તથા રાણીને તેડી લાવે છે.)

ધનસાર—(રાજા તથા રાણીને) માતપિતા આપ ઉભયને, આ બાળક નમન કરે છે.

રિપુ–રતિ—દિર્ધાયુષી પુત્ર તમારો જય થાવ !

રૂપ—(રાજા તથા રાણીને) પિતા માતુશ્રી હું આપને વિનય પૂર્વક વંદન કરૂં છુ.

રિપુ–રતિ—પુત્રી અખંડ સૌભાગ્યવંતી થા?

રિપુ—(ધનસાર તથા રૂપસુંદરી પ્રત્યે) અહો ! પુત્રો મા'રી વૃદ્ધાવસ્થામાં તમો શું વિચાર કરી, વિદેશે વિચરવા તત્પર થયાંછો.

ધનસાર—પુજ્ય પિતાજી મને દરિઆઇ મુસાફરીના દેશાટણની આકાંક્ષા હોવાથી, આ કામ ઉચિત ધારી મેં આરંભ્યું છે, માટે કૃપા કરી હવે આ વત્સોને, ખુશાલીથી વિદાય કરશો એવી ઉત્કંઠા રાખીએ છીએ.

રિપુ—અરે ! મારા દુર્ભાગ્યનો દિવસ આજેજ આવી પહોંચ્યો. જણાય છે, એકની એક પૂત્રી ને જમાઈ તેઓ પણ આ સમયમાં સ્વદેશ તજી પ્રદેશ ગમન કરવા ઉચિત ધારી અત્રેથી પલાયન કરે છે, તો પછી મારા દુઃખની વાત શી !

રતિ—પ્રાણનાથ ! જો તેને એક નાનો સરખો ભાઇ હોત, તોપણ આપણે તેને જોઇ, આપણા દુઃખી દીવસ નિર્ગમન કરત, પરંતુ આતો આંધળાની એકની એક આંખ્ય તે પણ જવા બેઠી છે. ત્યારે આપણા પ્રારબ્ધનોજ વાંક !

રિપુ—અરે ! પણ જો તેમને, પૈસાની ન્યુનતા હોય તો આપણે તેમના કરતાં શું વધારે છે. કાલ સવારમાં કહે તો રાજ્યાભિષેક કરૂં, પછી શું ?

ધનસાર—મહારાજ મા'રે રાજ્ય કે લક્ષ્મીની કાંઇ પણ આકાંક્ષા નથી, ફક્ત દરીઆઇ મુસાફરી કરી અન્ય દેશોની કળા ચાતુર્યતાની સંપતી સંપાદન કરવી એજ મારો હેતુ છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે ?

શ્લોક.

देशाटनं पंडित्त मित्रता च, वारांगना राज्यसभा प्रवेश।
अनेक शास्त्राणी विलोकतानी, चातूर्यमुल्लानी भवंति पंच ॥

માટે કૃપા કરી હવે વિલંબ નહીં કરતાં સર્વે અનુમતિ આપશો?

રિપુ—વયસ્ય? જો તમારા માત પિતા વિદેશે જવાને અનુમતિ આપે છે તો, મારા તરફની કાંઈ પણ રોકાણ નથી, ભલે જાઓને સુખી થાઓ.

રતિ—(ધનસારને) ધનસારજી ? તમોને અનુમતિ આપ્યા પ્રથમ મા'રે તમને જે કાંઈ કહેવાનું છે તે શ્રવણ કરશો ?

ધનસાર—માતુશ્રી આપને જે કહેવું હોય તે સુખેથી કહો, હું આપનું વચન અંગીકાર કરીશ ?

રતિ—મા'રી રૂપસુંદરી હજુ બાળક છે, મહેલ બહાર પગ સરખો પણ મુકયો નથી ? માટે આ પ્રથમ પ્રવાસમાં અમારા વિરહ દુઃખથી, એના મનને ઓછું ન આવે હેવી રીતે માર્ગમાં વર્તજો.

ધનસાર—એ વિષે આપે લેશ પણ ચિંતા ધરવી નહીં, મારા પ્રાણથી અધિક ગણી એનું પોષણ કરીશ—

રૂપ—(રાણી પ્રત્તે) માતુશ્રી મને પણ આશિષ આપી કૃતાર્થ કરવિ જોઇએ ?

રતિ—પ્રિય પુત્રી તારૂં સદા કલ્યાણ થાઓ, અને સુખેથી સ્વા-

મી સંગે સિધાવ, પરંતુ મા'રે તને માતૃભાવને લીધી જે કાંઇ સદ્બોધ દેવાનો છે તે તું શ્રવણ કર,

રતિ— ગીતિ.

વા'લી બહેન વિદેશે, જઈ સ્વામી સંગે સુખમાં રહેજો,
પુણ્ય પતિવ્રત પાળી, લક્ષવસા પતિને રીઝવિ લેજો,
સંકટ પડે સૌભાગી, ધિરજ ધારી સે'જો સમ ભાવે,
તો નારી દમયંતી, સિતા દ્રૌપતી સમાન સુખી થાવે,

હે પુત્રી તું સર્વગુણ સંપન્ન છે, તેથી તને વધારે કહેવા યોગ્ય નથી, પરંતુ આપણા સ્ત્રી ધર્મની તેમજ આપણા કુળની શોભા વધે તેવી રીતે તું માર્ગમાં વર્તજે.

રૂપ—માતુશ્રી આપની હિતશિક્ષા હું અંગિકાર કરી સ્વમસ્તકે ચઢાવું છું.

સૌભાગ્યવતી—(પ્રવેશ કરી રૂપસુંદરીને ભેટી પડે છે) બહેન આ શું! એકદમ અમને તજી જવાનીજ તૈયારી! મેં તો હમણાજ સાંભળ્યું.

રૂપ—બહેન તું જાણેતો છે, આપણો પતિવ્રતા સ્ત્રીનો ધર્મ શું છે? તથાપી તું શું પુછે છે, જ્યાં પ્રાણનાથની કાયા ત્યાંજ આપણી છાયા.

સૌભા—તે સત્ય છે બહેન? પરંતુ આમ એકાએક સ્નેહ તજી જતા રહેવું તે શું યોગ્ય છે?

રૂપ—પ્રિય સખી! સ્વામીના દુખે દુઃખી અને સુખે સુખી થવું, તેતો આપણો ધર્મજછે, માટે લાચારછું કે તમને તજવાં પડે છે.

સૌભા—બહેન ધન્ય છે તારી ધૈર્યતાને, આવુંજ રાખવું જોઇએ, સુખેથી સ્વામી સંગે સિધાવી સુખી થા, અને વિદેશેથી આવી વે'લી વે'લી મળજે.

રૂપ—વારૂ બહેન તારો જય થાવ! અને મારા ઉપર તારો પ્રીતી ભાવ છે તેવો સદા રાખજે, વળી આ મારા વૃદ્ધ માત પિતાજીની કોઈ કોઈ વાર ખબર રાખજે.

સૌભા--સખી? તારા માત પીતા તે મા'રાજ છે, તેમના તરફની તારે જરા પણ ચિંતા ધરવી નહીં, તું તારે પરમાત્માનુ સમરણ કરી સુખે સિધાવ, વળી માર્ગમાં શિયળનું સંરક્ષણ કરજે.

રૂપ—પ્રિય સખી શિયળનું સંરક્ષણ કરનાર પરમ કૃપાળુ પરમાત્મા છે, તેથી તે વિષે હું નિડર છું.

મુનિમ—(પ્રવેશ કરી ધનસારને) શેઠ સાહેબ ચાલોને કેટલી વાર? સર્વે સદ્દગ્રહસ્થો દરિઆ કીનારે આવી ખોટી થાય છે, તેમ મહુરતની પણ થોડી વાર છે.

રિપુ—પ્રધાનજી! મુનિમજી સત્ય કહે છે, હવે ચાલો કીનારે, કારણ કે ત્યાં પણ સર્વેને મળતાં કરતા વાર થશે.

ધનદત્ત—હાજી, ચાલો ત્યારે આપનું પણ કહેવું સત્ય છે.

(સર્વે દરિઆ કીનારે જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—બંદર કીનારો.

પાત્રો—ધનસાર, રૂપસુંદરી, ધનદત્ત, ધનવતી, રિપુમર્દન, રતિસુંદરી સૌભાગ્યવતી, સુમિત્ર, શાંતિદાસ વિગેરે મળવા આવેલાં સગાવા'લા, મિત્ર મંડળ તથા ખારવા.

ધનસાર—(સર્વેને મળી રહ્યા બાદ પોતાના મિત્રોને) સુમિત્ર તથા શાંતિદાસભાઈ! આપ સાહેબો તસ્દી લઈ અત્રે પધાર્યાં છો, તેથી હું આપનો ઉપકાર માનું છું.

સુમિ-શાં—પ્રિયભાઈ એમાં ઊપકાર માનવાનું કાંઈજ કારણ નથી, મિત્રના ધર્મ પ્રમાણે વર્તીએ તેમાં વડાઈશું, આપ સાહેબ અમારા ભાભી સાહેબ સહિત વિદેશે વિચરો છો, એવી વાત શ્રવણ કરી અમો બંને જણા પરભાર્યાંજ, આપને મળવા આ સ્થળે આવી પહોંચ્યા છીએ?

ધનસાર—વારૂ સાહેબ? મો'ટી મહેરબાની કરી, શેવક પ્રતે કાંઈ કામ કાજ હોય તો સુખે ફરમાવો?

સુમિ-શાં—પ્રિય મિત્ર? કામ તો એજ કે દેશાટણ ફરીઆવી મિત્રોને દર્શણ દેજો, અને પ્રીતીપત્ર પાઠવજો, એટલે મળ્યા જેટલો હર્ષ માની આનંદમાં રહીશું.

ધનસાર—બહુ સારૂ મિત્ર વળી મા'રે પણ આપને એજ કહેવાનું છે કે? આ મારા વૃદ્ધ માત પિતાને મા'રા વિયોગથી, કાંઈ પણ દુઃખ ઊત્પન્ન થાય તેનું સમાધાન કરી, તેમને ધિરજ આપશો? એજ મારી બંને બંધુ પ્રતે વિજ્ઞપ્તિ છે,

સુમિ-શાં—ભાઇ તે વિશે તમારે નિશ્ચિંત રહેવું!

૧ ખારવો-(પ્રવેશ કરી ધનસારને) એ હેઠ? હેઠ? હેંડકે કાંહુધી ઊભો રહેવાનો, હાગર ઊભરાઈ આવેલો તે ઝાઝતો હાલવા માંડીઉ?

૨ ખારવો-અરે ઇતો મો'ટાં ઝાઝ કેનીકે ઓટ ઊતરી કે પછી હાલેજ કેમ?

ધનસાર—(ધનવતીને) માતુશ્રી હવે મને તાકીદથી શુકન આપી વીદાય કરો, કારણ કે ભરતી આવી છે તેથી ખારવાઓ ઉતાવળ કરે છે;

ધનવતી—વારૂ ભાઈ સાંભળ ત્યારે?

(જનની જીવો ગોપીચંદની) એ રાહ.

નારી રજસ્વલા, કલહથી, વળી વૃષ્ટિ અકાળજી,
ઘરબળતે, સબ સૂતકે, હોય સ્ત્રી પેટ બાળજી;
હેવેરે સુકને નવ ચાલીએ.
સ્નાન કરી, રીશને ધરી, મારી નારીને મારજી,
કોઈ કહેજી કીહાં જશો, વસ્ત્ર વળગે ન સારજી;
હેવેરે શુકને નવ ચાલીએ.
પગ કંટક, લાગે ઠેસને, મળે વિરૂએ વેષજી,
અન્ન અધૂરું ઓચ્છવ તજી, નાગો બાવો ન બેશજી;
હેવેરે શુકને નવ ચાલીએ.
અંધણુ, ભુખ્યોને, રોગી, આંધળો, કુબ્જ, વંધ્યાને, કાણોજી,
દ્વિજ, ધોબીને, ફુળ હીણો, એ સન્મુખ ન આણોજી;
હેવેરે શુકને નવ ચાલીએ.
એક છીંકા, કુત્તર કાનથી, જાતાં ન મળે ધાનજી,
એક શુદ્ર દો વારાંગના, શુકને જાય જાનજી;
હેવેરે શુકને નવ ચાલીએ.
ત્રણ બ્રાહ્મણ ભેગા આવતાં, નવ નારી, ક્ષત્રી ચારજી,
એવાંરે શુકને સુત ચાલતાં, નવ દેખે ઘરબારજી;
હેવેરે શુકને નવ ચાલીએ.

ધનસાર-માજી રજા દીઓ મુજને, દઈ શુભ શુકનજી,
વખતવ્યતિત હવે થાય છે, ખોટી સર્વે સજ્જનજી;
શિખ દીઓને માતા મુજને.

ધનવતી—કુંભ, કન્યા, દધી, ફળ ફુલ, કટી સુત છે નારજી,
વચ્છ સહિત ગૌ, ગધ્ધ, ગંસગળે, તુરી રથ શ્રીકારજી;
ચતુર શુકને આવાં ચાલજો.
નિર્ધુમ વન્હિને વળી, મળે સિદ્ધ જો અન્નજી,
ધ્વજ ગળે સનમુખમાં, ગચ્છ યુગળ અવિપન્નજી;
ચતુર શુકને આવાં ચાલજો.
વૈસ્યા, માટી, ગુરૂ, ભૂપતિ, અરિસો નઈ હાથજી;
કર દંડ જૈન મુનિ મળે, શ્રી પરમેષ્ટિની સાથજી;
ચતુર શુકને આવાં ચાલજો.
ખર શામ ચઢી વામ બોલતો, વાયસ, સર્પ, શિયાળજી,
પ્રાઃત સમયે વાગ તેતરા, જાગ સાંજે સંભાળજી;
ચતુર શુકને આવાં ચાલજો.
ચીવડી, કપી, નિલચાસની, વાચા જાણજો જાગજી,
મૃગ પ્રભાતે જામ જાણીએ, સંજ્યાએ શુભ વાગજી
ચતુર શુકને આવાં ચાલજો.
હવેરે શુકને પંથે પરવરો, કરી પુત્ર પ્રયાણુજી,
સાહ્ય થશે દેવી દેવતા, રહેશો કુશળ કલ્યાણુજી;
હવેરે સધાવો સુત સ્નેહથી—
વિજય મહુરત છે મનોહરૂં, ચંદ્ર નાડી સર ચાલજી,
હોશેરે વિજય વત્સ તાહેરો, થાશે મંગળ માળજી;
હવેરે સધાવો સુત સ્નેહથી.

હે પુત્રો હવે તમે સુખેથી સિધાવો દેશાટણથી આવી વે'લા વે'લા અમને દર્શણ દેજો.

(એમ કહી ગદગદ કંઠીત થઈ જાય છે, તેથી વધુ બોલાતું નથી તે જોઈ.)

ધનસાર—માત પિતા આપ હવે સહકુટુંબ પરિવાર સહિત ગૃહભણી પધારો હવે હું રજા લઉ છું.

(એમ કહી સર્વેને પ્રણામ કરી દંપતિ પ્રહવણમાં જઈ બેસે છે બાદ ખારવા વહાણને બરદરીએ હંકારી મુકે છે)

પ્રવેશ ૪ થો.

સ્થળ—રાક્ષસ દ્વિપનો કીનારો.

પાત્રો—નિર્યામીક, ધનસાર, રૂપસુંદરી, તિસગારખાં, પછીથી રાક્ષસ;

નિર્યામીક— ગીતિ

લીધા નિર તે નીઠાં, આ રાક્ષસ દ્વિપે મળશે મીઠાં,
પણ રાક્ષસ આ દ્વિપનો, મારે જાણુંજો આપણુને દીઠાં;
તે માટે ત્વરીતાથી, જળ હીંધણુ જરૂરે લઈ ને જાવું,
રાત પડે ના રહેવું, ખાલી ખોટી શીદને ત્યાં થાવું;

ધન—ભલે નિર્યામીક? વહાણુ બંદર કરાવી, જોઈતી વસ્તુ ભારી લીઓ, અમે પણ ત્યાં સુધી આ સુંદર બેટની સોભા જોઇ આવી, મનને આનંદ કરીએ? (રૂપસુંદરીને) કેમ પ્રિયા? તમારી શી ઇચ્છા છે?

રૂપ—પ્રાણુ પતી, આપની ઇચ્છા એજ મારી.

ધન—ચાલો ત્યારે નીચે ઊતરી પડીએ?

દરીઆ—(બંનેને જતાં જોઈ) શેઠ સાહેબ ખડે રહો, મેં બંધુક લેકે આતા હું, આપ એકીલે મત જાવ, કયુંકે અંજાણુા બેટ હે સો એકીલે હથીઆર બીન જાણુા એ અચ્છી બાત નહીં?

ધન—દરિઆવખાં? વાં તુમારી કુચ્છ જરૂર નહીં હે, કયોં કે, હમ ઓર તુંમારી શેઠાણી દોનુ સાથ ફીરનેકું જાતે હે, ઊસલીએ વાં તુમારા કામ નહીં?

દરિઆ—ઈન્સા અલ્લા શેઠ સાહેબ? વાંકુચ અંદેસા પડે એસા હોવે તો, હમકુ બુમ મારના, મેં બંધુક લેકે ત્યાં ખડા રહેતા હું.

ધન—બહોત અચ્છા, બેફીકર રહો?

(એમ કહી રૂપસુંદરીને લઈ બેટમાં ફરવા જાય છે, બાદ બે ત્રણુ માઈલની મજલ થવાથી, રૂપસુંદરી શ્રમિત થાય છે. તેથી ચાલવાની શક્તિ નહીં હોવાથી, ધનસાર પ્રત્યે કહે છે.)

રૂપ—પ્રાણુનાથ? મારા ચરણુ હવે ચાલવાને જરા પણુ શક્તિનમાં નથી, થાકીને સોથ થઈ ગયા છે? વળી આ મંદમંદ વાયુની લહેરથી મારી ચક્ષો મિચ્યાઈ જાય છે, માટે આપની ઇચ્છા હોય તો થોડીવાર વિશ્રાન્તિ લઇ પછીથી પ્રહવણુ તરફ પંથે પડીએ.

ધન—હા પ્રિયા? મારામાં પણુ ચાલવાની બીલકુલ તાકાત

નથી, માટે ચાલ? પેલી ચંપાની ગીચ ઝાડીની અંદર જઈ જરાં આરામ લઇએ.

રૂપ—ચાલો ત્યારે પ્રાણપતી?

(બન્ને ચંપાના ઝાડ નિચે બેસે છે, બાદ રૂપસુંદરીને નીંદ્રા આવવાથી ધનસારના ઉરૂ ઉપર મસ્તક મુકી ઉંઘી જાય છે. કુંવરીના ચિરનો પાલવ ઊડતો જોઈ પૂર્વની કોડીઓવાળી વાત યાદ આવવાથી કુંવરી સામું અત્યંત ક્રોધ કરી.)

ધન— (સુરથી આ શુરવિર સુરાતન બતાવો) એ રાહ.

ધીક્ક ધીક્ક ધીક્ક પ્રેમ, આ પ્રિયાથી પ્યારો;
બોલ્યાંતા જે બોલ પાળી, વેણુ આ વિચારો. ધીક્ક૦
નાદાની વયે નિશાળે, કોડી માટે ભુંડી ગાળે;
તું બોલી એતો ત્યાં સાલે, માટે મુકનારો. ધીક્ક૦
રાજ ગ્રહું બોલી બોલ, તારૂણી ઊતારી તોલ;
કરી નેત્રો લાલચોળ, આજો આજ વારો. ધીક્ક૦
બાંધુ છું આ કોડી સાત, થાજો ભુપતિ ભલી ભાત;
એમાં તે છે શી વિશાત, પ્રેમે લઇ પધારો. ધીક્ક૦
બોલ્યાંતાં જે મુખે બોલ, કહ્યું તું તે પાળો કોલ;
તનમાં ધરીને તોલ, વધુ શું વિચારો. ધીક્ક૦

(ઉગ્ર ક્રોધથી) બસ? બસ? હવે વધારે વાર અત્રે ટકવામાં કાંઇજ સાર નથી, વિલંબ થશે તો વળી કોઈ ખોળવા આવશે? માટે ચાલ જીવ હવે આ દુષ્ઠાનું મુખાર્વિંદ જોવું ઉચિત નથી? (એમ કહી જવા માંડે છે, પણ પાછો ફરી તેનું નિરઅપરાધી મુખ અવલોકન કરી, પ્રેમના અવેશમાં.)

ધન— (ગીતિ.)

આ મુગ્ધાને મુકી, જાવું જંગલે છે જોખમકારી,
નિર અપરાધી નારી, શિયળવતી સાચી છે સુકુમારી.
દ્વિપપતિ દૈત્ત જો, જાણી જાહરે જરૂર લઈ જાશે,
વળીવન ક્રુર પશુઓ, ખચિત્ત તેહને ફાડી તો ખાશે.

માટે રે જીવ? એના જેવું કોણુ થાય? તેને નોધારી મુકી નાસી જવું તે તો યોગ્ય નહીં, માટે લાવ જાગ્રત કરૂં?

(વળી ક્રોધનું પ્રબળ વધવાથી પાછો)

ધન— (ગીતિ.)

સોચ કરૂં છું શાને, છોને રાંડ એ રઝળીને મરતી,
કરશે તેવું ભરશે, કાઢું કાશ હું કટકટ આ કરતી.

(એમ બે ત્રણવાર તેના પ્યારનું આકૃષણ થવાથી, પાછો ફરી તેનું મુખાર્વિંદ નિહાળે છે, બાદ છેવટે ક્રોધનું પ્રબળ વિશેષ થવાથી, નેત્રાંધ ધનસાર, તેને ત્યાંજ તજી પ્રહવણ હંકારવાનો હુકમ કરી ત્વરીતે તે બેટ તજી જાયછે.)

(કેટલીક વારે નિંદ્રાથી વિરક્ત થઈ ધનસારને નહીં જોતાં ગાભરી બની.)

રૂપ— (સ્વામીનાથ, સ્વામીનાથ સ્વામીનાથરે) એ રાહ.

પ્યારા પતી પ્યારા પતી પ્યારા પતીરે,
આ શું મતિ આ શું મતિ આ શું મતિરે. એ ટેક,
ઉપહાસનું કામનથી કામ રતિરે,અકળાયછે આકરમારૂં અતીઅતીરે;પ્યા.
આ ગર્જનાના ઘોષથાતો ગઈછે ગતીરે,વિકટ વન જોઇરોઈ ધૃતિ જતીરે પ્યા.
કંથ કાગનીથી યોગ્ય આશું કૃતિરે,વ્હાલાશું વીચારીકોઈ દુષ્ટ વૃતિરે;પ્યા.
ગાગસો ગજાકનો આ નાથ નથીરે,હમણાં થઇશ હુંતો હાય હતી નતીરે.પ્યા.
બાળપણે બોલ બોલી તુજ પ્રતિરે,રખે રોષ રાખી ગયો મુકી સતીરે,પ્યા.

ગીતી.

છુપી રહ્યો કયાં છાનો, મોહન મુજને આ દ્વિપે મુકી;
નિરાધાર નારીને, તજી ગયો શું ચતુર થઈ ચુકી.
કંથ રહીત જે કાગા, જલ વિણુ વેલ સુકાયે વાડીમાં;
પ્રેમ સુધારસ સીંચો, જેમ નવ પલ્લવ થાયે ઝાડીમાં.
જીવે નહિં જળ જંતુ, જળ વિના તેમ મુજ જીવડો જાશે;
વિરહ નહીં વેઠાએ, ભયંકર સર્વે હવે મુજને ભાસે.
કળહંસ કરીને મે માન્યો, ખરે થતો ના કાગવત ખળ;
સુર દ્રુમ લઇ શોધ્યો, રખે આપતો આક તણા ફળ.

(એમ બોલી પાલવથી અશ્રુબીંદુ લોહોવા જાય છે. તેટલામાં છેડે ગાંઠ વાળેલી જોઇ.)

રૂપ—(સ્વગત) અરે આ છેડે ગાંઠ શી ! અને વળી આ અક્ષર શા ! લાવ છોડીને જોઉંતો ખરી.

(ગાંઠ છોડીને જુવે છે તો આ સાત કોડીની સાટે રાજ લેજો. એમ વાંચતાં ને વાર) હા. દૈવ હા દૈવ (એમ કહી મુર્છાની સાથે ધરણી ઢળી પડે છે.) મુર્છા વળી રહ્યા બાદ થોડી વારે)

રૂપ—કંથબીન રહી એકલી મેરી જાન. (એ રાહ).

ભુંડા શું મુકી ગયો ભરથાર, (૨) નારીને નીરા ધાર, ભુંડા૦
વાંક હતો શું આ અબળાનો, રાખી હૃદયમાં રીસ;
હસ્ત અહી મુખ દૈત ના દીઠી, કપટ કર્યું નવ ઈશ. ભુંડા૦
વન વિકટ આ ભયાનક ભાસે, ચિત્ત ડરે ચોપાસ;
ઓ આવ્યો ઓ હમણાં ખાશે, નક્કી થશે શું નાશ. ભુંડા૦
સિંહલંકી શી ફાળ આ મારે, વ્યાઘ્ર દીસે વિકરાળ;
કૌસીક ફુંકે ફાટી પડે છે, પેખું ગીરી પાતાળ; ભુંડા૦
આગ હતી જો રીસ હૃદયમાં, કાં નવ દીધી દધી ભેટ;
રૂધીર માટે આંહી રીબાવા, બાંધી આણી આ બેટ. ભુંડા૦
માત પીતા મમ મનમાં જાણે, સુતા હશે સુખ માંય;
પણ પુત્રીનો જાણજો પ્યારા, જંગલમાં જીવ જાય. ભુંડા૦
દોષ હું શાને દઉં સ્વામી ને, આવ્યાં ઉદય કૃત પાપ;
પુરવ ભવમાં હું પાપીએ, કીધાં કર્મ અમાપ. ભુંડા૦
ધાવંતા વચ્છ વિછોવીઆ મેં, કીધો પય અંતરાય;
પંખી બંધન પાડીઆ વળી, કીધી ન કોઈની સહાય. ભુંડા૦
સપ્ત વ્યસન મેં સેવ્યાં રસેથી, મીત્ર શું કપટને કીધ;
થાપણ રાખી ઓળવીને, સંતાપ્યાં મુનિ સીધ્ધ. ભુંડા૦
જોરે વ્રત ખંડાવીયાં મેં, દીધાં અજુગતાં આળ;
જ્ઞાની વચન વિરાધીયાં ને, બાંધી પાતક જાળ. ભુંડા૦
પાપે પુરવનાં આવી મળીઆં, સર્વે કરમની લીલ;
ઓણે દ્વિપે હું એકલી છું, કેમ રહેશે મુજ સીલ. ભુંડા૦
શિયળ થકી સુખ પામીએ ને, સંપદ જસ સુખ સાત;
દુષ્ટ સુરાસુર કીન્નરો તે, ન કરે કોઇ ઉપઘાત. ભુંડા૦

માટે ચાલ જીવ ધીરજ ધારી કોઈ ગુફાને શરણેરહી શીયળનું સંરક્ષણ કરૂં. ગઈ વસ્તુનું ચિંતવન કરી. શોચ કરવો. તે મુર્ખ મનુષ્યનું કામ છે. મારા પ્રારબ્ધમાં લખ્યું હશે તેજ થશે. તેમાં કોઈ શું કરે.

(એમ કહી ચાલવા માંડે છે. તેટલામાં પહાડ જેવાં દૈત્તને સામેથી આવતો જોઈ ખાધીરે મારી માડીઓ એમ મોટી ચીસ પાડી, પરમેશ્વરનું ધ્યાન ધરતી ત્યાંની ત્યાંજ સ્તબ્ધ થઈ જાય છે.)

દૈત્ત—(શિયળના પ્રભાવે અનુકંપા આવવાથી) અરે પુત્રી

તું કોણ છે? અને શા માટે આ સ્થળે નિરાધારી રૂદન કરે છે?

રૂપ—(ધીરજ આવવાથી) હે પીતાજી, હું મનુષ્ય જાતની રાજકુમારી છું. મારો પતી મને આ સ્થળે મુકી કોણ જાણે કયાંએ જતો રહ્યો છે. તેના વિજોગે હું અહીં રહી ટળવળી મરૂં છું.

દૈત્ત—બેટા, તું રૂદન કરીશ નહીં. ચાલ મારી સાથે મારી ગુફામાં, આ જો તારી આંખ્યો રડી રડીને કેવી રાતી થઇ ગઈ છે. વળી ક્ષુધાથી બોલવાની પણ તારામાં તાકાત રહી નથી. માટે ચાલ. હું તને ફળ આપું તે પ્રાશન કરી, બાકીનો વખત તું તેજ ગુફામાં સુખમાં રહી વ્યતીત કરજે.

રૂપ—પણ પીતાજી મને તો ભ્રાંતી પડે છે કે તમો મને મનુષ્ય જાણી ભક્ષ તો કરી નહીં જાઓ?

દૈત્ત—અરે! દીકરી તું એતે શું વદે છે. મારા પેટમાં ધુળ નહીં નાંખું કે તને ભક્ષ કરૂં. તે વાતનો તો તારે જરાએ ડર નહીં રાખનો. લે આ મારા બાપદાદાનું વચન છે પછી કાંઈ.

રૂપ—ત્યારે પીતાજી મારા પતીનો મને મેળો કરાવી આપશો?

દૈત્ત—કેવી નાદાન છોકરી. હજી પણ તે દુષ્ટનુંજ સ્મરણ કર્યાં કરે છે.

રૂપ—પીતાજી આપ તેને ગમેતો નાદાન ગણો. પરંતુ સતી સ્ત્રીને તો શાસ્ત્ર વિષે શું કહ્યું છે. તે જરા શ્રવણ કરો.

श्लोक.

नेक्षेत पतिं क्रूर दृष्टया श्रावये न्नैव दुर्वचः ।
नाप्रियं मनसा वापि चरेत्पत्युः पतिव्रत्ता ॥

પતિવૃત્તા સ્ત્રીએ પતિને ક્રુર દ્રષ્ટિએ જોવો નહીં તેને ખરાબ વચન સંભળાવવાં નહીં. અને મનથી પણ તેનું અપ્રિય કરવું નહીં.

દૈત્ત—પુત્રી. તારો તેનાપર આવો દ્રઢ પ્રેમ છે તો તેની કાંઇ ચિંતા નહીં, આ બેટ પર કોઇ વાહાણવટી આવી ચઢશે તો તારી ખુશીહો તેની સાથે હું તને જરૂર વિદાય કરીશ. પછી શું?

રૂપ—વારૂ ધર્મપીતા જેવી આપની ઈચ્છા. ચાલો ત્યારે આપની સાથે હું આવવા તૈયાર છું.

(દૈત્ત રૂપસુંદરીને લેઈ પોતાની ગુફામાં જાય છે.)

અંક બીજો સમાપ્ત.

अंक ३ जो.

પ્રવેશ ૧ લો.

સ્થળ—દ્વિપનો કિનારો

પાત્રો—લંપટશા, ભીમો, અને પાછળથી રૂપસુંદરી.

લંપટ—(કીનારાપર રૂપસુંદરીને જોઇ ભીમાને).

ગીતિ.

ભીમા જા જઇ જોને, કીનારાપર કાન્તા છે કેવી;
કે વ્યંતર ભૂત જાતી, કે વિધાધરી કે છે વન દેવી ?

ભીમો—(સાંભળો સાહેબ અજબ તડાકા) (એ રાહ).

સુણજો શાણા શેઠ વદું તે, આ ઘડીએ હું વાત;
આવે દુશ્મન તો હું મારૂં, છાતી મધ્યે લાત. ટેક.
નથી શીખ્યો જંતરમંતર કે, એની પાહેં જાઉં;
વળગે વ્યંતર જો હોવે તો, હતો નોતો થાઉં. સુણ.
આ દાતઇડું કામ ન આવે, નહીં તેનું સાં જોર;
વાત મુકીને વળોને પાછા, છોડી શોર બકોર. સુણ.
કાચો પાપડ પાકો ભાગું, થાપડ મારી આગ;
તરબુચ ટેટીને હું મારૂં, એવાં મારાં કામ. સુણ.
બાળકો બિવાડું કહોતો, હતગારાં તમામ;
પણ અત્યારે તે કીનારે, જવાની ન હામ. સુણ.

લંપટ—(રોષથી) બેશ બેશ બાયલા. તારા જેવાં શેવકો મળે તો શેઠનું સત્યાનાશ કાઢી નાંખે.

ભીમો—બાપજી એમાં મારો શો ગનો.

લંપટ—દૂષ્ટ, જા વેગળો. તારૂં મુખ બતલાવીશ ના જો હું પોતેજ જાઉં છું.

(જાય છે).

ભીમો—ઓ શેઠ શાબ શેઠ શાબ ઉભા રહો ઉભા રહો. હું દાતયડું લેઈ આપની સાથે હાલ્યો આવું સું.

રૂપ—(લંપટશાને આવતો જોઇ) અરે આ વળી ઉઘાડી તરવારે જોસભેર કોણ આવે છે ? એ પ્રભુ મારા શિયળનું રક્ષણ કરજે.

લંપટ—(રૂપસુંદરીની પાસે આવી હાથ જોડી.)

(જો તું ખ્વારી ચાહે સારી. એ રાહ.)

કહો વન દેવી કે વ્યંતર છો, કે વિદ્યાધરની છો જાત;
સુરનર કીંનર ભૂત પીશાચી, કહોને સાચે સાચી વાત.
કે છો જક્ષણી દ્વિપ અધિષ્ટા, મનુષ્ય જાત મોટી વિખ્યાત;
મહેર કરી મ્હારાપર કહેશો, આશો પેખું હું ઉત્પાત.
મનુષ્ય જાતની શું આપ સુંદરી, તજી ગયો પતી શું પ્રેમ પરહરી;

રૂપ—નથી પીશાચ હું, છું રાજકુંવરી........................

લંપટ—...........કેમ તું નીસરી, હું પુછુંછું જોડી હાથ, કહો.

રૂપ— (ચલન કર ભલે. એ રાહ)

સુણુ ઓ પોત પતી, હું છું શિયળ મહા સતી.—ટેક.
ચંપાનયર પીયર માહરૂં, ધનદત્ત શેઠ ઘેર સાસરૂં;
સ્વામી ધનસાર, આવી આ વાર, (૨) પતીની ફરી મતી. હું છું૦
નિંદમાંહે મુકી તે વહ્યાં, જાણું જાવા નગ્ર છે ગયાં;
ઉહીને રોઇ દીસે ન કોઈ, (૨) સ્વામીને શોધતી. હું છું૦
દ્વિપ દૈત્ત આંહીં આવીઆં, પુત્રી થાપી દુઃખ વામીઆં;
હવે જો નાથ અહીને હાથ, (૨) મેળવે મુજ પતી. હું છું૦

લંપટ—બાઈ તું મારી ધર્મની બહેન છે. તારૂં દુખ સુણી મને પણ કંપારો છુટે છે. હમારે પણ જાવા તરફ જવાનો વીચાર છે માટે તારા પતીને મળવાની ઉત્કંઠા હોય તો અમારી સાથે ચાલ, પરમેશ્વર કરશે તો તે પણ મળી જશે.

રૂપ—પરંતુ ભાઇ જેવી રીતે આ સ્થળે તમો મારી પ્રતે વર્તો છો, તેવીજ રીતે જો માર્ગમાં વરતો તો હું આપની સાથે આવવા તૈયાર છું, કારણ કે મારા પતી સીવાય મારે અન્ય પુરૂપ ભ્રાત અને તાત સમાન છે.

લંપટ—અરે બાપુ તે વિશે તારે નિશ્ચિંત રેહેવું. પરસ્ત્રી તો મારે પુત્રી સમાન છે. માટે ચાલ હવે આ વહાણમાં બેશી જા.

રૂપ—પણ પીતાજી જાવા નગ્રમાં મારા પતી ના મળે તો મને ચંપાપુરીએ પહોંચાડશો કે નહીં?

લંપટ—હા હા! બેફીકર રહે. તું કહીશ ત્યાં પહોંચાડીશ. ચાલ હવે વહાણ ઉપડવાની તૈયારી થઇ છે. માટે વહાણમાં બેશી જઇએ.

(વહાણમાં બેઠા બાદ વહાણ ખરદરીએ હંકારે છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—ભરદરીઓ.

પાત્રો—લંપટશાહ, રૂપસુંદરી, ભીમો, વહાણના માણસો, ખલાસી, દેવીઓ વીગેરે.

લંપટ—(સ્વગત) અરે હાય !!! આતે મને શું થાય છે, શરીરમાં કંપારો છુટે છે. કાળજું ધડકે છે, આંખે અંધારાં આવે છે, આખા અંગમાં અંગારા ધીખી રહ્યા છે, માંથુ પણ દુખે છે કામકાજ વાતચીત ખાવું પીવું નીદ્રા વીગેરે કાંઈ પણ વસ્તુ પ્રિય લાગતી નથી. એ તે શું હશે (ચમકી) અરે હાય યાદ આવ્યું જ્યારથી પેલી મૃગલીનું મુખ અવલોકન કર્યું છે, ત્યારથી સર્વ સુખનું સત્યાનાશ વળી ગયું છે. હવે તો એ મળવેજ સુખની પ્રાપ્તી થવાની છે. નહીતો સોનાપુરમાં સોડતાણી સુઇ રહીશું ત્યારેજ, અરે પણ હું ચીંતા શાની કરૂં છું, ફળતો આપો આપ મળી આવ્યું છે. તો હવે શોચ શાનો, ફક્ત પકવીને ખાઇએ તેટલીજ વાર. આહાહા !!! રૂપસુંદરી તે રૂપસુંદરીજ છે. આહા !! શું એનું લાવણ્ય, શું એનું રૂપ! એની કાન્તી તો જાણે પુર્ણિમાનો ચંદ્રજ ના હોય !!! જેની નાશિકાતો શુકના ચંચ જેવી, આંખ તો હરણી જેવી; ઓષ્ટ તો પરવાળ જેવાં, દંત તો દાઢમની કળી જેવાં, વેણી તો નાગ જેવી, ગૌરતો સમુદ્ર ફીણ જેવું, સ્તન તો ગીરીશ્રૃંગ જેવાં, કટી તો સિંહ જેવી, ઉરૂ કદળી સ્થંભ જેવાં, ચાલ તો ગજરાજ જેવી, વાણીની તો વાતજ શી. જાણે આંબાડાળે કોયલજ ટૌકી. આહા ! ! ! બ્રહ્માએ તે આ રંભાને કયાં રાખી મુકી હશે ? ધન્ય છે આવી સ્ત્રીનો ઉપભોગ કરનાર ભાગ્યશાળી પુરૂષને, મારા જેવાં મુંજીને તે આવું ફળ કયાંથીજ પ્રાપ્ત થાય. અરે પણ હું ભુલું છું. હવેતો હુંજ ધન્ય અને હુંજ ભાગ્યશાળી પુરૂષ, પૂર્ણ ભાગ્યે શીકાર સપડાવ્યો છે તો હવે ફીકર શાની. ચાલ તેની પાસે જઇ પતી થવાનો પ્રેમ જણાવું. ના કહેશે તોપણ જવાની છે કયાં, નહીં માન્ય કરે તો બળાત્કાર કરી મારી નાંખવાની દહેશત આપીશ એટલે એની મેળેજ માન્ય કરશે. પછી મારા સુખની શીમા શી ! મા'રા જેવાં ફુટડાને પસંદ નહીં કરેતો બીજા કરશેજ કોને. (એમ મન સાથે ઘડભાગ કરી પોતે રૂપસુંદરી પાસે આવે છે).

રૂપ— (લંપટશાને કામાવેશમાં આવતો જોઇ,) અરે! આતે શું! આજ કાંઈ શેઠની વૃતિઓરજ જણાય છે. કામાંધ આખલા-ની પેઠેજ આવતો માલુમ પડે છે. કાંઇ ફીકર નહીં હે પ્રભુ મા'રી લાજ રાખવી તારે આધીન છે. (સ્વસ્થ થઇ બેસે છે)

લંપટ—(પ્રવેશ કરી) કેમ. પ્યારી હવે તમને અહીંગમે છે કે?

રૂપ—પીતાજી આવાં વેણ તે વદવાં આપને છાજે. માનનીને મહીયરમાં ના ગમે તો બીજે કયાં ગમે. આપ પીતા તૂલ્ય મારૂં પો-પણ કરો છો તો પછી મારે દુઃખશું!

લંપટ—(ભમ્મરો ચઢાવી) બસ બસ. વધારે બોલવામાં કાંઇ સાર નથી. પીતા માતા તો તારાં હોય તે. સમજી. હુંતો મારો વિ-ચાર તને સાફ જણાવું છું કે!

રૂપ—(તેનો અભીપ્રાય જાણી લઈ ક્રોધથી) બસ કર દુષ્ટ બસ કર પુત્રીની સાથે પ્રેમ જોડવાની અભીલાસે પાયમાલ થઈશ.

લંપટ—પુત્રી કે ભગની ગમે તે કહે. મા જાઇ હોયતેજ ભગની. અને પોતાથી ઉત્પન્ન થઈ હોય તેજ પુત્રી હુંતો ગણું છું, બાકી બધી કહેવાની, સમજી!

રૂપ—અરે!!! પણ દુષ્ટ તું મને કેવી રીતે સમજાવીને અતરે લાવ્યો-છું. જરા વિચારકર, જરા સમજ. પુત્રી કહી પ્રવહણમાં લાવી હ-વે આવું દુષ્ટ વચન ઉચરી પાપમાં કયાં પડેછે. અરે મુંઢ, પર સ્ત્રી-થી કોણે સાર કાઢયો છે? કે તું કાઢશે? સત્ય પુરૂષનાં આવાં વેણ નહોય, હું તને પગે લાગી કહુંછું કે તારાં આ જવાળા મુખી વેણથી. મારા કર્ણ દગ્ધ કરીશ નહીં,

લંપટ—અરે લે? હું તને પગે પડુંછું કે મારૂં કહ્યુંમાન્ય કરી મારી સ્ત્રી થવાને કબુલ કર. આ પૈસો ટકો, માલ મતા, દાસ દા-શીઓ, પ્રવહણ વીગેરે આજથી તારાંજ ગણજે. અરે તું કહેતો મારી સઘળી સ્ત્રીઓનો ત્યાગ કરી તારી પાસે ગુલામ થઈ રહું, પણ એક વાર હા કહે.

રૂપ—હે દુષ્ટ!!! હવે તારી જીભ બંધ કરી. કાળુ મુખ લઇ અં-તરેથી ચાલ્યો જા, નહીંતો શાપ દઇ બાળીને ભસ્મ કરી નાખીશ. અરે દુષ્ટ દગાખોર વિશ્વાસઘાતી, ઘાતકી, ચંડાળ, હું હવે તારાથી ડરી, મારૂં શીયળ કોઈ ઉપાયે ભંગ થવા દેનાર નથી. અરે કદી સ્વ-

ળ જળ મય થઇ જાય, મેરૂ સ્થળ મય થઇ જાય, સૂર્ય અંધકાર મય થઇ પૃથ્વિ પર આવતો બંધ થાય, મહાસાગર મર્યાદા મુકે, આકાશ અવનિ પર તુટી પડે, અગ્નિ શીતળ થાય, વાયુ સોસાઇ જાય, કંચન પલટી કથીર થાય, મરદ ફીટી મેરી થાય, તારાઓ તુટી પડે, દીશાઓ સુન્ય થાય, પૃથ્થિ પાતાળે જાય, પુણ્યનો અંશ જાય, અગર આ જીવ જાય તો પણ શું? તથાપી હું મારૂં શીયળ વ્રત કોટી ઉપાયે ખંડન કરનાર નથી. વળી જો સાંભળ.

श्लोक.

रक्षपति र्जनकजा हरणेन वाली
तारापहार विधिना, सचकिच कोपि
पांचालिका प्रथमनान्नी धनंजगाम
तसमात्कदापि परदार रतिन कुर्यात ॥

સીતાનું હરણ કરવાથી રાવણ, તારાને હરી લેવાથી વાલી, અને દ્રૌપદીની છેડ કરવાથી કીચક મરણ પામ્યા. તેથી કોઇ કાળે પણ પર સ્ત્રીમાં પ્રીતી કરવી નહીં.

લંપટ—એ બધું તારૂં ટાયલું હવે બંધ કર. તારાં આટલાં બધાં ટાયલાંનો ઉત્તર એજ કે. તારો એકે શબ્દ મારા મનને અસર કરે તેમ છે નહીં, માટે સત્વર હા કહી દે. નહિતો બળાત્કાર કરવી પડશે. મારા પંજામાંથી તું નાશી કયાં છુટવાની છું. અહીં તારૂં કોણ છે?

રૂપ—અરે દુષ્ટ? આંહીં મારો પરમાત્મા હાજર છે, અને તેજ મને સહાય કરનાર છે. અરે રે! તારૂં ભુંડુ થવા બેઠું છે. અને તારો કાળ આવી રહ્યો છે, તેથીજ તને આવી પૂત્રીપર મતી સુજી છે, જો સાંભળ.

श्लोक.

हरि फरी कर्कट वेणुरंभा, विनाशकाळे फलमुद भवंती ।
तथा नराणां मुनयो वदंती, विनाशकाळे विपरित बुद्धि ॥

સોરઠી દુહો.

રાવણ તણે કપાળ, અષ્ટોત્તર બુદ્ધિ વસે;

લંકા પીટણ કાળ, એકો બુદ્ધિ ન સંભવી.

તેમ તારા માણસોનું અને તારા કુટુંબ સહીત તારૂં પણ અનર્થ થવા બેઠું છે. તેમાંજ તને આવી મતી સુજી છે.

લંપટ—(અત્યંત કામાતુર થઈ તેને બાજવા જાયછે. તેથી રૂપસુંરી તેને ધકકો મારી ચીત્તાપાટ પાડી કાછોટો મારી વહાણના સઢ ઉપર ચઢી પરમાત્માનું સમરણ કરી ઝંપાપાત કરવા જાયછે.)

રૂપ--(શઢ ઉપર ઉભીરહી.) **શિખરિણિ છંદ.**

અરે આ સંસારે, સકળ સુખ હાની થઇ પડી;
અરે આ દેહીને, શિયળ વળ સંભાવન ધડી.
મનોપ્સિત જ્યારે આ, નહિ નહિ થયું તેથી પડતું,
મુકું છું આ યોગે, દધિ મય દધિ માહી પડતું.

હે પ્રભુ! હે પરમાત્મા!! હે કુળદેવીઓ !!! આ વખત મા'રૂં સંરક્ષણ કરજો. હે માહાસાગર! મારૂં શિયળ વૃત અખંડ રાખવા માટે હું તારે શર્ણે આવું છું, માટે મારી રક્ષા કરજો.

(એમ કહી મહાસાગરમાં પડતું મુકવા જાયછે, તેટલામાં આકાસ વાણી થાયછે.)

દેવીઓ—હાં! હાં! વત્સ સબુર કર સબુર કર, તે પાપીનો સહકુટંબ સહીત હમણાંજ લય થઇ જશે.

(પ્રચંડ વાયુ વાયછે,સારગમાં તોફાન થાયછે, વહાણ ચકરી ખાઈ ડુબવા માંડેછે. એટલામાં)

ભીમો—(વહાણને પાણીની સપાટી તળે જતું જોઈ બાબરો બની.) હાય હાયરે શેઠ! તારૂં સત્યાનાશ જાયરે ડુબી મુવારે મારા બાપલીયાં, તેં સતી રૂપસુંદરીને કયાં સંતાપી શાપ લીધોરે મારા બાપ, મારી બાયડી છોકરાંને કયારે મળીશરે મારા માબાપ (આક્રંદ કરેછે)

૧ લો માણસ—અરે અમારા કયાં ભોગ લાગ્યા કે આ લંપટીઆ સાથે વહાણમાં આવ્યાં. હવે તો સોએ વરસ પુરાં થયાંરે મારી માડીયો.

૨ જો—અરે આ દુષ્ટના છાંટા આપણુને લાગ્યારે મારા બાપલા.

૩ જો—બંધુઓ હવે રડોમાં

"कूसंगे न दोषाणां, काष्टघंटा विटंबणा."

માટે કુસંગનાં ફળ આપણને પ્રાપ્ત થયાંરે મારા બાપ, હવેતો મુગે મોઢે પાણીની સપાટી તળે પરમેશ્વર પાંહે ચાલોરે મારા દીકરા.

૧ લો ખલાસી—એ હેઠ એ હેઠ હવે રૂઓ કાં વહાણુતો આં ભાજ્યું પરમેહરનું હગરણુ કરો હગરણુ.

૨ જો—અરે હવેતો હમરણુને બમરણુ આ વહાણનો ડંડતો ભાજી જીયો. મીઠીઆ આપણું પણુ મો'ત આવી રહ્યાં લ્યા!

૩ જો—અરે ભગલા હવે કરહું કેમ? હવેતો હકની હાથે મરવું ને વીવાહ જેવું ગણુવું. જો આ કાટકો થીયો. હવે વાહાણુ ગરી જવાને કાંઈ વાર નથી? બાપુ હાલ હવે સરવે ભેગા થઇ પ્રભુનું હગરણુ કરીએ.

૨ જો—હાલ ભાઈ હાલ

સર્વે—(છાઈ ગટા ગગનમે કારી. એરાહ.)

છે અકલ ગતી ઇશ તારી, દીઓ દુઃખ દધી પાર ઉતારી;
સંકષ્ટો સહુને કારી, લાગે જીંદગી ભય ભારી.
નથી બચવાની કાંઈ બારી, બતલાવો બાળ વીચારી;
જળ જોતાં ઉડે આકાશે, વા'ણુ હમણું ભાગી જાશે.
જળ જંતુ સહુને ખાશે, ઓ બાપ, કરીને માફ, કષ્ટ સહુ કાપ,
અરજ ઉર ધારી..દીઓ૦

(કડાકો થાયછે. વાહણુ બેટ સાથે અથડાઇને ખંડે ખંડ થઇ જાયછે. સ્થળ વાશી સર્વે જળ વાશી થાયછે. રૂપસુંદરીના હાથમાં વહાણુનો ડંડ આવવાથી તેને બાઝી પડેછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—બેનાતટનો કીનારો.

પાત્ર—ખારવાઓ. પછીથી રૂપસુંદરી.

ખારવા—(દરિઆ કીનારે નાવ હંકારતા ગાયછે.)

(સ્વારી કરી ચાલાક અસ્વ પર. એરાહ.

નાવ ચલાવો, ગીતો ગાવો, ધુમ મચાવો, ધનનનનન
હેતે આવો, હાથ હલાવો, વાપરો ખાવો, ખનનનનન
ઓટો આવે, ભોટો આવે, જાવા જાવે, ઝનનનનન
આપણુ જાવે, સોબત થાવે, શઢ ચઢાવે, સનનનનન
ઝટપટ જઇએ, ત્યાં ક્યાં રહીએ, આગળ થઇએ, થનનનનન
ખાવું ખઈએ, પાણી લઈએ, સુરા છઇએ, છનનનનન

(તેટલામાં એક ખારવાની નજર થાંભલાને વળગેલી રૂપસુંદરી પર પડવાથી.)

૧-ખા—(બીજાને) એ કેહવા ભાઈ! આફા જોનીતો આફા! મારી હાહરી ના હોડકાના ડંડ પર, એક પોયરી તણાતી આફા આવે.

૨-ખા— હુવે હુવેલ્યા! (એક છોકરાને) પોયરા પોયરા! આફા આવરે, આફા જોની, તારા જેવી ફુટડી એક પોયરી આફા તણાતી આવે

૧-છો—હુવે હુવે કાકા એ પોયરીને બહાર કાઢી લાખકે, બચારી પોયરી મરી ચાલહે, જોની પાણી પી ગએલી તે પેટડું ફુલી ગએલું?

૧-ખા—કેહવા પોયરો હાચુ કેહ, એ બચારી મનીખની જણીને આપણુ ઉગારહુંતો, પરમેહર આપડો પાડ ગાનહે.

૨-ખા—હોવે હોવે હેડો કે એક હાંગટા જોર કરી મરોકે ચટંદઈ પોયરીને હાગરમાંથી બહાર કાઢી લાછીએ.

(ખારવાઓ રૂપસુંદરીને દરિઆમાંથી બાહાર કાઢી પોતાની ઝુંપડીમાં લઇ જાયછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—ખારવાની ઝુંપડી.

પાત્રો—ખારવા, રૂપસુંદરી, પછીથી એક સોદાગર.

૧-ખા—ઓ કેહવા, કેહવા, પોયરીનું પેટ દબાવ કે હું દેવતા આણી, પોયરીને હેક કરૂં હેક, પોયરી તો મરી ગએલી જાણું.

૨-ખા—હોવે હોવે હું પોયરીના પેટડાગાંથી પાંણી કાઢી લાખુછું, તું કાપુસ લાવરે, કાપુસ, પોયરીને ગાંહે ભારી દીજીએ

૧-છો—એ કેહવા કાકા લેકે આ કાપુસ, પોયરીને ગાંહે ભારી દીએ, બચારી સંદરગાં જેવી પોયરી ગરી ચાલહે.

રૂપ—(શરીરગાં ગરમાવો થવાથી જરા આંખ ઉઘાડી ધીમે સાદે) અરે હું કયાં આવીછું.

ખારવા—(રૂપસુંદરીને જીવતી જોઇ ખુશી થતાં,) બોલ્યાં? પોયરી જીવતીહે, હેક કરો હેક, હાજી થાહે?

(શેક કરવા મંડી જાયછે, તેટલાંમાં એક સોદાગર પ્રવેશ કરી)

સોદાગર—(રોફમાં ખારવાઓને,) અરે ઓ? ખારવાઓ! તમે યાં શી ધાંધલ મચાવી મુકીછે? અને આ બાઇ કોણછે?

ખારવા—આવ આવરે શેઠ આવ; આ તારી કાંઈ હગી લાગેકે;

સોદાગર—(સ્વગત) આહા! લાગતો ઠીક મળ્યો છે, હવી ગ્રી

મળવી ઘણી દુર્લભછે, અન્યાસે મળી આવીછે તો શા સારૂં મુકવી જોઈએ, અતરેથી લઈ મારા દેશ ચાલ્યો જઈશતો કોણ જાણનાર છે, (ચાસન) હાભાઈ હા? તે મા'રી દીકરી થાયછે, તમે એને કયાંથી લાવ્યા?

ખારવા—હેઠ જોનીકે અમે બધાં હાગરમાં ફરવા ગએલા કેની-તેટલામાં હાંમેથી એક વા'ણના ડંડકાએ બાઝેલી તણાઈ આવેલી, તેને હમે દયા લાવી બહાર કાઢેલી, પછી ઝુંપડીમાં આણી, હારી પેઠે હેક કીધો તારે જરા આંખ ઊઘાડી ધીરે રહી બોલી જે અરે હું કયાં આવીછું.

સોદાગર—હાભાઇ હા !!! તેજ મારી દીકરી થાય, હમણાજ મને ખબર મળીકે, તમો બધાં તેને અત્રે લઇ આવ્યાં છો ? ભલું થયું ભાઈ હું તમારો પાડ માનુંછું, લ્યો? આ દસ મહોર તમારી મહે-નતની અને એને સાચવીને મારા વા'ણમાં મુકો, મા'રે તો એ, સાત સોનાના પાડની છે.

(ખારવાઓ મહોરો લે છે, બાદ સોદાગર રૂપસુંદરીને વા'ણમા નાંખી, પોતાના દેશ, કંચનપુરી તરફ રવાના થાય છે;)

પ્રવેશ ૫ મો.

સ્થળ—કંચન પુરીમાં સોદાગરનું મકાન.

પાત્ર—રૂપસુંદરી. પછીથી સોદાગર.

રૂપ—(ગગાગીનીમાં)——(ઓધવજી સંદેશો કેહેજો શ્યાગને.) એ રાહ.

કર્મ તણી કથની રે કોને જઈ કહું,
કયાંથી આવ્યો ફીટણ આવો કાળજો;
પ્રાણપતી પરદેશે પંથે કયાં પડયા.
મુકી મુજને મ્હોટી મહા જંજાળજો. કર્મ°. ૧
જન્માંતરમાં દુઃખ નજરે દીઠું નથી,
પીપીલીકા ઉપર પડીયો પહાડજો;
વ્હાલ તજીને વ્હાલે કીધી વેગળી;
ધર્મીને ત્યાં આશી મ્હોટી ધાડજો. કર્મ. ૨
દૈત્ત થકી પુત્રી કહી લંપટ લાવીઓ,
તેણે પણ દર્શાવ્યો વિષય વિચારજો;
પોત સહિત પોતે પણ જળમાં જઇ રહ્યો,

પાછી કાઢી માંછીમારે બ્હારજો. કર્મ.
સોદાગર કયાંથી શોધીને લાવીઓ,
તે પણ ચાલે લંપટશાની ચાલજો;
શિયળ તણું સંરક્ષણ ત્યાં શાથી થશે,
કામ વશે નહિં છોડે મારો છાલજો. કર્મ. ૪
કાળ મુખો કળકળતો હમણાં આવશે,
કે'શે મુજને કાંઇક દુષ્ટ વચનજો;
કેમ કરી રાખું હું ધૈર્યતા ધરી,
આખા અંગે જ્વાળા થૈ ઉત્પન્નજો. કર્મ. ૫
ધિ:ક્ક પડો મા'રા યૌવન વય રૂપમાં,
ધિ:ક્ક પડો જીવિત શિળ વીણ સંસારજો;
મો'તવિના મરવું તે કરતાં મુજને,
વ્હાલું લાગે સૌથી આને વારજો. કર્મ. ૬
મુજ માતાએ મ્હોટી શા સારૂં કરી,
કયાં નવ દીધું ગળથુથીમાં ઝેરજો;
સાગર બાપુ શાને કાઢી બારણે,
થાત ન આવો મુજપર કાળો કેરજો. કર્મ. ૭
જીવ કાઢું તો આત્મ ઘાતી હું ઠરૂં,
નથી છુટકારો પરમેશ્વરની પાસજો;
તે માટે હું ધિરજ ધારીને રહું,
પરમેશ્વરજી પુરજો મારી આશજો. કર્મ. ૮

(સોદાગરને આવતો જોઇ) અરે વળી આ કાળમુખો કયાંથી આવ્યો, એ વિભુ મારૂં રક્ષણ કરજો.

સોદાગર—(રૂપસુંદરી પાસે આવી.) કેમ હવે તું મા'રૂં કહ્યું માન્ય કરીશ કે નહીં? રડી રડીને મરી જઇશ, તોપણ આ સિંહના પંજામાંથી છુટવાની નથી. માટે એકવાર હા કહીદે. પછી જો તારા સુખનો સાગર કેવો ઉભરાય છે.

રૂપ—અરે ! ! ધર્મ પીતા, હું તમને કરગરી કહું છું કે મને જવાદો, અરે હું તમને પગે પડું છું કે, તમે મને માફ કરો. હું તો તમારી પુત્રી સમાનછું. મને ન સતાવો.

સોદાગર—દુષ્ટણી? તારે એકવાર મા'રા તાબે થવુંજ પડશે.

અને મારી સ્ત્રી થઈને રહેવુંજ પડશે. નહીંતો આ શમશેરથી તારા શરીરના ખંડેખંડ થઈ જશે તે ખચીત્ત માનજે.

રૂપ—(ક્રોધાંધ થઈ) અરે ! ! ! દુષ્ટ, ચંડાળ, ઘાતકી, અઘોર કૃત્ય કરનાર, વિશ્વાસઘાતી, સતી સર્પણીના અંગે સ્પર્શ કરવાના અભિલાષી. દુષ્ટ? હું તારાથી જરા પણ ડરનાર નથી. લે આ મારૂં શીર છેદી નાંખ, ચાહેતો મારા ખંડેખંડ કરી નાંખ, યાતો મા'રા શરીરની આખી ખોળ ઉતારી લે, પણ તારા દુર્વચનથી મા'રો આત્મા અપવિત્ર કરીશ નહીં.

સોદાગર—(અત્યંત ક્રોધથી) હું દુષ્ટ ! !! હું દુષ્ટ!!! ઘાતકી! લે રંડા જો આ સપાટો. (માંથાની વેણી પકડી જમીનપર ઘસડે છે)

રૂપ—અરે બાપજી મને માફ કરો હું ભૂલી,મને જવાદ્યો,આ મારૂં શરીર છોલાઈ ગયું. મારો દાંત પડી ગયો, અરે? મને મારવી હોયતો એકદમ મારી નાંખો, પણ આમ શા સારૂં રીબાવો છો?

સોદાગર—હવે ઉંટડો ફીનારે આવ્યો ખરો. પહેલાથીજ માન્ય કર્યું હોત તો આમ દુઃખ પામત.

રૂપ—અરે દુષ્ટ દુરબુદ્ધે, શું માન્ય કરાવે છે. સતીની શમશેરનો હજુ સપાટો જોયો નથી? હવે બસકર તારી જુબાન, નહીંતો હાથભર જીભ ખેંચી કાઢીશ.

સોદાગર— [જરા મારૂં કહેવું એહેની માન. એ રાહ.]

રંડા મારૂં કહેવું હજી માન. (૨)
છે નાદાન કે હેવાન, ભુલી ભાન. રંડા.
મો'તની નિશાની, હાથે કરી આણી,
બે'કયા બે'કયા બોલે બોલ, તારૂંણી ઉતારૂં તોલ;
ઝાડની સાથે બંધાવી, તીણા ભાલાથી વિંધાવી,
પરભાતે છેદાવીશ નાક અને કાન. રંડા.

રૂપ—અરે દુષ્ટ હેવાન, તારા દમથી હું કદી ડગનાર નથી ચાહ્યતો અત્યારથીજ મારૂં માથું કાપીલે.

રૂપ—(દૂર દૂર દૂર દુર ઓ નારી નકારી અજારી બેજારી. એરાહ.)
માન માન માન માન તેં તારી ખુવારી, વિચારી આ ભારી
માન માન.
સતીના રંગે સાર, શું તું કાઢશે, સ્પર્શે સર્પણી ડંખ મારશે;
શરમ શરમ ધરમ કરમ તજે શું ઢોર, બતાવી જોર.

માર માર કરન વાર, રહેશે તારે જીવે ભૂમી ભારે હેરાન. માન માન૦

સોદાગર—દુષ્ટા તું નહીજ માને શું ?(તેને બાઝવા જાય છે)

રૂપ—(દુર ખશી.) દુષ્ટ પરસ્ત્રી લંપટ, દુરાચરણી, દુર રહે, નહીંતો હમણાંજ બાળી ભસ્મ કરી નાંખીશ.

સોદાગર—(સ્વગત) અરે રખેને શાપ દઈ બાળી મુકે નહીં પૂર્વે સાંભળ્યું છે કે, સતી સ્ત્રીઓએ ઘણા પુરૂષો ને શાપ દેઇ બાળી નાંખ્યાછે. તો પછી મારા પણ તેજ હાલ થાય, કારણ કે જણાય છે તો સતી સરખી, નહીંતો આટલો બધો દમ દીધે માન્યા વગર રહે? એહેતરછે કે તેને વેચી નાણું વસુલ કરવું. પરાણે પ્રીત કરી પાયમાલ થવું નહીં (ચાસન) ચાલ દુષ્ટા માનતી નથી તો થા આગળ, જો હવે તારા હાલ હવાલ કેવા થાયછે. ભર બજાર વચ્ચે તને ફુટી બદામે વેચી તારા દોકડા ઉભા કરીશ, ચાલ થા આગળ?

(ધક્કા મારતો બજારમાં લેઈજાયછે.)

પ્રવેશ ૬ ઠો

સ્થળ—કંચનપુરીનો બજાર.

પાત્ર-સોદાગર,રૂપસુંદરી,પુરવાશીઓ,પછીથી કામશેના ગણિકા.

સોદાગર—(ડુંડી પીટાવતો ઉંચા સ્વરે.)સ્વદેશીઓ, આ ગંહાસાગરની મહા રૂપવંતી કન્યાનો વિક્રય થાયછે, માટે જેને ખરીદ કરવી હોય તેઓ સત્વર આવજોરે ભાઇઓ ઓ ઓ.

૧ લો પુરૂષ—(ચેષ્ટાથી) એ શેઠ એની શી કીમ્મત છે કીમ્મત?

સોદાગર--એની સવાલાખ રૂપીઆ કીમ્મત છે કીમ્મત.

૧ લો પુરૂષ--શેઠ, પચ્ચીસ હજાર લ્યો પચ્ચીસ.

સોદાગર--લીધી હવે તમે લીધી, તમારાથી નહીં લેવાય.

૨ જો પુરૂષ--શેઠ પચાસના કાકા લ્યો, છે ગરજી.

સોદાગર-કાળી કુબજા મળશે કાળી કુબજા આવી પુતળી નહીં મળે.

૩ જો પુરૂષ—(બીજાને) અરે ગરબડશા, આ સોદાગરનું સત્યાનાશ જાય એનું આ બીચારી નિરઅપરાધી, બાળાને કયાંથી હચકી લાવ્યો હશે?

૨ જો પુરૂષ—અરે ગોહડશા, એ કાળમુખો કોણ જાણે કયાં-

થાએ લાવ્યો હશે. બીચારી જણાય છે તો બકરી જેવી, એનું ખાણું ખરાબ થજો એનું.

કામશેના—(પ્રવેશ કરી) સોદાગરને કેમ શેઠીઆ, આ મૃગલી વેચવાની છે કે?

સોદાસર—હાજી હા, પધારો માલ તો આપના લાયકજ છે.

કામશેના—(રૂપસુંદરીનું રૂપ જોઈ) આહા! મૃગલી તે મૃગલીજ છે. અપ્સરાથી પણ અધીક સૌંદર્ય છે. આને ખરીદ કરવાથી પૈશાની પણ પૂર્ણ પ્રાપ્તી થશે. વળી રાજદરબારે યશ પણ વધશે. અને ધંધો પણ ધમધોકાર ચાલશે. માટે હાથ આવ્યું રત્ન રખડતું મુકી જવું નહી. એને આવેથી સોદાગરને આપેલાં નાણાં તો મને ત્વરીતે વસુલ થઈ જશે. માટે ખરીદ તો કરવીજ. (આસન.) શેઠ આની શી કીંમત છે?

સોદાગર—કીંમત તો જુજ છે. સવા લાખ રૂપીઆ.

કામશેના—અધધધધ, શેઠ. એટલા બધા તે પોસાય?

સોદાગર—ના પોસાય તો અમારો માલ અમારે ઘેર છે કયાં તમને ખોળા પાથરીએ છીએ કે લ્યો.

કામશેના—વારૂં શેઠ સવા લાખ લ્યો પછી શું. આલો ગણી આપું.

સોદાગર—ચાલો ત્યારે (રૂપસુંદરીને) ચાલ થા આગળ.

રૂપ—(લાચારીથી હાથ જોડી.) અરે શેઠ હું તમને પગે લાગી કહું છું કે મને ગણિકાના હસ્તક ના આપો? (બીજાઓને) અરે ભ્રાતાઓ કોઈ મને આ દુષ્ટ પ્રયોગથી મુક્ત કરો. હું તમારી જન્માંતર સુધી દાસી થઈ રહીશ.

કામશેના—હવે તું મારી થઈ ચુકી છું. કોની તાકાત છે કે તને ખરીદ કરે. ચાલ થા આગળ આ ગાડીમાં બેશી જા.

સોદાગર—ચાલ ચાલ થા આગળ શાણી સીતા જાણી તને, હવે ત્યાંજ તારા સતીપણાનો સપાટો નીકળશે તો.

(કામશેના રૂપસુંદરીને બળાત્કારે ગાડીમાં બેસારી પોતાના મહેલે લઈ જાયછે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—કામશેના ગણિકાનો મહેલ.

પાત્ર—રૂપસુંદરી, પછીથી કામશેના.

રૂપ— (માલિની છંદ.)

શિયળ સમયમાં આ, દુઃખ શાં દેખવાનાં;
પૂરવ જનમનાં આ, પાપ શાં ઉગવાનાં;
વિધિ સુવિધી કરીને, શાંતી દે તું સુધારી;
અન વિધિ દુઃખ તોડી, દે સુખે તું ઉતારી. ૧

કામશેના—(પ્રવેશ કરી) જુવો હવે તમારે જરા પણ રંજ કરવો નહીં, ગઈ વસ્તુ હવે પાછી આવે તેમ નથી. માટે શોક તજી ખાઓ પીઓ, વેણી ગુંથી સુગંધી તેલ ઘાલો, શરીરે અત્તરાદીકનું અર્ચન કરો, લલાટે જંગાલનું બીંદુ કરો, સુંદર આભુષણો અંગે ધારણ કરો, કરમાં કંકણ પહેરો, મુખે તંબુલ ચાવી નેત્રાંજન કરી અભીશારીકા વેશ ધરો. સુવર્ણ હીંચોળાખાટપર બેશી મન મગતા યુવાન પુરૂષોનું ચિત્ત હરી લક્ષ્મી ઉપાર્જન કરો, શા માટે દુઃખી થાવ છો? આ સૃષ્ટિમાં શું લઇ જવું છે? ફક્ત યોવન સુખ લીધું તેજ આપણું છે. કાલ મરી જવું છે. માટે મારૂં કહ્યું માન્ય કરો.

રૂપ—(ધીક્કારથી)(એસે ધોકા દેને વાલે મેને લાખો દેખે ભાલે.) એ રાહ.

અરે જાને નીચ નારી, તું છે નફ્ટ નઠારી. (૨) ટેક.
વ્રતને પડાવનારી, આબરૂ ગુમાવ નારી,
તું શું સમજાવ નારી, વેણુ હ્યાં વદે વિચારી. જાને૦ અરે૦
કુલટા કરે નિચ સંગ, પર પુરૂષોથી રંગ,
આણી મનમાં ઊમંગ, રાંડ એવા તારા ઢંગ;
બોલને વિચારી બોલ, ઊતારીશ તારો તોલ,
વધું વદે પડે ધોલ, કરીશ તું રડા રોળ,
તારી ઝાંપડીની જાત, જેવી કુતરાની ચાટ,
સૌ ખુંદે તારી ખાટ, તારૂં મુખ ત્યાંથી દાટ,
બસ બસ જાતું દુર દુર, દુષ્ટ મુખ દાખનારી. જાને૦ અરે૦

કામશેના—(સમજ ગવારી, તુજે ગધેકી સવારી. એ રાહ.)

સુણુરે દીવાની, તારી ઉતારૂં ગુમાની, બની બની મસ્તાની,
તારી વલે કરૂં; તારી

બોલી વધું બોલ, તારો ઉતારૂં હું તોલ, છુંદાવીને તારી છોલ;
માહીં મીઠું ભરૂં, માહીં
આ મા'રૂં ઘર બાર, નથી તારો અહીં ભાર, ખરે આવે મુને ખાર;
પાપી પ્રાણ હરૂં, પાપી;
લાવી આપી હુંડી, લાખ રૂપૈઆની લુંડી, રાંડ તોડું તારી મુંડી;
હવે નહીં ડરૂં; હવે
જાઉ છું આ વાર, રાંડ લાવું તારા યાર, સતી કાઢજે તું સાર;
હાશ હૈયે ઠરૂં; હાશ'

(એમ કહી જાય છે.)

રૂપ—(સ્વગત) અરે હાય! હવે હું શું કરૂં ને ક્યાં જાઉં, આ સ્થળે મારૂં શું ચાલવાનું છે, મકાન અને માણસો પણ તેનાજ છે. લાંચ આપવા જાઉં તો પણ પકડાઈ જાઉં અહીં શિયળનું સંરક્ષણ થવું મહા દુર્લભ છે. આ રંડા મારૂં શિયળવ્રત ભંગ કરાવી તેની દુષ્ટ મુરાદ હાંશલ કર્યા શિવાય રહેશે નહીં માટે મરવું એજ નિશ્ચય, આપઘાત કર્યા શિવાય એકે આરો નથી. હે પરમ કૃપાળું પરમેશ્વર નોધારાના આધાર આ દારૂણ દુખમાંથી મુક્ત થવાનો માર્ગ દર્શાવનાર તુંજ છે. (વિચાર કરી) અરે હા!!! ઠીક યાદ આવ્યું. સર્વ જાળ જંપ્યું છે. લાવ પાછલું બારણું ઉઘાડી પોબારા ગણી જાઉં. (બારણું ઉઘાડવા જાય છે પણ બ્હારથી વાસેલું જોઈ) હાય! હાય! આતો બ્હારથી ખંભાતી દીધેલું જણાય છે. હે પરમેશ્વર હવે હું ખરેખરી સપડાઈ. અરે આ ઓરડામાં મો'ત આણવાનું કાંઈ પણ સાધન મળતું નથી હવે હું શું કરૂં. જીભ કરડું, ગળે ફુંપો ખાઉં. હાય! હાય! એમ તે જીવ કેમ નીકળે, લાવ પેલી ડોકા બારીએ જોઉં. નાશી જવા જેવું હોય તો, ત્યાંથીજ ભુસકો મારી પલાયન કરી જાઉં. મધ્ય રાત્રી થઈ છે માટે કોઇ જાગતું પણ નહીં હોય. તેથી પડવાનો અવાજ પણ કોણ સાંભળનાર છે? (બારીએથી જોઈ) અરે હા! આ લાગતો સત્તર આની છે, પરમ કૃપાળુંએજ મને કૃપા કરી. આ માર્ગ દર્શાવ્યો છે. હે ભગવંત તારી મહનગતી છે. તારી કૃતીનો પાર નથી. તેનો આ દાખલો બરાબર છે. ચાલ જીવ હવે વધારે વિલંબ કરવામાં કાંઈ માલ નથી. "તરત દાનને મહા પુન્ય" તેમાંજ ફાયદો છે. (બારી પાસે જઈ કાછોટો મારી.) હે જગત નીયંતા જન્મજરા મૃત્યુના ભય નિવારણહારા. જગત પીતું હું તારા ખોળે છું.

(એમ કહી ભુસકો મારી રસ્તે પડે છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—ઘોર જંગલ.

પાત્ર—રૂપસુંદરી, પછીથી વાણીઓ તથા બે લુટારૂં ભીલ્લ.

રૂપ—(ચાલતાં ચાલતાં.) અરેરે!! હવે તો ચાલવાની મુદ્દલ તાકાત રહી નથી, બંને ચરણો કાંટાથી ભેદાઇ ગયાંછે. આખું અંગ પણ ઝાંખરાંથી ઝરડાઈ ગયું છે. રૂધીરની પણ ધારાઓ ચાલી રહીછે. શરીરપર ચીરનો કટકો સરખો રહ્યો નથી, ક્ષુધાથી આંખ્યો પણ ઉંડી જતી રહીછે. તૃષાએ કંઠ સુકાઈ જાય છે. અરેરે મારી શી દશા થશે. હું કોણ ને ક્યાંછું, મા'રો પતિ કોણ જાણે ક્યાંએ હશે. માત પીતા સાસુ સસરા પણ કોણ જાણે અહીંથી કેટલે દુર બેઠાં હશે, મારૂં શું થવા બેઠુંછે. કડાકાપર કડાકા ચાલ્યાં કરેછે. કોઇ દીવસ અન્ન મળેછે, તો કોઈ દીવસ ઉદક મળતું નથી. હાવી સ્થિતીમાં હું ક્યાં સુધી જીવીશ? ખરે ખર હવે તો સર્વેની જુદાઈમાંજ મારો જીવ જવાનો, અરે જેણે ટાઢ તડકો જોયો નથી, પગ પાળે ચાલી નથી, ભુખ તરશ વેઠી નથી, દુઃખ એ શબ્દ શ્રવણ કર્યો નથી, તેના ઉપર આટલો બધો ઇશ્વરી કોપ શો! અહો! એ બધો મારા પ્રારબ્ધનોજ વાંક તેમાં કોઇ શું કરે, હવે ચાલ પેલા વટવૃક્ષની છાયા તળે બેશી જરા આરામ લઉં. (વડની છાયા તળે બેસે છે તેટલામાં એક વાણીઓ બુમ પાડતો પ્રવેશ કરેછે)

વાણીઓ—અડેડેડે માડી નાખ્યાડે માડા બાપલીયા, લુંટી લીધારે મારા મા બાપ. (દોડતો જાય છે.)

રૂપ—(તેને સાંટો પાડી.) અરે વીરા ઉભારહો ઉભારહો, તમે કોણછો? ને આમ ગાભરા બની દોટો કેમ મુકો છો?

વાણીઓ—(રૂપ સુંદરીને જોઈ.) ઓ બાપરે ભુટ, ભુટ, ભુટ. ખાદ્યોરે માડી માડીઓ, મડી ગયોરે માડા બાપડીઆ.

રૂપ—અરે ભાઇ ભુત નથી અને પીશાચે નથી. હું તો મનુષ્ય જાતની સ્ત્રીછું. જરા ઉભારહી કહેશો કે. તમે ભયભીત થઈ ક્યાં ભાગો છો?

વાણીઓ—અરે માડી કાશીહી જાટરા કરી આવટાં આ વગડામાં ભુલો પડયો. તેટલામાં લુંટારાઓએ, દોટો મુકી ટોટો પકડી, સોટો મારી તોરો પડાવી લોટો દોરી લઈ રોટો મુકી, આણી ગમ દોડતા

આવેછે રે માડી માડીઓ. ટમે પણુ અહીંઠી પલાયણુ કડી જાઓ, નહીંટો ટમારી પણુ વલે ઠઈ જસેડે મારી માડીઓ, હુંટો આ જટો રહુ રે મારા માબાપ.

(જતો રહેછે.)

રૂપ—(ભય ભીત થઈ.)હેજીવ તારૂં પણ હવે સાથે લાગું આવી બન્યું, હવે નાસીને કયાં જાઉં, નક્કી મને તેઓ પકડી લઇ જશે.

બેલુંટારા—(ગાતા ગાતા પ્રવેશ કરેછે.)

(સાંભળો કીર્તિ મારી કહુંછું, એ રાહ.)

મારો ઝુડો માલ પડાવો, લઇ લોકોના પ્રાણ,
બીલ રાજાની ભારે ભરીએ, ખાલી થાતી ખાણ, મારો.
૧ લુંટારો—કો આવે બીલ્લુ સદ્ધરતો, બાંધી મારો માર,
૨ લુંટારો—એમાંતો હુંશીઆરી મારી, કદી ન ખાવું હાર, મારો.
૧ લુંટારો—હુંછું સુરો હામે પુરો, કરતા ચુરો ચાગ;
ખડગ ચલાવી માલ પડાવી, મારી હઠાવું હામ. મારો.
૨ લુંટારો—જોજો ચેવી રંભા જેવી, દીહે વડની હેઠ;
૧ લુંટારો—નીહરે જો નરની નારીતો, ઢહડી જાવું ઠેઠ. મારો.
બન્ને— ચાલો ઝટપટ મુકી ખટપટ, પકડો જઇએ પાસ;
બીલ રાજાને ભેટ કરી હું, કેહે સૌ શાબાશ. મારો

લુંટારા—(રૂપસુંદરી પાસે આવી.) અલી કહેજે ચીમ આ વડના ઝાડ હેઠ આવી બેઠી સું ડાચેણુસે કે વંતરી, બોલ હાચે હાચું. નકર આ ડાંગ બાળી સે મોડામાં દઈ સુંસું ભાગ્રી નાછીસ.

રૂપ—(લુંટારાને) બાપુ! હું દુઃખી સ્ત્રી છું. ને માર્ગમાં ભુલી પડી છું, તેથી અત્રે આવી ચઢી છું. મારાપર આટલો બધો કોપ કરી, ડોળા શા માટે કાઢો છો? હું છળી ગઈ છું. તમે કોણ છો? તે જરા મને કહેશો?

૧ લો—પાતરની જણી તારે અમારી શી પંચાત સે. અમે તો પારકું પોતાનું કરનાર સીએ, હમજી?

૨ જો—અલ્યા જેહલા આની પાંહે કાંઈ જરતો જણાતું નથી. હરીરે ચેંથરાં ચોટાડેલાંસે. એને તે લુટીને હું કરહું.

૧ લો—અરે હું કરહું તે હું, લઈ હાલો બીલ રાજાની પાંહે. તેને ભેટ કેરહું.

૨ જો—હા હા !! ઠીક થીયું મારી હારી દેખીતી તો ફુટ-ડીસે બીલ રાજાને પહંદ તો પડહે.

૧ લો—પહંદ તે ચમ નહી પડે, આવી ગોરી ગફલા જેવી સેને. (રૂપસુંદરીને) ચામલી ઉઠે સે કે નહીં, થા મો'રે નહીં તો લમણામાં એક દો છ.

રૂપ—બાપુ ! મને શા સારૂં સતાવો છો? હું ભુલી કે આ વડની નીચે બેઠી. લ્યો કહો તો હું મારે ચાલી જાઉં.

(જવા માંડે છે તેને અટકાવી.)

૧ લો—જોયું કે નાહુસે ક્યાં, ઉભી રહે ઉભી. બાળીસે આ- (તરવાર બતાવે છે.)

રૂપ—(હાથ જોડી.) રે જંગલના રાજાઓ હું તમને પગે પડી કહું છું કે મને જવા દો, અરે મને મારી નાંખો પણ બીલ રાજા પાસે લઈ જશો ના. કાંઈક દયા લાવો, આમ ક્રુર ના થાઓ, દુષ્ટ કર્મથી જરા ડર ખાઓ. પરમેશ્વરથી જરા બીહો. હાય હાય !!! મારૂં શિયળ હવે શી રીતે રહેશે. નક્કી હું પાપ્ણી ફસાઈ પડી.

(મુર્છીગત થઈ જાય છે.)

૧ લો—દલીઆ છોને મારી હાહરીની બુમો પાડતી, ઝાલી ટાંટીયાને નાછ ઝોળીમાં વાર થાહે તો વળી કોઈ આવી ચઢહે.

૨ જો—હું ઝાલ બોડું ને લે હું પગ ઝાલું નાછ ઝોળીમાં.

(ઝોળીમાં નાંખી બંને જણ ઉપાડી જવા રહે છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ—ભીલ્લ રાજાનું મકાન.

પાત્રો—ભીલનો રાજા, બે લુંટારા, રૂપસુંદરી અને પછીથી દેવતાઓ.

બે—લું—(ભીલરાજાને સલામ કરી) મહારાજ લુંટમાં હમને આજે આ બૈરી મળીસે તે આપને ભેટ કરીએ સીએ.

ભીલ્લ—તમોએ તેને ક્યાંથી આણી.

બેલ્લ—લું—મહારાજ વગડામાં ઝાડ તળે બેઠીતી તાંકણેથી આપના લાયક જાણી તાણી આણી.

ભીલ્લ—બહુ હારૂં કર્યું તમો બરાબર આપણા કોલ પરમાણે

હાસો સો, જાઓ આજથી તમારી પાહેંથી લુંટનો ચાર આની ભાગ લીએ છીએ. તે હવેથી બે આના કરંસું પછી કાંઈ.

બે-લું—વારૂં બાપજી આપતો માથાના મગટ સોને.

(બંને જાયછે.)

ભીલ—(રૂપસુંદરીને) અમલી હરણી. હું તને પહંદ પડુસુંને. હધળી બાયડીઓમાં હું તને પટરાણી કરીશ હમજી, હાલ હવે મારી હાથે, જરા નાચી કુદી ગમ્મત કરીએ. આજતો ધીઈના મણેહ બેઠા સો!!! (હાથ ઝાલવા જાયછે.)

રૂપ—(એકદમ હાથે તરછોડી) ચાલ ચાલ દુષ્ટ પરઅી લંપટ દુર રહે? જીબાન સંભાળીને બોલ તારૂં મોત આવ્યુંછે? મા બહેન ઉપર નજર નાખતાં શરમ નથી?

ભીલ્લ—(ક્રોધથી હાથમાં કટાર લઈ.)દુષ્ટ તું મને ગાળો દેછે લેઆવ બતાવ તારૂં જોર?

(ચોટલો પકડી જમીન પર પટકેછે તેટલામાં સિંહણની પેઠે ફાળ ભરી ભીલ્લના હાથમાંથી કટાર છીનવી લઈ રૂપસુંદરી તેની છાતી પર ચઢી બેસેછે.)

રૂપ—બોલ દુષ્ટ બોલ તું શું કહેવા માગેછે? હવે તારૂં કોણછે? હજી કહું છું કે કાંઈ કરતાં સમજે તો સારૂં.

ભીલ—(હસતાં હસતાં.) અરે હું તો સેંજ તારૂં પાણી જોવા હારૂં આટલું કરતો હતો. તારી મરજી ન હોય તો તું તારે સુખેથી હાલી જાને, પરાણે પ્રીત થાય તેમસે?

રૂપ—વારૂં ભાઈ સમજ્યો તો ઘણું સારૂં થયું. નહીતર ક્યારનું એ નવા જુનું થઈ ગયું હોત, લે હવે મને અહીંથી મુકત કર, જોજે પાછો ફરી જતો.

ભીલ—અરે બાપુ તું તારે ઉઠીને હાલી જાને, તને કુણ રોકસે.

રૂપ—(ઉઠીને) લે ભાઈ હવે મને રજા આપ.

ભીલ—(દાંત કચ કચાવતો) તું તો જાણુતી અહેકે, હવે મને સોડી દીધી, પણ બંદાના હાથમાંથી હવે કયાં સુટવાની સે,હજુ તો ભારથી મારી હાહરીનું કાળજુ દુખ્યાં કરેસે તે કયાં જાણું સું. જો હવે તેનો હવાદ કેવો ચખાડું સું. (છળાંગ મારી કટાર છીનવી લેછે)

રૂપ—(ગાભરી બની.) હાય હાયરે, મારી કટાર લઈ લીધી હવે હું શું કરૂં હે પ્રભુ તું હવે મને સહાય કરજે.

ભીલ્લ—હવે કયાં ગયું તારૂં જોર ને બોર, એકવાર હા કહીદે એટલે બસ. નહીતો ભાળી સે આ કટાર તેનો ભોગ થઈ પડહે.

રૂપ—અરે દુષ્ટ મારી નાંખ, છુંદી નાંખ, કટકા કરી નાંખ, એકજ વાર મરવું છે, મને મરવાને જરા પણ ડર નથી, પણ તારી દુષ્ટ વાંચ્છના કદી પણ પાર પડવા દેનાર નથી, ચંડાળ મેં તને જીવતો મુકયો તેજ મારી ભુલ થઈ. અરો વિશ્વાસઘાતી પાતકી નિરઅપરાધી અબળાના રૂધીરના તર્ષા, તને શત વાર ધિક્કાર હો, અરે તું હમણાં શું કહેતો હતો ને હાલ શું બકેછે, તારૂં અનર્થ થવા બેઠું છે, હું સતીને તું ના સતાવ.

ભીલ્લ—દુષ્ટા ગાળો દેછ,લે આવ બતાવ તારૂં હતી પણું. અહીંઆં તારી વારે કોણ આવે સે?

(આંચકો મારી જમીન પર પાડી નાંખે છે.)

રૂપ—(પડતાં.)હા દેવા મારી રક્ષા કરજો.

(જમીન પર ટુટી પડેછે તેટલામાં દેવતાઓ પ્રગટ થઈ ભીલ્લ રાજાને થાંભલા સરસો બાંધી, રૂપસુંદરીને ભયથી મુકત કરેછે;)

દેવતાઓ—(ભીલ્લને) અરે દુષ્ઠ ચંડાળ પાતકી પુરૂષ, તારો શિરચ્છેદ કરવામાં આવે છે,? તારાં જેવાં અધર્મીને, આ અવનિમાં રાખવા ઉચિત્ત નથી, માટે તું તારા પ્રભુને યાદ કર?

ભીલ્લ—(અતી કરૂણાથી ભય બીત થઇ રૂપસુંદરી ને.) સતીમાતું હું તને પગે પડું સું મને મરણથી મુકત કર.

રૂપ—શર્ણાંગત નિર્ભય રહો;

(રૂપસુંદરીના કહેવાથી દેવતાઓ ભીલ્લ ને મુકત કરી અદૃષ્ય થઈ જાયછે)

રૂપ—(ભીલ્લને) ભાઈ હવે મને માર્ગ દર્શાવ કે હું મારા પંથે પડું?

ભીલ્લ—ભલી બહેન તારી મરજીમાં આવે એણી ગમ હાલી જા, મારા બે માણુહો તને હોંપુ સું, તેઓ તું કહીશ ત્યાં તને પુગાડહે.

રૂપ—વારૂં ભાઇ તારૂં કલ્યાણ થાઓ, મા'રે તારા માણુસોની કાંઈ જરૂર નથી.

(એમ કહી અરણ્યમાં ચાલી જાય છે.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—પર્વતની ખીણ.

પાત્ર—રૂપસુંદરી એકલી, પછીથી રત્નજટી વિદ્યાધર.

રૂપ—(ચમકી.) અરે !!! આતે હું શું દેખું છું, હું ક્યાં આવી, મનુષ્ય અગર પશુ પક્ષીનાં પગલાં પણ માલમ પડતાં નથી. આટલાં બધાં બરાડાં શાનાં સંભળાય છે, હું ક્યાં જાઉં, માર્ગ પણ મળતો નથી. ગાડાનો ચીલો પણ દીસતો નથી, તમામ ગીચ ઝાડીથી આખું વન ઘમઘોર બની રહ્યું છે. હાય હાય !!! હું ખરેખર સપડાણી, મારો જીવ બહુ ગભરાય છે. ચીત્ત ચીરાઈ જાય છે હૈયું હાથ નથી રહેતું રે મારા બાપ, હમણાં કોઇ જાનવર આવી ફાડી ખાશે રે મારી માડીઓ? હું શું કરૂં? પાછા જવાની પણ હીંગત ચાલતી નથી. આ સમુદ્ર જેવા સરોવરના ખળભાટથી તો, વજ્રમય છાતીવાળા વિર પુરૂષોનાં પણ હૃદય ફાટી જાય તો પછી હું અબળા જાતીનું સું ગજુ. નિશ્ચે યમદેવજ મારૂં બળીદાન આપવા આ સ્થળે ઉપાડી લાવ્યો છે? તો મરવાથી ડરવું શું, હવે જીવીને શું કરવું છે. જેને પતીની પ્રાપ્તી થવાની આશા નથી. સુખની વાંચ્છા નથી, દેહની દરકાર નથી, તો પછી બહેતર છે કે, શિયળ વૃતનું સંરક્ષણ કરવા આ સરોવરને સ્વાધીન થઇ આતમઘાત કરવો એજ ઉચિત્ત છે. આટલે સુધીતો પરમાત્માએ મારી લાજ રાખી છે. હવે પછી કાલે કોણ જાણે શું એ થશે માટે ચાલ્ર જીવ વધારે વિચાર કરવામાં કાંઈ સાર નથી, સૂર્યની સાક્ષીયે પરમાત્માનું સ્મરણ કરી આ સરોવરને સ્વાધીન થાઉં.

(કોઇ રણકી મરજી કયા જાણે. એ રાહ.)

સુંણો જગત પીતાહો સુખકારી, કદી દુષ્ટ વૃતી નહીં વિચારી;
કરો નાથજી દોષ થકી ન્યારી, ચરણે આવું ધ્યો ચીત્ત ધારી,
આનંદ અતી ઓ ઉપકારી, સંસાર થકી હું તો હારી. સુણો.
નથી મળવાના પ્રીતમ પ્યારી, નહિ વેઠું કષ્ટ હવે કારી,
શી રીતે રાખું ધિર ધારી, પતીવૃત્ત પણું પ્રેમે પાળી;
હું આવું પાસ પ્રભુ તારી, છે છેલ્લી એજ અરજ મારી. નથી.

(એમ કહી સરોવરમાં પડતું મુકવા જાય છે તેટલામાં અંતરીક્ષથી નીચે આવતાં એક વિદ્યાધર તેને પડતાં અટકાવે છે.)

રત્નજટી— ગિતી.

હાંહાં વત્સ તું આ શું, આદરી બેઠી આત્મ તણી ઘાત;
શપત તને શ્રષ્ટિના, બહેની કરે જો તું ઝંપાપાત.

રૂપ—(આશ્ચર્યતાથી) અરે! અહીઆં મને ભગની કહી નહીં મરવાને શ્રષ્ટિના સોગન કોણ આપે છે?

રત્નજટી—(નીચે આવી) અરે બહેન તું કોણ છે? અને શા સારૂ જીવ ઉપર આદરી બેઠી છું તે તું કહીશ?

રૂપ—બાઇ હું દુઃખણીને તમો વધારે દુઃખી શા માટે કરો છો? તમે તમારા માર્ગે ચાલ્યા જાઓ. મને મરવાને શા માટે અટકાવ કરો છો?

રત્નજટી—દુઃખી બહેની હું તને દુઃખી કરવા ચાહતો નથી, મારો પ્રશ્ન તારા સુખના માટેજ છે. માટે સર્વ આળ પંપાળ દુર તજી તું તારો હેવાલ દર્શાવ? કે જેથી હું તને બનતી મદદ કરી. તારૂં દુઃખ દુર કરૂં.

રૂપ—વડીલ ભ્રાતા આપ કહો છો તે યથાર્થ છે, પરંતુ પર પુરૂષ સાથે હું જાદે સંભાષણ કરતી નથી, આપ કોણ છો? અને મારી સાથે કેવી રીતે વર્તવા ઇચ્છો છો? ત્યાર બાદ હું મારો હેવાલ પ્રગટ કરીશ. પણ ખબરદાર જો કાંઈ દુષ્ટ વાત કરી છે તો? જો તેમજ હશે તો તેજ ક્ષણે હું મારો આત્મા તમને અર્પી આત્મઘાત કરીશ.

રત્નજટી—(સ્વગત) અરે આ કોઈ દુઃખી સતી સ્ત્રી જણાય છે. માટે તેને અવશ્ય મારે સ્હાય થવું એ ઉચિત્ત છે. (ચાસન) બાઇ નિશ્ચંત રહે તું આજથી મારી ધર્મની બહેન છે, હું વિદ્યાધરનો રાજા છું, પરસ્ત્રીને સહોદરી સમાન ગણું છું. મારૂં નામ રત્નજટી છે, અને હું વૈતાઢ્ય પર્વતમાં રહુ છું. અંતરીક્ષથી તારૂં રૂદન સાંભળી, હું અતરે આવ્યો છું. માટે મારા તરફનો તારે જરાપણ અણભરંશો આણવો નહી. તું તારે સુખેથી તારૂં દુઃખ મને દર્શાવી તારા દિલને શાંત કર.

રૂપ—અરે ભ્રાતા મારૂં દુઃખ દર્શાવી તમને દુખી કરવા, તે હું દુરસ્ત ધારતી નથી. અરે હું મંદભાગ્યણીને, તમે દુઃખી થવાને ક્યાં મળ્યાં.

રત્નજટી—બ્હેન ધીરજધર ધિરજધર, આગ અકળાઈ આક્રંદ શા માટે કરે છે, પરમેશ્વર સૌ સારાં વાનાં કરશે. "સબુરીનાં ફળ મીઠાં છે" "સત્યને અંતે જય છે" "જીવતો નર ભદ્રા પામે" તે કહેવતો પ્રમાણે તું પણ સુખ પામીશ. માટે તું તારો હેવાલ નિવેદન કર, જેથી તારા દુઃખમાં ભાગ લઈ હું તને સુખી કરૂં.

રૂપ—વારૂં ભાઇ સાંભળો ત્યારે.

(કર્મની છે ગતી ન્યારી એ રાહ.)

ભણું શું ભાઈ દુઃખ ભારી, (૨) પડયું છે કષ્ટ શિરકારી
ચંપાપુર નયરે વસે, રિપુમર્દન મુજ તાત;
તનયા હું છું તેહની, રતિસુંદરી છે માત,
વણીક ધનદત્ત વિચારી, (૨) કીધી સગાઇ ત્યાં મારી. ભણું૦
અંગજ એનો એક છે, ધનવતીનો ધનસાર;
પ્રિતેથી પરણાવીઆં, બંને ને તે વાર,
રહ્યાં સુખમાં પ્રિતમ પ્યારી, (૨) ગયા કંઇ કાળ સુખકારી. ભણું૦
મગ પિયુ પ્રવહણ પુરી કરી, જાવા જાયે જામ;
દૈત્ત દ્વિપે તે આવીઆં, હું સાથે તે ઠામ,
સુતી હું બેટ બીચારી, (૨) મુકી નાઠો નિરાધારી. ભણું૦
આક્રંદ સુણીને ગાંહરૂં, આવ્યો રાક્ષસ તામ;
સ્થાપી પુત્રી પ્રેમથી, રાખી નિજ મુકામ;
આવ્યો તવ એક વ્યવહારી, (૨) ગઇ તે સાથ સુખ ધારી. ભણું૦
પુત્રી કહીને લઇ ગયો, દગો દઈ તે દંડ;
બળાત્કાર કરે જીહાં, વહાણુ થયું શત ખંડ;
ડુબ્યો સૌ સાથ દુરાચારી, (૨) મને માંછીએ નિસારી. ભણું.
સોદાગર પંજે પડી, હું હત ભાગી આમ;
વેચી વેશ્યાને વળી, મુજને મુંઢ હરામ;
જણાવે તે કરો જારી, (૨) નાઠી તવ રેન અંધારી. ભણું૦
વનમાં વડની હેઠ જ્યાં, બેસું દઈ નિસ્વાસ;
તવ લુંટારા લઈ ગયા, પલ્લી પતીની પાસ,
નફ્ટ થઈ કહેતું થા નારી, (૨) વળી ત્યાં બહુ મુને મારી. ભણું૦
દૈવે દોડ કરી તીહાં, પુરી મારી આશ,
પલ્લી પતી પાયે પડયો, આવી ત્યાં નિરાશ.

સરોવર આ સુખાકારી, (૨) પેખી મેં વાત વીચારી. બાણું૦
સ્નાન કરી સ્તુતી કરી, મરવા ઇચ્છું મન;
તબ અંતરીક્ષે મેં કર્યા, આપ તણાં દરશન
મતી આ ફેરવી મારી, (૨) આવી બહેનીને ઉગારી બાણું૦

પ્રીતમભાઈ બાકીનો શોક હેવાલ આપને શોષન છે. માટે આ ક્ષણ ભંગુર દેહનું હવે મારે શું પ્રયોજન છે?

રત્નજટી-- (સખી સુજેના કાંઈરે. એ રાહ)

શાણી સમજ કાંઈરે, (૨) આમ થાતું ના નાદાન. શાણી૦
દુઃખ સુણીને બ્હેની તારૂં, પામ્યો બહુ પરિતાપ;
ખમા ખમા રહે ધીરજ ધારી, સર્વ તજી સંતાપ શાણી૦
પુરવ કર્મનાં પાપથી પામી, સુખ તણુ સૌ દુઃખ;
દુઃખનો ઉદય અસ્ત થયો હવે, પામીશ સારૂં સુખ. શાણી૦
બેશી વિમાનમાં ચાલોને બ્હેની, જઈએ નિજપુરમાંય;
પરમકૃપાળુ પ્રેમે કરીને, સ્હાય થશે જગરાય. શાણી૦
ભાગ્યતણાં ફળ આજે ફળ્યાં મગ, સતી તણે દરશન;
દુઃખના ડુંગર દુર થયા બેની, ચાલો થઈ પરશન; શાણી૦
નીમીતીઆને પ્રશ્ન પુછીને, સધ્ય કરાવીશ શોધ,
નાથથી મેળવું નેહ થકી તમે, માનો બ્હેની મારો બોધ. શાણી૦

માટે બહેન તમારે જરા પણ ચિંતા રાખવી નહીં પરમેશ્વર સૌ સારાવાનાં કરશે મારે માતૃ જાઇ બહેન એક પણ નથી તેથી તને મારી સહોદરી ગણી તારી મનોકામના બનતી મહેનતે પરીપુર્ણ કરીશ.

રૂપ--વારૂં ભાઈ તમારો આવો આગ્રહ છે તો હું, આપનું વચન ઉત્થાપવા શક્તિવાન નથી, ચાલો આપની સાથેજ આવું છું.

(બંને વિમાનમાં બેશી વૈતાઢય ગિરીએ જાયછે. ત્યાં રત્નજટી ત્થા તેની પ્રિયા હેમપ્રભા સાથે કેટલાક કાળ સુધી સુખમાં દીવસ નિર્ગમન કરેછે.)

અંક ત્રીજો સમાપ્ત.

અંક ચોથો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—વૈતાઢયગીરીમાં રત્નજટીની રાજધાની.

પાત્રો—રત્નજટી એકલો, પછીથી રૂપસુંદરી, હેમપ્રભા, કૌષ્ટુકી, અનુચર વીગેરે.

રત્ન—(મનમાં) આહા !!! રૂપસુંદરી તે રૂપસુંદરીજ છે, શું તેની કાન્તી સ્વરૂપવાન છે. આવી બિચારી સતી બાળા ઉપર આટલો બધો કોપ, અરે! એ બધી પુર્વ કર્મનીજ કૃતી છે, તેમાં એ શું કરે. આવી સ્વરૂપવાન સ્ત્રી જોઇ કોનું ચિત્ત ચલાયમાન ન થાય? પૂર્વે મોટા મોટા રૂષીજનો પણ કામવિટંબણાના યોગથી ભ્રષ્ટ થઈ નષ્ટ થઇ ગયા છે. તો બિચારા પામર પ્રાણીનું તે શું ગજું? બ્રહ્મા પોતાની પુત્રી ઉપરજ આશકત થયા હતા, ઈંદુ ગુરૂપત્નિ સાથેજ લુબ્ધ થયો હતો, મહાદેવ ભિલ્લડીને જોઇનેજ ભમ્યા હતા, અને ઈંદ્રે અહલ્યાના યોગથીજ રૂષીનો શાપ લીધો હતો, માટે હું તેને જો વધારે દીવસ આ સ્થળે રાખીશ તો, મારી પણ તેજ ગતી થશે, તે કરતાં બહેતર છેકે, તે આવે તો તેને પુછીને તેની મરજી મુજબ તે કહે ત્યાં તેને મુકી આવી સુખ શાંતિ પામું. કારણ કે મારી વૃત્તિ પણ તેનુ સ્વરૂપ જોઈ કોઇ કોઈ વાર બદલાઇ જાયછે. પણ ચિત્ત પાછું ઠેકાણે આણી મનને મારી રાખુંછું. વચનથી ભ્રષ્ટ થઈ અનિતીનું આચરણ આદરી મોહ પાસમાં પડી જવાય તો પછી મારો છુટકારો કયાં? ખચીત નર્કનેજ સ્વાધીન થાઉં

(તેટલામાં હેમાપ્રભા સહિત રૂપસુંદરી પ્રવેશ કરેછે)

રૂપ—(રત્નજટી ને વીચારમાં જોઇ.) કેમ વડીલ ભ્રાતા શા-વિચારમાં છો?

રત્ન—બહેન વિચાર તો એજ છે કે, હવે તને તારા પતિ સાથે મેળો કરી આપી સુખી કરવી, કેમ તારી શી મરજી છે?

રૂપ—વડીલ બંધુ!!! આપનું કહેવું સ્તુતી પાત્ર છે, હું પણ એજ ઈચ્છા રાખુછું આ દેહ એટલાજ માટેજ આરોગ્ય રહી છે.

હેમ—(રત્નજટીને.) પ્રાણ નાથા ત્યારે તમે હજી સુધી વિલંબ કેમ કર્યા કરોછો? સત્વર તેની શોધ કરી મારી નણંદીને સુખી શામાટે કરતા નથી.

રત્ન––પ્રિયા મેં વિમાન લઈ સઘળે સ્થળે શોધ કર્યો, પરંતુ તેનો વહાણ સહિત કયાંઈ પણ પત્તો મળતો નથી, માટે આજ નિ-મીતીઆને તેડાવી તેનું નિરાકરણ તમારી સમક્ષેજ કરૂં છું. (અનુચરને) અરે કોઈ હાજર છે કે?

અનુચર—(આવી.) માહારાજ શી આજ્ઞા છે,?

રત્ન—સત્વર જઈ કૌષ્ટુકીને આદર સહીત અતરે તેડી લાવ.

અનુચર—જેવી આજ્ઞા.

(અનુચર જાયછે ને નિમીતીઆને તેડી લાવેછે.)

કૌષ્ટુકી––(પ્રવેશ કરી.) ખેચરપતી તમારો જય થાઓ, મારી પ્રતે શી આજ્ઞા છે?

રત્ન––પધારો મહારાજ બિરાજો આ આસન પર (બેસેછે.) મહારાજ પ્રશ્ન મુકી જુઓ કે, આ મહારી ભગનીનો ભરથાર હવે પછી તેને કયા સ્થળે પ્રાપ્ત થશે?

કૌષ્ટુકી—(પ્રશ્ન મુકી) ગીતિ.

આજ થકી ખટ માસે, બેનાતટ પુરમાં બન્ને મળશે;
રાજ ગ્રહી રાજાનું, વળી તુજ બેંની રાજ પુત્રી વરશે.

એજ સત્યછે હવે હું રજા લઉં છું.

રત્ન—(મુકતાફળ આપી.) પધારો માહારાજ આપનું વચન પ્રમાણ હો.

(કૌષ્ટુકી જાયછે.)

રૂપ––(અતિ હર્ષીત વદને) પ્રિય બંધુ હવે મને તે સ્થળે પહોંચતી કરોતો ઘણું સારૂં, અરે હું આપનો ઉપકાર કયારે વાળીશ?

હેમ—નણદલ!!! એમાં ઉપકાર શું વાળવાનો હતો. બહેનનું કામ ભાઈ કરે તેમાં શું ન્યાલ કરેછે?

રત્ન––બહેન તારો વિરહ હવે પછી હું કેવી રીતે વેઠીશ? અરે મારા દુઃખી દીવસ, તારા વીના શી રીતે નિર્ગમન કરીશ? પ-ણ શું કરૂં લાચાર છું, કે તારા પતીનો તને ભેટો કરાવી સુ-ખી કરવીછે, માટે હવે તારે જે જોઈએ તે માગી લઈ તારા વસ્ત્રા ભુષણની તૈયારી કર.

રૂપ—પ્રિય ભાઈ આપના પુન્ય પ્રતાપે મારી માતુશ્રી, જેવી ભોજાઈએ, વસ્ત્રાભુષણની કશી પણ ન્યુંનતા રાખી નથી. અરે વા

ભાઈ ભોજાઈ હું તમારાં દર્શન ફરીને ક્યારે કરીશ?

(હેમપ્રભાની કોટે વળગી રડેછે.)

હેમ—બહેના!!! આમ ધિરજ તજી દીલગીર થા માં, ભગવાન કોઈ વખત ભેટો કરાવશે.

(તે પણ રડે છે.)

રત્ન—પ્યારી બહેન એકવાર મારૂં વચન માન્ય કરી એક પણ વર માગ્ય? જેથી હું તને તે આપી કૃતાર્થ થાઉં.

રૂપ—ભ્રાતા હું આપના પ્રતાપે સુખી થઈ, હવે મારે કશી.—

હેમ—(તેને અટકાવી તેના કાનમાં.) બહેન તમારા ભ્રાત પાસે રૂપ પરાવર્તન, સહસ્ર હસ્તી બળ, પરચ્છેદન, અને અદ્રષ્ટ, એ ચાર વિદ્યા વચન માગી ગ્રહણ કરી લ્યો? જેથી કોઈ પણ સંકટ સમયે તમારો પરાભવ થાય નહીં.

રૂપ—ભાઈ આટલું બધું હેત દર્શાવોછો તો આપનું વચન આપી બહેન ને કૃતાર્થ કરો એટલે બસછે.

રત્ન—લે બહેન મારૂં વચન છે. તારે જે જોઇએ તે માગ હું આપવા તૈયાર છું.

રૂપ— ગિતી.

રૂપ પરાવર્તનને, હસ્તી બળ વળી પરચ્છેદન વિદ્યા
આ અદ્રષ્ટ પછેડો, અર્પી મામો કામ કોડ કીધાં.
રત્ન—લે આ રાખ પછેડો, વળી વિદ્યા શીખવું તુજને સર્વે;
કષ્ટ સમયે સંભારી, વાપરીને તું દુશ્મનને ડરવે.

(વિદ્યાઓ સિદ્ધ કરાવે છે.)

બહેન તારી વિદ્યાઓ સિદ્ધ થઈ. હવે ચાલ આ વિમાનમાં બેશી જા. હું તને બેનાતટ પુરે પહોંચતી કરૂં.

(બંનેને હાથ જોડી વિમાનમાં બેસતાં)

રૂપ— (દયાળુ દેવ કૃપાળુ તું. એ રાહ.)

ભાઈ ભોજાઇ તે મ્હારી, અરજ આ લ્યો ઉરે ધારી. ટેક.
માગું છું માફ હોયે જે વાંક, ઘોવિસારી ઘોવિસારી. .ભાઇ.
બહેની જાણી ઘરે આણી, નિરાધારી નિરાધારી. ભાઈ.
માગ્યું મેં મુખ સોપ્યું તે સુખ, ભાઈ ભારી ભાઈ ભારી. ભાઈ.
જણાવ્યું જોર ગુણોની ચોર, હું તું મારી હું તું મારી. ભાઈ.

હતી દુઃખી કીધી સુખી, તમે તારી તમે તારી. ભાઇ.
હવે જ્યાં જઈશ સુખી ત્યાં થઈશ, છો ઉપકારી છો ઉપકારી. ભાઇ.
રજા માગું પાયે લાગું, લ્યો વિચારી લ્યો વિચારી. ભાઇ.
કૃપા કરશો ન વિસરશો, એ'ની પ્યારી એ'ની પ્યારી. ભાઇ.

હેમ—(રૂપસુંદરી અશ્રુપાત કરે છે તેને છાતી સરશી ચાંપી.)

(મેરે ગમકા તરાના સુનીયે રીશાના. એ રાહ.)

થાઓ શાંત ઓ શાણી, દિલે દુભાણી કેમ કરો કલ્પાંત;
વદો છો શું આ વાણી, આમ અજાણી, આણીને પાણી. કેમ.
આપને વદવાં આમ ઘટે ના, બાઈ નકામા બોલ;
પુરણ ભાગ્યે પામ્યા તમોને, કાંઈ કરો તન તોલ.
છે સોગન શાણી, આણો જો પાણી, બોલીને તાણી. કેમ.
માફ તમે શું માગો અમારી, માફ કરો અમ વાંક;
દૈવે જુદાઇ જોર કરીને, વાળ્યો આડો આંક.
આવજો યાદ આણી, દુઃખે ભરાણી, ભોજાઇ જાણી. કેમ.

માટે બહેન શાંત થાઓ પ્રભુ કૃપાએ પાછાં તરત મળીશું.

રૂપ—ભાભી હવે હું રજા લઉ છું. મને વિસારશો નહીં હો. કોઈ કામ વેળા મને યાદ કરજો. તમારા વિના મને ઘડી પણ ગોઠશે નહીં.

હેમ—બહેન લાચાર છીએ. ઈશ્વરી બનાવ આગળ આપણો કશો ઉપાય નથી. તમારૂં કલ્યાણ થજો. ને પતીની પ્રાપ્તી કરી અખંડ સૌભાગ્યવંતી રહેજો.

રૂપ—પ્રિય ભાઇ ? હવે ચાલો. વખત વ્યતીત થાય છે.

રત્ન—(જરજરીત સ્વરે) ચાલ બહેન ચાલ. જેવી તારી મરજી.

(વિમાનમાં બેસારી રૂપસુંદરીને બેનાતટપુરમાં મુકી દુઃખી થતો રત્નજટી પોતાના નગ્રમાં આવે છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—બેનાતટપુરીના બજારનો દેખાવ.

પાત્ર—રૂપસુંદરી, એકલી પછીથી એક પુરૂષ.

રૂપ—(પુરૂષ બની બજારમાં પ્રવેશ કરે છે).

(ખુશ રહો સનમજા. એ રાહ.)

શું શોભીત સુંદર શહેર ભલું મન ભાવે, પેખી મનને આનંદ અતી ઉપજાવે;

ધર પોળને મંદીરમાળ,મણાનહીંતેમાં,વસેવર્ણઅઢારે વાસસુખી સૌએમાં;
બહુ દિસે બજારે લોક વણીકવ્યાપારી,કરે વણજ આપણોબેશી ધંધાધારી;
કાપડીઆરહી કમઠાણ મચાવેકેવાં, આવોઆવો કહીબાઝે બળધીયા જેવાં,
આ કંદોઈ પટવાઓળ,ચોકશીજોડે,કોઇ જાયખરીદીઓ ત્યાંહીપકડવાદોડે;
સામે સૌ બેઠા સરાફ હુંડીઓ આલે, કાંઇ ખોટ ગઇતો ઉંધી પાઘડીઘાલે,
ઓ ઝવેરીનું માઝન ઓટલે બેશી, કરે હસ્ત મેળાવી વાત કાનમાં પેશી;
કંસારા કાગદી સાથ કાછીઆ બેસે,બોલે જઈનું ત્રણશેર અરેકોઇ લેશે,
જઇ ગુજરીની પણ જોઈ તલાવટ તેવી,દીસે નયરી આ નવિનઈંદ્રનાજેવી;
બહુ ફરી પૂરમાં ફેર ફુદડી આજે, હવે પુછું કોઇને ઠામ ઉતારા કાજે,
(એક પુરૂષને જતો જોઇ) અરે ભાઈ આટલામાં કોઇ માળણનું ઘરમળશે?

પુરૂષ—ભાઇ આ ચુગલીચોક તરફ જાઓ તો ત્યાં રાજ-
માળણ ગંછાનું ઘર છે.

રૂપ—ભાઈ ચુગલી ચોક તરફ જવાનો રસ્તો દર્શાવશો તો
મ્હોટી મેહેરબાની થશે કારણકે હું અંજાણ્યો છું?

પુરૂષ—(લાંબો હાથ કરી.) આ શાકવાળાની સાથે સટ્ટાનું
મહાજન મુકી, સરૈયા ઓળ સાંધી કાપડવાળાની કોરે થઇ, વાંકા
વળી સીધી સડકે પાણી વાળાની પરબ મુકી, શિર બંધારાની સાથે
છાયલવાળાને છેડે આરબના ઓટલાની આગળ, પથ્થરની પાટ સા-
મેનું પહેલુંજ મકાન.

રૂપ—વારૂં ભાઈ તમારૂં કલ્યાણ થાઓ

(બંને પોતાને માર્ગે જાયછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—મંછામાલણનું મકાન.

પાત્ર—માલણ–વિમળસેનના રૂપે રૂપસુંદરી અને માળી.

રૂપ—(મંછામાલણ પાસે આવી) બહેન મંછામાલણનું ઘર
તે આજ કે?

મંછા—(સ્વગત) અરે આ કોઈ ભાગ્યશાળી પુરૂષ જણાય
છે? (ચાસન)હા વિરા હા પધારો.

રૂપ—(તેના હાથમાં દસ મહોર મુકી) બહેન લ્યો આ મ-
હોરોને મારા માટે ઉતારાની સોઇ કરો.

મંછા—(મહોરો લઈ હર્ષિત વદને) વિરા આપ મેડી ઉપર

પધારો, હું રસોઈની તૈયારી કરૂં છું, તે જમી આપ જરા આરામ લ્યો.

રૂપ—વારૂ બહેન જેવી તારી ઈચ્છા.

(રૂપસુંદરીને જમાડયા બાદ.)

મંછા— **ગિતી.**

સત્ય કહો વિર શાથી, આંગ એકલાં વિદેશમાં વિચરો,
રાજ પુત્ર થઈ રખડો, કારણ શું છે આજ એજ ઉચરો.
માત પિતા કયાં મુકયાં, વળી નિજ નામ કહો નૃપતિ શું છે,
આ અવની તલમાંહે, રાજ્ય આપનું ભાત્ર કહો કયાં છે.

રૂપ— (નારીના કટાક્ષ પાસે) એ રાહ.

સુણબે'ની માહરી, હું રાજવી નહીં,
રાજયપાટ મારૂં નથી, અવનિ મહીં.
નગ્ર ચંપાપુરી જેછે, મા'રૂં ત્યાં મુકામ,
ઉદર ભરણ આવ્યો હુંછું, બે'ની આને ઠામ.
વિમળસેન વા'લી મારૂં, નામ સહુ વદે,
વચન ઉચરૂં છું એજ, રાખજો હૃદયે.
પૂરપતિ આ પુરનોજો, રાખશે અહીં,
તો વ્યતિત કરશું કાળ, આ સ્થળે રહી.
કોણ રાજયનો ધણીઆ, શું છે તેનું નામ,
કૃપા કરી કહોને બે'ની, તેનું કયાં મુકામ.

મંછા—ભાઈ અહીંના રાજાનું નામ ગુણપાળ છે, ને તે મહા પ્રતાપિને ધર્મી પુરૂષ છે.

વિમળ—બહેન મારે રાજ્ય કચેરી જોવાની ઈચ્છા છે, જો તમારી મરજી હોય તો જાઉં.

મંછા—ભલે વિરા સુખેથી પધારો, કોઈ વાતની અડચણ નથી. મહારાજા આપની મુલાકાત લેશે.

(તેટલામાં પડહ વાગતો સાંભળી માલણને.)

રૂપ—બહેન આ પડહ શેનો વાગે છે.

મંછા—અરે બંધુ આ નગ્રને માથે મો'ટો ઉત્પાત થયો છે, દરરોજ રાત્રીને સમે અદ્રષ્ય રહી ચોર ચોરી કરી સર્વેના ઘરો લુંટી લેછે, અને માણસોને પશુવત્ બનાવી દેછે, મહારાજાએ ઘણી મહેનત કરી પણ ચોર હાથ લાગતો નથી, આખા શહેરમાં હાહાકાર થઈ રહ્યો છે, તેથી નિરાશ થઇ રાજ્ય તરફથી એવો પડહ વજડાવવામાં

આવ્યો છે કે જે કોઇ ચોરને પકડશે તેને મહારાજા અડધું રાજ્ય અર્પણ કરશે.

વિમળ—ઘણી દિલગીરીની વાત, બહેન હવે હું રાજ્ય કચેરીમાં જવા રજા લઉં છું, મારો સર્વે સામાન તમારા સ્વાધિનરાખજો.

મંછા—ભાઇ તેની તમારે લેશ માત્ર પણ ચિંતા રાખવી નહીં, (માળીને) ક્યાં સાંભળો છો જાઓ મારા ભાઈની સાથે. રાજ્ય કચેરી બતાવી આવો.

માળી—(રૂપસુંદરીને) ચાલો સાહેબ.

વિમળ—હા ભાઈ ચાલો.

(બન્ને રાજ્ય કચેરી તરફ જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ રાજ્ય કચેરી.

પાત્રો—ગુણપાળ, પુરોહિત, સેનાધિપતી, કોટવાળ, વિદુષક, છડીદાર, પછીથી વિમળસેન તથા પુરજનો વિગેરે.

છડીદાર—(રાજાને પ્રવેશ કરતાં) પ્રજાપ્રતિપાળ દિનદયાળ પૃથ્વિપતિ મહારાજાધિરાજ ગુણપાળ મહારાજાને ઘણીખંમા.

(સર્વે ઉભા થઈ વંદન કરે છે.)

ગુણપાળ—(થા શુરવિર ધરી ધિર તું તૈયાર) એ રાહ.
ઓ શુરવિર સીરદારરે આ વાર, શોધી લાવો શત્રુ જલ્દી જઈને આઠાર,
કેમ તમે હામ, હારોછો તમામ, એ પાપીનો તમારી આગળ શું છે ભાર.

પુરો—મહારાજ અમો અહો રાત્રી તેનીજ શોધમાં છીએ, પરંતુ ક્યાંએ તેનો પતો મળતો નથી. શાથી કે ચોર અદ્રષ્ય રહી ચોરી કરે છે તેને ક્યાં પકડીએ, સન્મુખ મળેતો અમારી સમશેરનું પાણી પણ આપ જુઓ.

છડી—(પ્રવેશ કરી) મહારાજ બહાર કોઇ ક્ષત્રીપુત્ર આવેલો છે, તે આપને મળવા ઇચ્છે છે,

ગુણ—સુખેથી તેને પ્રવેશ કરાવ? (છડીદાર વિમળસેનને પ્રવેશ કરાવે છે.)

વિમળ—(પ્રવેશ કરી) મહારાજાધિરાજ હું આપને અભિવંદન કરું છું.

ગુણ—દિર્ઘાયુષી વિર પુત્ર તમારો જય થાવ.

(તગદીર જાગી તુગારી હમારી.) એ રાહ.

આવા ગમન કેમ પાસ હમારી, સત્યવદો વિર પુત્ર વિચારી. ટેક.
નાગ કહો નિજ નેહે કરીને, ધામ કહો કીહાં ધ્યાનમાં ધારી. આ.
બાળપણે બા'રવા'લા વિદેશે, વિચરો કેમ શું કષ્ટછે કારી. આ.
અસત્ય એકે ન આપ ઉચરશો, સત્ય કથા કહો તમે તમારી. આ.

વિમળ— (નજર આઇ મુઝકો અજબ મહેલકા) એ રાહ.

પુરી એક ચંપાછે દુરે ઘણી, રિપુમર્દન છે ત્યાંનો ધણી,
મારી જન્મભુમિ એમાનો હજુર, ઉઠાવતો આજ્ઞા હું તેહતણી;
પૃથ્વિ પરદક્ષણાએ નિસર્યો, સુણી નામ આવ્યો આ નયરી ભણી.
વિમળસેન નામે હું જગછું જાહેર, આવ્યો જાણી ઉદારતા આપણી,
રહેવું ચાકરી જોઇ રાખો તમો, અગર નાકહો છો મુગટના મણી;
પછી અહીંથી જાશું વળી કોઇ ઠામ, તાબેદારને નોકરી છે ઘણી;

ગુણ—તમે કોઈ રાજ્ય પુત્રછો? તે તમારી ચિકીત્સા ઉપરથીજ જણાઇ આવે છે, તમને દાશત્વ હોવજ નહીં.

વિદુષ—હા મહારાજ જણાય છે તો કોઇ રાજવંશી જેવાં, પછી તો પ્રભુ જાણે.

વિમળ—નામદાર આપ મહા પુરૂષ છો, તેથી પ્રસંશા કરો તેમાં નવાઈ શી, પરંતુ રાજ્યવંશીઓમાં રહી તેમની ચાતુર્યતા શીખ્યો છું તેથી આપને એમ લાગતું હશે.

ગુણ—"સોબત તેવી અસર" તમારૂં કહેવું યથાર્થ છે, જો તમારી ઈચ્છા તેમજ છે તો, આજથી હું તમને બેનાતટપુરના બંદરનો ?ંડવીઆનો હોદ્દો આપું છું. હવે પછી ત્યાંનું દાણ તમારા હાથથીજ ચુકાશે, પછી કાંઈ. હાલ તમારો મુકામ કયા સ્થળે છે?

વિમ—મહારાજ તમારો જયથાવ, મારો મુકામ હાલ મંછામાલણને ઘેર છે.

ગુણ—(કોટવાળને) કોટવાલજી તેમના ઊતારા માટે, આપણો કાચ મ્હેલ ઊઘાડી આપી, તેમને જોઈતી વસ્તુ પુરી પાડજો?

કોટવાળ—વારૂં મહારાજ, જેવી આપની આજ્ઞા.

ગુણ—(કાનુમાં ઘોંઘાટ આવવાથી) અરે છડીદાર બહાર જો; તો આટલો બધો કોળાહળ શેનો થાય છે?

છડી—(જોઇ આવી) મહારાજ બહાર પુરવાશીઓએ ધુમ-

રાણુ કરી મુકી છે, ને કહે છે કે ફરીઆદ છે, ફરીઆદ છે, ફરીઆદ છે.

ગુણુ—જા તેઓને છાના રાખી પ્રવેશ કરાવ?

(છડીદાર જાય છે ને કેટલાંક પુરૂષોને અંદર લાવે છે.)

પુરજનો—(આતે કેવી રીતો તોડીનાખી પ્રીત, ભુલ્યો) એ રાહ.

મા'રાજા જુલમ, ચોરનો જુલમ, જાણે આવ્યો જમરે, આવારરે આવાર.

બ્રાહ્મણ—લુંટે બહુ ધંન, બનીને મગન, થાયેના સહનરે, આવા૦

ખત્રી—ખર, કપિ, શ્વાન, બનાવે નાદાન, લેછે સોના જાનરે, આવા૦

વાણીઓ—માડી નાખ્યાબાપ, ઠાયછે સંટાપ, હાવાશા અડાપરે આવા૦

ફીરંગી—ખાટર પારાવર, લુંટ લીયાજર, હાયે નામ વરરે. આવા૦

મારવાડી—હગરોગાકો માલ, એટીરો લઈ કાલ, ભાગીઓ કૃપાળરે. આ૦

ગુણુ—અરે મારી પ્યારી પ્રજા હવે તમો શાંત થઈ તમો તમારે ઘેર સુખે પધારો, હું તે વીશેનો બંદોબસ્ત બરોબર કરૂંછું.

(પુરજનો સર્વે જાયછે.)

ગુણુપાળ—　　"અંગ્રેજી રાહ."

(સલામ, સલામ, સલામ—એ રાહ.)

ગજબ ગજબ ગજબ, શું શહેરમાં ગજબ?
ધિર વિર સુર સામંતો, શું આ અજબ—ટેક.
ઠામ ઠામ ત્રાયે ત્રાયે, હાય હાય છે?
ચોરના ભયેથી લોક, ભાગી જાય છે.　　ગજબ૦
હુંધો હુંધમાં તે વિરો, આ શી વાત છે?
જલ્દી જાઓ, બાંધી લાવો, બહુ ઊત્પાત છે?　　ગજબ૦

સામંતો— (પ્રભુ મારી હિમ્મત ધારી,) એ રાહ.

પ્રભુ અમે હીંમત ધારી, કરમાં કટારી,
લઈ રેન સારી, ચોરને મારી, સુખી કરીશું શહેર.—ટેક.

ગુણુ—ઠેર ઠેર ઠેર, મારો મહાવીરો, ચોરને ચીરો,
તિણા લઈ તીરો, હો રણધીરો,
નેત્રના નિરો, જઇને ચીરો ઠેર.　　પ્રભુ૦

મા'રા સુરા સામંતો જો તે કામ કરવામાં કસુર કરશો તો, હું તમને એકદમ હદપાર કરીશ, તે ખચિત માનજો.

સામંતો—મહારાજાની જેવી આજ્ઞા?

વિદુ—નામદાર આ સામંતોની તો, ચપટીમાં તે ચોર ચટણી કરી જશે, બિચારા ગખ્ખીગારતે શું વાઘ મારવાના હતાં, એતો

હું જેવા બંદાનુંજ કામ.

છડી—કચેરી બરખાસ્ત પે નીધા કીજીએ મહેરબાન સલામ

(કચેરી બરખાસ્ત થાયછે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—રસ્તો.

પાત્રો—ચોર પછી, પુરોહિત, શેનાધિપતી, કોટવાળ, અને વિદુષક.

ચોર—(પ્રવેશ કરી) આહા! આજે તો ખરેખરો બહાર આવ્યો છે, સુરા સાંમંતોની શોભાનો તો પારજ રહ્યો નથી, પુરોહિતનું મોં કપિ સમાન કરી દીધું છે, શેનાધિપતીની હડધી દાઢી મુંછ કાપી લીધી છે, અને કોટવાલજીનું ઘર, તવા જેવું કરી મુકયું છે, જોઉં છું કે મહારાજા શું કરે છે, ચાલ હવે રાજકુંવરીનું હરણ કરી, મારા પંથે પડું.

(ચોર જાયછે, ને પુરોહિત, સેનાધિપતી, કોટવાળ પ્રવેશ કરેછે.)

પુરો—શેનાધિપતી હવે આપણે શું કરવું, ચોરે તો આપણા ઊપર મહા જુલમ કરી દીધો છે, હવે મહારાજાને શું મોં' દેખાડીશું?

સેના—અરે! પુરોહિતજી હવે તો હદ વળી ગઈ છે.

કોટવાળ—અરે! શેનાધિપતી, મહારાજા, હવે આપણને નક્કી દેશ પાર કરી દેશે, હાય હાયરે હવે આપણા બૈરાં છોકરાંની શી દશા થશે, મા'રા મનમાં તો રડું રડું થઇ જાય છે.

વિદુષક—(પ્રવેશ કરી) કાં ભાઈબંધો શો વિચાર કરો છો? કેમ ખેરીઆત તો છે? (તેમના મુખ સામું જોઈ ચમકી) અરે! આ શી તમારી દશા!

(મજે ઊડાતું મયે કરકે અલ્લા) એ રાહ.

આશી તમારી શીકલ હું દેખું, વાહવા! વાહવા! વાહવા! વાહવા!
કપિ સમ મુખ જોઈ, દાઢી મુંછો શાથી ખોઈ,
મોહી જશે નારી કોઈ, અંધ બન્યા રોઈ રોઇ,
પ્હેલવાનો આ શા મુખડા હું પેખું, વાહવા! વાહવા! વાહવા! વાહવા!
હું છું ખરો શુરવિર, શાને તજો તમે ધિર,
તાકી તાકી મારૂં તીર, હૈયાનું શું ખુઓ હીર,
કોટવાલને ઘેર નહીં લક્ષ્મીનું લેખું. વાહવા! વાહવા! વાહવા! વાહવા!

પુરો—શું હરામખોર તું અમારી ચેષ્ટા કરે છે,
(મારવા જાય છે તેથી વિદુષક નાશી જાય છે તેની પછવાડે ત્રણે દોડે છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—રાજ્યકચેરી.

પાત્રો—ગુણપાળ, સેનાધિપતિ, કોટવાળ, વિમળસેન, વિદુષક, છડીદાર, સભાસદો ને પાછળથી ખીમજી ખવાસ.

છડીદાર—બડેજાવ મહેરબાન દોલતમંદ્દા મહારાજાધિરાજ ગુણપાળ મહારાજને ઘણી ખંમા.

ગુણપાળ—(સિંહાસને બેશી) કેમ સેનાધિપતિ પુરોહિત ક્યાંછે?

કોટવાળ—મહારાજ તે દુષ્ટચોરે પુરોહિતનું મુખ મર્કટવત કરી દીધું છે, તેથી કચેરીમાં આવવા અશક્ત છે.

ગુણપાળ—(આશ્ચર્યતાથી) હેં !! હેં !!! આ શું કહો છો ?

સેનાધિ—શિરતાજ કોટવાળજીનું કહેવું સત્ય છે.

ગુણપાળ—કેમ સેનાધિપતિ તમેં ચોર પકડયો કે? આ દાઢી મુંછો કેમ મુંડાવી નાંખી છે

વિદુષક—(વચમાં) મહારાજ એતો એગની ડોશી મરી જવાથી મુંડાવી નાંખી છે.

સેનાધિ—ગરીબ પરવર તે હરામખોરે હુંઘમાં અડધી દાઢી મુંછ કાપી નાંખ્યાથી કાઢી નાંખી છે શું બન્યું તેની ખબર નથી.

ગુણપાળ—કેમ કોટવાળજી તમે શું કર્યું ?

વિદુષક—મહારાજ એમને ઘેર તો લક્ષ્મીનું લેખુંજ રહ્યું નથી, ચોરે સાવ તવા જેવું કરી મુકયું છે.

(તેટલામાં)

ખીમજી—(પ્રવેશ કરી) નામદાર મહારાજા ગજબ ! ગજબ!! ગજબ !!!

વિદુષક—અલ્યા ખવાસ વળી શા સ્નાનના સમાચાર લાવ્યો છું. વળી બીજી કાંઈ મોકાણ મંડાઈ છે કે શું ? મારે લુગડાં ઉતારવા જેવું તો નથી ?

ગુણપાળ—ખીમજી સ્તવર કહે ? શું બનાવ બન્યો છે ?

ખીમજી—અન્નદાતા આપની ઘેર હાજરીમાં કોઇ હરામખોર હિરાકુંમારીનું હરણ કરી ગયું છે. ઘણો શોધ કીધો પણ પત્તો લાગતો નથી.

ગુણપાળ—(ક્રોધાયુક્ત) અરે! આ શો ગજબ!

(ક્ષત્રી કલંક એ રાહ.)

અરે આશું પેખું છું હું ઉત્પાત, ક્ષત્રીમાંથી શું શુર ગયું રે.
શું? નક્ષત્રી પૃથ્વિ ખરેખાત. ક્ષત્રી૦
ક્ષત્રી થઈ ખોઈ બેઠા નિજ હામ. ક્ષત્રી૦
જણ્યા જનનીએ કાયર તમામ. ક્ષત્રી૦
ઉઠો ઉઠો અરે કોઈ મહા વિર. ક્ષત્રી૦
રાખો રાખો ખરે ક્ષત્રીઓનું નિર. ક્ષત્રી૦
આણી આપે કોઈ પુત્રી મારી આજ. ક્ષત્રી૦
પુત્રી આપી અને દઉં મુજ રાજ. ક્ષત્રી૦

વિમલસેન—(ઉભો થઇ) (પરમાર કુલ કલંક) એ રાહ.
વદો શું આવા વેણુ ઓ વિર વિર વિર.
ક્ષત્રી પુત્ર કેમ ખોશે નિર નિર નિર,
પકડી લાવું ચોર મારી તિર તિર,
દુષ્ટનું જઈ હરૂં હું રાય હિર હિર.

ગુણપાળ— (મને સમજે શું હેવાન સમાન.) એ રાહ.
તુને સાબાશ, સાબાશ ઓ વિર,
રાખ્યું નિજ નિર, નિજ નિર, નિજ નિર. તુને.
જાઓ જઇને આ વાર, લાવો કુંમારી આ ઠાર;
ધન્ય ધન્ય તુજ કૃતિ, હિંમત ધારી છે અતિ,
હેવાનનું હિર હરી, બાંધી આણો બળે કરી,
શુળીએ ચઢાવું હવે તેનું શરીર. તુને.

વિમલસેન—કૃપાનાથ હવે હું ચોરને પકડવાસ્તવર રજા લઉં છું.

ગુણપાળ—ભલે વિરપુત્ર પધારો અને તે કામમાં ફતેહ મેળવો.
(જાય છે.)

ગુણપાળ—છડીદાર કચેરી બરખાસ્ત કર?

છડીદાર—કચેરી બરખાસ્ત પે નિધા કીજીએ ગહેરબાન.

પ્રવેશ ૭ મો.

સ્થળ—વિમલસેનનો કાચ મ્હેલ.

પાત્ર—વિમળસેન, અને પછીથી ચોર.

વિમલસેન—(વિચારમાં) અહ્હા!! પશુતાતૂ થવાના ભયથી

એક પણ દાસ હાજર રહ્યો નથી, સઘળા પલાયન કરી ગયા છે, પણ તેમને કયાં ખબર છે કે આ પુરૂષ કોણ છે, ને કેવો છે. હશે ચાલ હવે ચોરને આવવાનો સમય પાસે આવ્યો છે, માટે પરચ્છેદન વિદ્યા યાદ કરી, અંધાર પછેડો ઓઢી અહીંઆજ ઉભો રહું. પરચ્છેદન વિદ્યાના યોગથી તેની અદ્રષ્ય વિદ્યા મને અસર કરે તેમ છેજ નહીં, તેથી આવતો તરતજ માલમ પડશે.

(અસી લઈ ઉભો રહેછે.)

ચોર—(પ્રવેશ કરી) આહા!! મારો કોપ તે કેવો, આટલા મોટાં મકાનમાં એક પણ મનુષ્ય માલમ પડતો નથી. બિચારા મારા ભયથીજ ભાગી ગયાં હોય તેમ જણાયછે. માંડવીઓ પણ મને પકડવા કોણ જાણે કયાંએ રખડતો હશે. એને કયાં ખબર છે કે બંદા અહીં આવી તારા બાર વગાડે છે. ને જાણે તો પણ શું? તેની તાકાત શી?? કે મારો પરાભવ કરી શકે??? રંડા કહે છે કે માંડવીઓજ મને મુકત કરશે, પણ બિચારા માંડવીઆનું તે મારી અદ્રષ્ય વિદ્યા આગળ શું વળે? હવે ચાલ પેલી ઝવેરાતની પેટી ઉપાડી પંથે પડું

(પેટી ઉપાડી ભોંયરાભણી ચાલ્યો જાય છે તેની પછવાડે વિમળસેન પણ જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—ચોરનું ભોંયરૂં.

પાત્ર—હિરાકુંમારી એકલી, પછીથી ચોર અને વિમળસેન.

હીરાકુમારી— (કોઇ હાલ કહો જાકે) એ રાહ.

હાયે માતુ કીહાં મારી, હરી લાવ્યો દુરાંચારી. ટેક.
મારી ખબર દે કોણ તુને ત્યાં, આપે કોણ નિશાન,
કયાં મળુ માતુ જીવજાન, ભુલી છું ભાન, બનુ હેરાન. હાયે,
ચોરે કર્યો બહુ કેર અરેઆ, આણી હ્રદયમાં રીશ,
હાયે કરૂં શું ઈશ, હવે આદીશ, રડું હર્નિશ. હાયે.
શુંરે કરૂં હું કયાંરે જઊં હું, કાળજું કડકા થાય,
માતુવિના જીવ જાય, હ્રદય ગભરાય, ઉઠે અંગલાય. હાયે.
હાય હાય ઓ માત પિતાહું, ફસીછું દુષ્ટને હાથ,
ત્રાય ત્રાય ઓ નાથ, ગ્રહીલ્યો હાથ, પુત્રી છે અનાથ. હાયે.

અરે હાય! હવે મારી લાજ શીરીતે રહેશે, હમણાં તે દુષ્ટ ચોર આવી મને દુખી કરશે. હે પરમેશ્વર મારી લાજ તારે હાથ છે. માં-ડવીઆને મારી વા'રે મોકલજે.

ચોર—(પ્રવેશ કરી દાંત પિસી) રંડા લેઆ તારા માંડવીઆ-નો માલ, હવે શું કહેવા માગે છે? માંડવીઓ બિચારો શું કરનાર છે? બોલ હવે સ્ત્રી થવાને કબુલ છે કે નહીં? નહીં તો આ અ-સીથી તારાં આંતરડાં બહાર કાઢી નાખીશ?

હિરા— (દુર દુર દુર જારે) એ રાહ.

ધિક્ક ધિક્ક ધિક્ક પાપી ધિક્ક ધિક્ક ધિક્ક,
બતલાવે તું શું મને મારવાની બિક.

ચોર— માન માન માન રંડા હજુ કહ્યું માન,
નહીં માને તો આ અસિથી લઈશ તારો જાન.

હિરા— માર માર માર મહા પાપી તું આવાર,
દુષ્ટ તારાથી હું કદી નથી ડરનાર.

ચોર— ચાલ ચાલ ચાલ રંડા મરવા તું તૈયાર.

હિરા— માર મુંને ઝટ હવે તારી આ તરવાર.

ચોર—લે દુષ્ટા ચાલ હવે તું તારા ઇષ્ટ દેવનું સ્મરણ કરીલે?

હિરા— (ચન્દે મહેતાબ) એ રાહ

દુઃખ કરોને દુર તુમે દયાળુ (૨)
કૃપાવાન, કૃપાવાન, કૃપાવાન, કૃપાવાવ, સહાય, સહાય, સહાય, સહાય.
ચોર લાવ્યો ચોરી કરી, માતને પિતાથી હરી, આણી ભોંયરામાં ધરી,
દુઃખી કરે ખરે ખરી, વા'લી સુખી થાતું વરી, એમ એમ એ ઉચરી,
જંપવા દીએ ન જરી, મતિ દુષ્ટની છે ફરી, માટે મુક્ત કરો મને,
અરજ કરૂં આપને, માગું છું હું તુમ કને, ઉગારોજી અનાથ ને.
નાથ............નાથ............નાથ........... .નાથ—દુઃખ.

લે દુષ્ટ હવે સત્વર શિર છેદ કર, હું મરવા તૈયાછું.

ચોર—લેજે ભવાની ભોગ.

(એમ કહી તરવાર મારવા જાય છે; તેટલામાં વિમળસેન પ્રગટ થઇ હાથમાંની તરવાર પડાવી.)

વિમળ—અરે ચંડાળ ખબરદાર જો અબળા ઉપર હાથ ઉઠાવ્યો છે તો!

ચોર—(વિમળ સેનને જોઈ.) અરે દુષ્ટ! મારા મકાનમાં તું

પ્રવેશ કરનાર કોણ છે?

વિમળ—અરે કામાંધ પાતકી પુરૂષ નિરઅપરાધી અબળાનું હરણ કરનાર, તું તારા ઈશ્વરને યાદકર? હું તેજ માંડવીઓ તેનું રક્ષણ કરવા આવ્યો છું? હવે તારૂં આવી બન્યું છે, બોલ શું કહેવા માગે છે? ઝટ શરણે થા? નહીંતો જો આ.

(એમ કહી તરવાર બતાવેછે.)

ચોર—અરે? નિચ તારા જેવા પ્રપંચી પુરૂષો બહુ આવે છે, શસ્ત્ર પડાવી ક્ષત્રીપણું બતાવતો હોઇશ? અસિમુકી આવ સામો? પછી જોઇ લે મારૂં પ્રબળ?

વિમળ—(તરવાર મુકી) લે આવ દુષ્ટ તેમ કર?

(બંને મલ્લયુદ્ધ કરે છે. બાદ માંડવીઓ તેને હસ્તીબળની વિદ્યા વાપરી બાંધી લે છે.)

વિમળ—(કુંમારીને) કુંમારીકા ચાલો હવે આપના પિતા પાસે. તેઓ વર્ષારૂતુની પેઠે તમારી વાટ જોતાં હશે, વળી તમારી માતુશ્રી તમારૂં મુખાર્વિંદ જોયા વગર અન્ન પાણી પણ લેતા નહીં હોય.

હિરાકુમારી—(લજીત થઇ) ચાલો કૃપાળુ હું આપને આધિન છું.

વિમળ—(ચોરને) ચાલ દુષ્ટ તું પણ આગળ થા? ખબરદાર નાઠો છુંતો?

(ત્રણે જાય છે.)

અંક ૪ થો સમાપ્ત.

अंक ५ मो.

પ્રવેશ ૧ લો.

સ્થળ—રાજ્ય કચેરી.

પાત્રો—ગુણપાળ સેનાધિપતિ. કોટવાળ, વિદુષક છડીદાર, ને પાછળથી વિમળસેન હિરાકુમારી ચોરને પછીથી રાજ્ય શેવકે બાંધી આણેલો ધનસાર.

ગુણપાળ—હા દૈવ હા! દૈવા! હવે હું મારી વહાલી હિરા કુંમારીનું મુખાર્વિંદ કયારે અવલોકન કરીશ. હજુ સુધી હિરાકુમારીની શોધમાં ગયેલો વહાલો વિમળસેન પણ આવ્યો નહીં, ખચિત્ત તેની પણ દુર્દશા તે દુષ્ટે કરી હશે. હા! દૈવા હા!!

(લાચારી ધારીરે) એ રાહ.

ભય દીસે ભારીરે, અરે એ જગત્રાતા. (૨)
છો સુખ કરતા, દુખ હરતા, નથી ડરતાં,
નિર ઝરતાં નેત્રોએ ગારીરે. ભય.
હરી ગયોછે પુત્રી હરામી, નાથ નમું મેળવ શિરનામી,
હું આજે, કરૂં તાજે, આ રાજ્યે, નહીં છાજે,
પુત્રી વિણુ કષ્ટો કારીરે. ભય.

બસ બસ હવે મારે જીવીને શું કરવું છે, અરે! મારા પ્યારા સભાસદો, જો આજ સાયંકાળ સુધીમાં હિરાકુમારી સહિત વિગળસેન નહીં આવી પહોંચે તો, હું તેમના વિયોગે આવતે કાલ મારી દેહ અગ્નિદેવને અર્પણ કરીશ, એ મારૂં પણ છે.

સેનાધિ—મહારાજ ધિરજ ધરો ધિરજ ધરો આમ અધિરા શા માટે થાઓ છો? પ્રભુ કરશે તો હમણાંજ તેઓ આવી પહોંચશે.

વિદુષક—અન્નદાતા જો તમે ચિત્તામાં પ્રવેશ કરશો તો, હુએ મારી બાયડી છોકરાંને વિદાય કરી, હું પણ તમારી ભેગે બળી મરવાનો હો? એમાં ભુલ સમજશો નહીં.

છડીદાર—(પ્રવેશ કરી) ગરીબ પરવર બહાર હિરાકુમારી તથા ચોર સહિત વિગળસેન આવી પહોંચ્યા છે.

ગુણપાળ—(હર્ષિત વદને) છડીદાર? તેમને જલ્દી જઈ અંદર પ્રવેશ કરાવ? હું તેમના મુખારવિંદ જોવા ઘણો ઈન્તેજાર છું.

(છડીદાર જાય છે ને ત્રણે પ્રવેશ કરે છે.)

વિમળ—મહારાજા હું આપને અભિવંદન કરૂં છું. આ આપની વહાલી પુત્રી હિરાકુમારી અને આ તે દુષ્ટ ચોર?

ગુણપાળ—(અત્યાનંદથી) કેમ પુત્રી તું સુખી છું.?

હિરાકુમારી—પિતાજી આપના પુન્યપ્રતાપે આ વિરપુત્રે, મારૂં રક્ષણ કરી આ દુષ્ટના ભયથી મુક્ત કરી છે, તેથી હું તેમનો આભાર માનું છું.

ગુણપાળ—અરે સેનાધિપતિ? આ દુષ્ટ ચોરનો એકદમ શિરચ્છેદ કરો?

સેનાધિપતિ—જેવી નામદારની આજ્ઞા.

(એમ કહીને ચોરને, ઘસડી જાય છે તેટલામાં.)

ચોર—(વિમળસેન પાસે આવી) હે વિર પુત્રા હું તમારે

શર્ણું છું, મને મરણના ભયથી મુક્ત કરો.

વિમળસેન—શરણાંગત નિર્ભય રહે.

ગુણપાળ—અરે સેનાધિપતિ જલ્દી તેનો શિરચ્છેદ કરવા લઈ જાઓ, શું જોઈ રહ્યા છો?

વિદુષક—(ચોરને) કેમ એટમજી લોકોને પશુવત્ કરતાં તો બહુ સારૂં લાગ્યું હશે, ને હવે મરતાં કેમ બીહો છો, એતો કરશો તેવું પામશો, ને વાવશો તેવું લણશો. માટે "ચઢો બેટા સુળીએ ને ઘો સાહેબકા નામ" તમે મરશો તેમાં મને કાંઈ સ્નાન સુતક આવે તેમ નથી હો.?

વિમળ—મહારાજ તેને ક્ષમા કરો, શાથી કે મેં તેને અભયદાન આપ્યું છે, માટે મારૂં વચન જાય?

ગુણપાળ—અરે વિરપુત્ર, આ દુષ્ટને અભયદાન શું?

વિદુષક—સેનાધિપતિ મહારાજાનો હુકમ માન્ય કરી આનો એકદમ શિરચ્છેદ કરો? શું જોઈ રહ્યા છો?

વિમળ—મહારાજ મારૂં વચન ફરે નહીં.

ગુણપાળ—(ચોરને) જા દુષ્ટ તને આ વિમળસેનજીના કહેવાથી ક્ષમા કરૂં છું, ખબરદાર ફરીથી આવું કામ કરતો ના, શેવકો આને બંધનથી મુક્ત કરો.

(ચોરને છોડી દેછે,)

વિમળ—ચાલ હવે તેં જેને પશુવત્ બનાવ્યા છે, તેઓને પુર્વની સ્થિતીમાં આણુ અને તેઓનું હરેલું વિત પાછું આપો

ચોર—વારૂં મહારાજ જેવી આપની આજ્ઞા.

(સર્વેનું વિત પાછું આપી પશુવતથી મુક્ત કરે છે.)

ગુણપાળ—અહો શુરવિર ક્ષત્રી પુત્ર, હું મારા કોલ પ્રમાણે મારી વહાલી પુત્રી હિરાકુમારી તથા મારૂં રાજ્ય તમને આજથી અર્પણ કરૂં છું તે સ્વિકારશો હેવિ મારી ઈચ્છા છે?

વિમળ—રાજન, આપની આજ્ઞા હું સ્વગસ્તકે ચઢાવું છું.

(બંનેના હસ્ત મેળાપ કરી રાજ્ય દંડ આપે છે)

ગુણ—હવે ચાલો વીમળસેનજી આજની ખુશાલીમાં પ્રભુની પ્રાર્થના કરીએ.

વિમળ—ચાલો મહારાજા, આપની આજ્ઞાને આધિન છું.

સર્વે— (હરગુલ પડનેકા પયેર) એ રાહ.

આજ આનંદ અપરંપારરે, પ્રભુ પ્રેમે સમરીએ. પ્રેમે.
પ્રેમે સમરીએ, દિલદુખ હરીએ, આણીને હર્ષ અપારરે. પ્રભુ.
દુખ દેશીના દુર થયાં સહુ, પામશે સુખ સંસારરે. પ્રભુ.
હિરાકુમારી થઈ સુખીઆરી, પામી ભલો ભરથારરે. પ્રભુ.
વિર પુત્ર આ વિમળસેને, ભયનો ઉતાર્યો ભારરે. પ્રભુ.
કોટી વરસ એ જીવો કૃપાળુ. ધન્ય ધન્ય તસ અવતારરે. પ્રભુ.

છડીદાર—બડે જાવ મહેરબાન દોલતજાદા વિમળસેન મહારાજાને ઘણી ખમા.

(વિમળસેન રાજ્યાસનપર બેસે છે.)

અનુચર—(પ્રવેશ કરી) મહારાજા બહાર કોઈ રાજ્ય શેવક એક વહાણવટીને બાંધી લાવ્યો છે, તે અંદર આવવાની રજા માગે છે.

ગુણપાળ—જા સ્તવર જઈ તેને પ્રવેશ કરાવ?

(અનુચર જાય છે ને રાજ્ય શેવક ધનસારને લઇ પ્રવેશ કરે છે.)

શેવક—મહારાજા આ દુષ્ટ વહાણવટીએ દાણ નહીં આપતાં અમને બહુજ માર માર્યો છે, તેથી અમે તેને પકડી આપની હજુરમાં લાવ્યા છીએ.

વિમળ—(ધનસારને જોઇ સ્વગત) આહા! આજે મારા પુણ્ય ભાગ્યનો ઉદય થયો, કે જેથી હું મારા પ્રાણપતિના દર્શન પામી. (પ્રગટ) કેમરે શેઠ આ વાત ખરી છે કે?

ધનસાર—મહારાજ સર્વ ગપ્ત છે, મારી પાસે લાંચ માગી પણ મેં નહીં આપી તેથી આમ જુઠું બોલી હેરાન કરવા માગે છે.

શેવક—દુષ્ટ જુઠ્ઠા, ચોર, જુઠું બોલે છે? (રાજાને) મહારાજા તે બાબતનું આખું બંદર સાક્ષી છે.

વિમળ—અરે હા રે હાં! આ શેઠને હું સારી પેઠે ઓળખું છું. નાનપણથીજ તેમને ચોરી કરી જુઠું બોલવાની ટેવ પડી છે. કોટવાળજી! આ લુચ્ચા શેઠને એકદમ મારા કાચ મહેલમાં કેદ કરો! અને તેમની માલ મતા લુંટી લ્યો! આવતી કાલે હું મારી જાતે તપાસ કરી હુકમ ફરમાવીશ?

કોટ—જેવી નૃપ વર્યની આજ્ઞા.

(કોટવાળ ધનસારનો હાથ પકડી ખેંચી જાય છે.)

વિમળસેન—છડીદાર કચેરી બરખાસ્ત કર.

છડીદાર—કચેરી બરખાસ્ત પેં નિધા કીજીએ મહેરબાન સલામ.

પ્રવેશ બીજો.

સ્થળ કાચમહેલ.

પાત્ર—ધનસાર-સ્ત્રી રૂપે વિમળસેન, તથા પછીથી હીરાકુમારી, ગુણપાળ, રત્નવતિ, અનુચર વિગરે.

ધનસાર—અરે હાય!! હાય!!! હવે મારૂં શું થશે, નક્કી આ રાજા હવે મને મુકનાર નથી.

ગીતિ.

હવે કરૂં શું હાયે, પુર્વ કરમના પાપ આવી પડીઆં.
પ્યારી રૂપ સુંદરીને, મુકી કૃર થઈ કર્મ એજ નડીઆં.
માત પિતા કયાં મારા, વહાણુ સહિત વળી વિત લીધું લુંટી.
પ્યારી પ્યારી પ્યારી, કયારે મળીશ તું મા'રી પણુ ખુટી.

એ મારી વહાલી રૂપસુંદરી તું આ વખતે કયાં હઈશ, હાય! હાય!! મેં દુષ્ટેજ તને દગો દઈ દૈત્તના મુખ દીધી. અરે મારા-જેવો ઘાતકી પુરૂષ આ પૃથ્વીમાં કોણુ હશે! હાય! હાય! મારા સુખનું સત્યાનાશ મેં મારા હાથેજ વાળી નાંખ્યુંછે તો હવે કોને દોષ દઉં. અરે મારી વહાલી તું જયાં હોય ત્યાં સુખી રહેજે, અને મારા દુષ્ટ કર્મની માફી દેજે? (મુર્છા ખાયછે.)

વિમળ—(ગુપ્ત રહી સાંભળતા) ધન્યછે કૃપાળું તારી કૃતિને, મારી તરફનો પસ્તાવો તેમને પુર્ણું અંતઃકરણુથીજ થાયછે. તેમાં જરા પણુ શક નથી. માટે લાવ પાસે જઈ તેમને ધિરજ દઉં. (પાસે આવી) શેઠ! શેઠ!! શેઠ!!! કેમ શા વિચારમાંછો? (તેને ઢંઢોળેછે.)

ધનસાર—(વિમળસેનને જોઈ ચમકી) મહારાજ મને માફ કરો, હું ભુલથી સુઈ ગયો હતો, મારા પર દયા કરો. (કંપેછે.)

વિમળ—શેઠજી તમે બે ફીકર રહો, આ સ્થળે તમારો વાળ વાંકો થવાનો નથી, પણુ જો તમે તમારો વૃતાંત ખરે ખરો જાહેર કરશો તો? કેમકે તમે લબાડ છો?

ધનસાર—મહારાજ હું ખરે ખરૂં કહીશ, એક પણુ શબ્દ અસત્ય કહીશ નહીં.

વિમળ— (શહેનશાહ જીજાહ આલમદાર) એ શાહ

કોને શેઠ કયાંછે તમારૂં મુકામ, વળી માત પિતા અને નિજ નામ.

કુંવારા કે પર્ણ્યા છો પ્યારી પ્રિયા, સુણાવો એ સર્વે ગિના શેઠીઆ.
પ્રહવણ લઈ શાથી વળ્યા પુરથી, વળીનિજ મુખપર નુરતો નથી.
પડયો છે શું વિયોગ વા'લા તણો, ભલા શેઠ સત્ય કથા સૌ ભણો.
કદી જુઠું બોલ્યા તો જાણો જરી, નહીં દેશ જાવાની આશા ફરી.
હશે સત્યા સત્યતો સુખી કરીશ, આણી નિજ સંપત્તિ ચર્ણે ધરીશ.

માટે શેઠજી શોક તજી સત્ય કથા સર્વે નિવેદન કરો. મારા આગળ કહેવાની તમને કાંઈ અડચણ નથી.

ધનસાર—(ધિરજ આણી) (હમકુ છાંડ ચલે બનમાધુ) એ રાહ.

શું રે સુણાવું હું સાહીબ મારા, કર્મ તણી સહુ મારી કૃતિરે. ટેક.
ચંપાપુરી માંહે મા'રા વસે છે. ધનદત્ત તાતને માતુ ધનવતિરે.
અંગજ એમનો હું હત્ ભાગી, ધનસાર છું ફરી મારી રતિરે. શું રે.
રીપુમર્દન તીહાં રાજ્ય કરે છે, રૂપસુંદરી તસ સુતા સતિરે.
પરણી પ્રહવણ લઈ પંથે હું પડીઓ, દૈત્તદ્રિપે ફરી મુજ મતિરે. શું રે.
સુતી સતિને મુકી તીહાં હું, નાઠો પ્રહવણ લઇ પાપી પતિરે.
દૈત્તે હર્યા હશે પ્રાણ પ્રિયાના, વા'લી મુને નથી વિસરતિરે. શું રે.
એવિણ જગમાં ઝુરી મરૂં છું, નિજ હાથે કરી હતિ નતિરે.
દેહતણી દરકાર નથી આ, મારો મરૂં પ્રિયા ઝાલું જતિરે. શું રે.
દૈવે જુદાઈ કોપથી કીધી, આપુર આવે ગઈ છે ગતિરે.
હવે જીવીને હું રે કરૂં શું, દૈવ મેળવતું દુખી દંપતિરે. શું રે.

(બે હાથ જોડી ઉંચું જોઈ.)

કાળ મુખે કીહાં જાવું હવેહું, ધરણીપતિ નથી રહેતી ધૃતિરે.
પ્રાણ સહિતજો પ્યારી પેખોતો, છાની ન રાખતાં કરજો છતિરે. શું રે.

(મુર્છા ખાઈ ધરણી ઢળે છે.)

વિમળ—શેઠ સાવધ થાવ, સાવધ થાવ, આમ કાચું દીલ કરી કલ્પાંત કરો તે આપના જેવા ધિર પુરૂષોને ઉચિત્ત નથી.

ધનસાર—(ચિંત્ત ઠેકાણે આણી) કૃપાળુ આપની સમક્ષ બે અદબી બોલાઈ ગયું હોયતો માફ કરજો.

વિમળ—શેઠજી પ્રિતીનો પાસ એવોજ હોય છે, નિશ્ચિંત રહો. પ્રભુ કૃપાએ તેજ પાછી મળી આવશે. શેઠ તેની આકૃતિથી તમો ઓળખી શકો ખરા કે? તેની સૌંદર્યતા કેવી હતી?

ધનસાર—મહારાજ રૂપ ગુણને ચાતુર્યતામાં તો આપના જેવી જ હતી, મારા પુર્ણ ભાગ્યના ઉદયથીજ તે રૂપસુંદરી રત્ન મને પ્રાપ્ત

થયું હતું, પણ મેં મુર્ખાએ કાચ તુલ્ય ગણી રજમાં રોળી નાંખ્યું.

વિમળ—હેં ! હેં !! શું !!! તમારી સ્ત્રીની ઉપમા મને આપોછો?

ધનસાર—અન્નદાતા ભુલી ગયો, પણ એનુ રૂપ આપના જેવુંજ હતું.

વિમળ—શેઠજી તે રત્ન પ્રાપ્ત થાયતો તમને કેટલો આનંદ થાય?

ધનસાર—મહારાજ એ હર્ષની વાતતો મારો આત્મા જાણે, કે બીજો મારો પરમેશ્વર જાણે, એથી અધીક શું કહું.

વિમળ—શેઠ કદી તમારા પુર્ણ ભાગ્યે તે રત્ન મળી આવે તો પછી પુર્વની પેઠે અનાદારતો ના કરો?

ધનસાર—અરે સાહેબ એતે આપ શું બોલ્યા, હવેતો હદ-વળી ગઈછે, મારાં એવાં ભાગ્ય કયાંથી હોય કે, આ ભવમાં તે હાથ આવે.

વિમળ—શેઠ તમારી સ્ત્રી તમને મેળવી આપીએ તો, અમને શું ઈનામ આપશો?

ધનસાર—અન્નદાતા હું આપનો ગુલામ થઇ રહું, એથી અધિક શું આપુ?

વિમળ—ત્યારે બેસો શેઠ, હું તમારી સ્ત્રીને જ્યાં બોલાવું

ધનસાર—મહારાજ મા'રી મશ્કરી શા માટે કરોછો?

વિમળ—શેઠજી હું કાંઇ તમારી મશ્કરી કરતો નથી? પણ તમારો તેની સાથે ભેટો કરવા ઇચ્છું છું. માટે બેસો.

ધનસાર—વારૂ કૃપાળુ તમારૂં વચન પ્રમાણ હો.

(વિમળસેન જાયછે, ને થોડીવારે સ્ત્રીનો સ્વાંગ ધારણ કરી પાછો આવેછે.)

રૂપસુંદરી—વિયોગી પ્રાણનાથ, આ જુઓ તમારી વહાલી રૂપસુંદરી આવી.

ધન—(આશ્ચર્યથી જોઇ) કોણ મારી વહાલી રૂપસુંદરી ખરે ખર તુંજ છો સ્વપ્નતો ન હોય!

રૂપસુંદરી—ના મારા વા'લા ના, સ્વપ્ન ન હોય, હું તેજ-જ- મારી વહાલી રૂપસુંદરી

ધનસાર—ઓ મારી આંખ્યોની કીકી તુ કયાં ગઈ હતી. (બંને ભેટી પડી થોડી વાર બોલતાં બંધ થાય છે બાદ).

ધનસાર—(આજ થઇ પ્રિયે આનંદ ધારા) એ રાગ.

ધન્ય ગણું દીન આનંદકારી, પ્રેમે મળ્યા બેહુ પ્રીતમ પ્યારી.
રૂપ—પ્રાણપતિ આવી લીધી ઉગારી,અંતરમાં લહો વિનતી મારી.
નેહ તજી થશો નાથ ન ન્યારા,..............................
ધન—::......................આનંદઘનની વરશી છે ધારા.
રૂપ—ચાંપુ સદા પિઉ ચર્ણુ તમારા,..........................
ધન........................, ધન્ય સતિ મારી તું દીલદારા.
....છો મુજ પ્યારી.
રૂપ—ન કરો લાચારી.....................................
ધન—...ચંદ્રમુખી.
રૂપ—થઇ સુખી..
ધન—..............................કાષ્ટવત્ થઇ પુતલી પ્યારી.
રૂપ—દુઃખ ગયાં દુર થઇ સુખીઆરી.......................
ધન—......................................ધિરજધારો.
રૂપ—હર્ષ વધારો..ધન્ય.

ધનસાર— (અગે બદીમેં પાયે ગગ,—હાંરે આદમ.)
પ્યારી મુજસમ નહીં નાદાન—હાંરે તું માન. પ્યારી.
હું ભાગ્ય હિણુ ભરથાર (૨) તજી મેં માનું તુજ એશાન હાંરે એ.
કર માફી મારા વાંક (૨) ગણીને રાંક અરે જીવજાન. હાંરે જી.
મેં દીધું તુજને દુઃખ (૨) લઈશું મુખ ફરૂં મેદાન. હાંરે મેં.
તું સતિ શિરોમણુનાર (૨) થઈ ભરથાર થકી હેરાન. હાંરે હે.
નહીં તુજસમ અવની એક (૨) તજી નવટેક રહી વેરાન. હાંરે વે.

રૂપ— (તોરા સચ નહીં કહેનારે) એ રાહ.
નાથ આ નહીં કહેવું રે, પ્રિયપ્રાણુ, જીવજાન. (૨) ટેક.
દુઃખ જઈ સહુ સુખ થયું આ (૨) નાથ. પ્રિય. જીવ.
સુખ દુખ સાથી સૌનો સ્વામિ (૨) વાંક નથી તુમ નાથ જરી. (૨)
માનો, માનો, માનો, એમાં દુખ શાને આણો. (૨)
વાત કરમની જાણો, આસો હુંથી મોજમાણો. નાથ. પ્રિય. જીવ.

પ્રાણપતિ મા'રે આપની પાસે એક માફી માગવાની છે?

ધનસાર—બોલ બોલ પ્રિયા? સત્વર બોલ? શામાટે અટકે છે?

ગીતિ.

અંતરમાં અકળાઈ, આમ કરે શું અરે હવે તું તો.
રૂપ—કહોને કેમ કરીશું, રાજ્ય મહીં રગણી પરણી હુતો.

ધનસાર—પ્રિયા એમાં શું ગભરાય છે? સૌ સારાવાનાં થશે.

હીરાકુમારી—(પ્રવેશ કરી બંનેને જોઇ ધનસારને) અરે? મારા કાચ મહેલમાં તું પ્રવેશ કરનાર કોણ? ને આ સ્ત્રી કોણ છે?

રૂપ—બેની શાંત થા, આમ અકળાઈ જવાનું કંઇ પ્રયોજન નથી. શું તું મને ઓળખતી નથી? હું તેજ માંડવીઓ કે સ્ત્રી રૂપે તારો પતિ હતો. આ પુરૂષ કે જેને મેં ગઈકાલે આપણા કાચ મહેલમાં કેદ કર્યો હતો, તેજ આ મારો ખરો પતિ છે. અને તેમને મેળવવા સારૂંજ મેં સ્ત્રિરૂપ ધારણ કર્યું હતું, આજે મારા પુર્ણ ભાગ્યોદયેજ તેઓ ફરીથી પ્રાપ્ત થયા છે. માટે બહેન હવે પછીથી તું પણ તેમને તારા અંતઃકરણથી ખરા પતિરૂપે માનજે.

હિરાકુમારી—મોટી બહેન આપનું વચન માન્ય કરૂં છું. (ધનસારને) પ્રાણપતિ, દાસી આપને અભિવંદન કરે છે, તે સ્વિકારશો.

ધનસાર—અખંડ કલ્યાણ પ્રિયા.

અનુચર—(પ્રવેશ કરી ધનસારને) શિરછત્ર મહારાણી સહિત મહારાજા પધારે છે.

ધનસાર—(ઉઠીને) ચાલો પ્રિયા આદર સહિત તેમને અંદર તેડી લાવીએ.

બંને—જેવી પ્રાણપતિ આજ્ઞા.

(ત્રણે જઈ રાજા રાણીને આદર સહિત તેડી લાવે છે.)

ગુણપાળ—(ધનસારને) કેમ વિમળસેનજી આ બીજી સ્ત્રી કોણ છે?

હિરાકુમારી—(રૂપસુંદરી તરફ હાથ કરી) માતપિતા, આ તેજ વિમળસેન કે જે હાલ સ્ત્રીરૂપે ચંપાપુરીના રાજા રિપુમર્દનની તનયા રૂપસુંદરી નામે છે, તેની સાથે આપે મારૂં પાણી ગ્રહણ કરાવ્યું હતું.

ગુણપાળ—(રૂપસુંદરીને) બહેન તારે પુરૂષનો સ્વાંગ ધારણ કરવાનું કારણ શું?

રૂપસુંદરી—પિતાજી.

(કહું શું હું મુજ વૃતાંત) એ રાહ.

સુણો વિપતની મુજ વાત, કહું આચારે,
નથી દુખતણો કંઇ પાર, પિતાજી મારે.
હું પરણી સુત પરધાન, હતા ગુણ ગ્રામી,
દેશાટન કરવા ગયા, સુંદરી સ્વામિ.

આવ્યો જ્યાં રાક્ષસ દ્વિપ, રહ્યા સુખ ધારી,
હું છુટી પડી પિયુ સાથ,—થકી દુખીઆરી.
કરતાં પતિની બહુ શોધ, પડયું દુખ ભારે,
ફરતાં ફરતાં હું આવી, આ નયર તુમારે.
ગઈકાલે પકડયા શેઠ, પતિ તે મારા,
ધનદત્ત સુત આ ધનસાર, પ્રાણથી પ્યારા.

માટે હે માતપિતા મારાથી કોઇ પણ કાર્ય આપની આજ્ઞાથી વિરૂદ્ધ થયું હોય તો મને માફ કરશો.

બન્ને—ક્ષત્રાણીની કુખ શોભાવનાર સતિ પુત્રી તારૂં અખંડ કલ્યાણ થાઓ, ને તું સદા સૌભાગ્યવંતી રહેજે.

હિરાકુમારી—(રાજા રાણીને) દયાળુ માતપિતા, મારી મો'ટી બહેનનાં પતિ તેજ મા'રા પતિ થઇ ચુકયા છે, માટે મને પણ આશીષ આપવી જોઈએ?

બન્ને—બહેન તારૂં સદા કલ્યાણ થાઓ. ને સુખેથી તારા પતિ સાથે આનંદમાં રહે.

ધનસાર—(બંનેને) માતપિતા હવે અમને અમારા દેશ જવાની રજા આપો. કારણકે દેશાટન કરતાં બહુ વર્ષ વ્યતિત થઇ ગયાં છે, તેથી અમારાં માતપિતાને મળવાને અમારા મન બહુ ઉત્સુક થઇ રહ્યાં છે.

બન્ને—પુત્રો હવે અમારી વૃદ્ધાવસ્થા થઇ છે, માટે સ્વદેશ જવાનો વિચાર માંડી વાળો તો ઘણું સારૂં. પછી તો જેવી તમારી ઇચ્છા.

ધનસાર—માતપિતા તમો બન્ને દુઃખ નહીં ધરતાં અમને ખુશીથી રજા આપો. કારણ કે હવે અમને માતપિતાના વિયોગથી એક પળ પણ વર્ષ તુલ્ય થઇ પડે છે. માટે લાચારીથી રજા માગી લઇએ છીએ.

બન્ને—વારૂં વત્સ હું તમારૂં દીલ દુખી કરવા ચાહતો નથી, તમારી ઇચ્છા પુર્વક વિદાય કરવા તૈયાર છું.

(ગુણપાળરાજા, રૂપસુંદરી તથા હીરાકુમારીને સાસરવાસો કરી, ધનસાર સહિત વહાણમાં બેસાડી ચંપાપુરીએ વિદાય કરેછે).

પ્રવેશ ૩ જો.

સ્થળ—ચંપાપુરીમાં રિપુમર્દનનો રાજ્ય મ્હેલ.

પાત્ર--રિપુમર્દન તથા રતિસુંદરી.

રિપુ--પ્રિયા? રૂપસુંદરીનો વૃત્તાંત સાંભળી, મને દીલગીરીની સાથે અત્યંત હર્ષ ઉત્પન્ન થયો છે, આહા! ધન્ય છે એની ધૈર્યતાને, હે વિભુ પુત્રિ આપો તો હાવીજ આપજો, એણે મારૂં કુળ ખરેખરૂં જ દીપાવી આપ્યું છે.

રતિ--પ્રાણનાથ, એમાં આશ્ચર્ય શું પામો છો! સિંહણની કુખે તો સિંહજ ઉત્પન્ન થાય સંકટ સમયે શિયળ અખંડ ન રાખે તો, તે સ્ત્રીનું જીવિતવ્ય પણ વ્યર્થ છે.

રિપુ--હા પ્રિયા, તમારૂં કહેવું સત્ય છે, ભામિનીનું ભુષણ તો શિયળથીજ છે. વારૂ પ્રિયા? હવે મારો વિચાર હેવો થયો છે કે, આપણી વૃદ્ધાવસ્થા થવા આવી છે, અને આપણા પુઠે, રાજ્યનો વારસ કોઇ પણ છે નહીં. તેથી ધનસારજીને ગાદીના વારસ ગણી, રાજ્યાભિષેક કરૂં તો કેમ?

રતિ--પ્રાણેશ? આપનું કહેવું યથાર્થ છે, મા'રો પણ એજ વિચાર છે, માટે વિલંબ નહીં કરતાં સત્વર તેમને રાજ્યતિલક કરો?

રિપુ--જેવિ પ્રાણવલ્લભાની ઇચ્છા, લ્યો હવે હું રાજ્યકચેરીમાં જઇ, રાજ્યાભિષેકની સર્વ સામગ્રી તૈયાર કરાવી, ધનસારજીને રાજ્ય તિલક કરૂ છું.

રતિ--પધારો પ્રાણનાથ,

(રાજા જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—રાજ્યકચેરી.

પાત્રો–રિપુમર્દન, ધનદત્ત, ધનસાર, વિદુષક, સભાસદો, પૂરજનો, સ્ત્રીઓ, ભાટ, છડીદાર, વારાંગનાઓ વિગેરે વિગેરે.

રિપુ--અહો મા'રા સુજ્ઞ સભાસદો, અને પુરજનો મારી વૃદ્ધાવસ્થા થઇ છે, અને હવે મને પુત્ર પ્રાપ્તિ થવાની આશા નથી. તેથી હું મારૂં રાજ્ય, મા'રી વા'લી પુત્રી રૂપસુંદરીના પતિ ધનાસારજીને પુત્ર તુલ્ય ગણી આજથી સોંપુ છું, માટે હવે પછી સર્વે તેમની આજ્ઞામાં રહેજો.

સભાસદો—વારૂ મહારાજ જેવિ આપની આજ્ઞા.

રિપુ—ધનસારજી હવે તમે રાજ્યાસન ઉપર બિરાજો.

ધનસાર—જેવી મહારાજાની મરજી.

(રાજ્ય દંડ આપે છે, ધનસાર ગાદીએ બેસે છે, અને સર્વે એકી વખતે તેનો જય જય બોલે છે.)

છડીદાર—અદેજાવ મહેરબાન દોલતજાદા, પ્રજાપાળ, દીનદયાળ, ન્યાઇ ભુપાળ, મહારાજાધિરાજ, ધનસારજીકો ઘણીખંમા નિગ્રા કીજીએ મ્હેરબાન સલામ.

(નોબત વાગે છે.)

સ્ત્રીઓ—(વધામણા લઇ ગાતી ગાતી પ્રવેશ કરે છે.)

(ચાલો ચાલોરે હાંહાંરે ચાલો ચાલોરે) એ રાહ.

આવો આવોરે (હાંહાં.) સાહેલીઓ આજ વધાવવાને જઇએ.
રાજ્ય પામ્યાં (હાંહાં.) છે ધનદત્ત સુત સુખીતો થઇએ રે. વધા૦
ધન્ય ધન્ય દિવસ ધન્ય ધડીઆ, આનંદ અપરંગ પારરે;
ધનસારજીના રાજ્યથી થાશે, સઘળે જયજયકાર. વધા૦
આ અવનીમાં અવીચળ રહેજો, રૂપસુંદરી ભરથારરે;
ઇશ્વર આપો આશિષ એવી, રહે સુખમાં નર નાર. વધા૦
અમૃત દૃષ્ટિ સહુપર દાખો, પ્રજાપાળ ભુપાળરે;
આજ થકી આ રાજ્યમાં રહેજો, ઘેર ઘેર મંગળ માળ. વધા૦

(ધનસાને સર્વે મળી પૂષ્પે વધાવેછે, બાદ વારાંગનાઓ પ્રવેશ કરી નાચ શરૂ કરેછે.)

વારાંગનાઓ—તાલ-થેકકો.

તીલ્લલ્લાં નાદીર દીર તુમ દીર તુમ દીર તુગ તુમ તદર દાની;
નાદરદાની તુમ દરદાની તુમ દરદરદર તદર દાની૦ ૧
નાદરદરદાની તુમ દરદરદાની તીમ તદાર તદર દાંની;
દાંની દાંની ઓં દાંની દાંનીત દાંની;
તાં નાદિર દિરતા હાહાહાહાહાહાહા તદર દાંની; ૨

(નાચ પુર્ણ થાયછે ને ભાટ બોલે છે)

ભાટ—ભલેભા ભલે! રાજ્ય વંશી માહારાજા ભા ભલે ગાદી અવિચળ રહો ભા ભલે!!!

સોનેકી જ્યોત સોતો, તારે મે છુપી રહી હે,
તારેકા તેજ વોતો, ચાંદમાં છુપાયા હે.
ચાંદકા પ્રકાશ વોતો, સવિતામે સુહાત હે,

સવિતાકા તેજ વેતો, જામાતમે જાયા હૈ.
ધન્ય ધન્ય ધન્ય સોહે, વાસરકો વાસ કેસો
ઊગ્યો હે ઊદ્યોત ભાણુ, ભુમિપે સોહાત હૈ.
તપો રાજગાદી આદી, મેક ટેક ન્યારી ધારી,
ધાગકો દગામ સોતો, આગેકો તગામ હે.

ધનસાર—(ધનદત્તને) પિતાજી સર્વેને યોગ્ય શિરપાવ કરી આનંદીત કરો.

વિદુષક—મહારાજ આ વિદુષકજી ખરો કે નહીં? બાપજી જોજો મને કદાચ ભુલી જતાં.

ધનસાર—વિદુષક બે ફીકર રહે, તારા યોગ્ય તને પણ મળશે

(સર્વને શિરપાવ અપાવેછે બાદ એકત્ર થઈ ખુશાલીનું ગાયન ગાયછે.)

સર્વેપાત્રો—(શ્રીજગતપતિ) એ રાહ.

આર્ય બંધુઓ, જય જય મુખે કહો,
રૂપસુંદરી સતિ ચરિત્ર ચિત્ત ચહો.
પૂર્વ કરમના પૂણ્યે પ્રાણી, પામે સુખ દુઃખ સાથ,
આપ તણું એમાં નવ ચાલે, નવ ચાલે નિજ નાથ. આર્ય. ૧
અકાર્ય થાએ કાંઈ કદી તો, રખે ધરો મન રોષ;
થયું થવાનું સૌ થાશે તે, કર્મ તણો છે દોષ. આર્ય. ૨
જુઓ રૂપસુંદરી કર્મ પ્રભાવે, પામી કેવાં કષ્ટ;
પણ ઉદ્યમ કરતાં સુખ પામી, કરી અરિનો નષ્ટ. આર્ય. ૩
તેમ આર્ય સુતા સૌ પાળો, પ્રેમે શિયળ પ્રચંડ;
માત પિતા પતિને પોતાનું, રે'શે નામ નવખંડ. આર્ય. ૪
આર્ય ભગનિઓના ઉપદેશે, રચ્યું આ નાટક સાર,
ભૂલ ચૂકની માફી અર્પી, બોલો જય જય કાર. આર્ય. ૫

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થનાર ગૃહસ્થોનાં નામ.

મુંબાઈ.

૫ ઝવેરી. પાનાચંદ અનુપચંદ
૫ હીરાઘસનાર, ઊત્તમરામ, રતનલાલ.
૫ કોઠારી. હાથીભાઈ મગનલાલ.
૫ ઝવેરી ખુશાલભાઇ ઉત્તમચંદ
૨ રા૦ રા૦ મંગળદાસ છગનલાલ સારી.
૨ શા. જમનાદાસ લલુભાઈ.
૨ શા વિરચંદભાઈ કસ્તુરચંદ
૨ શા. છગનલાલ મુળચંદ.
૨ ઝવેરી. રૂપચંદ ઝવેરચંદ.
૧ શા. વાડીલાલ સરૂપચંદ
૧ શેઠ. ભોગીલાલ મોહનલાલ
૧ શા. મોહનલલ પ્રાણજીવનદાસ
૧ ઝવેરી. અભેચંદ મુળચંદ
૧ ઝવેરી મુળચદ નગીનદાસ
૧ શા. બેહેચરદાસ પુરશોતમદાસ
૧ શા. મુળચદ ઇચ્છાચંદ
૧ ઠકર, જીવરાજ હરજીવન

અમદાવાદ.

૫૧ શેઠ સાહેબ જેશીંગભાઇ હઠીસીંગ.
૫૧ શેઠ. સાહેબ જમનાભાઇ ભગુભાઈ
૧૦ શા. પોપટલાલ હકમચંદ
૫ શેઠ. દલપતભાઈ ભગુભાઈ
૫ શા. જીવાભાઈ રતનચંદ
૫ શેઠ વીમળભાઇ લલુભાઈ
૫ ઝવેરી કેશવલાલ મનસુખરામ
૨ ત્રવાડી પ્રભાશંકર જેશંકર
૨ શેઠ સારાભાઈ મગનભાઈ ક.
૨ શા. જેશંગભાઈ કરમચંદ
૨ ડાકટર સોલોમાન ઈબ્રાહીમ
૨ ચોકસી કીલાભાઈ ઉજમશી
૨ ઝવેરી મણીલાલ ગોકળભાઈ
૨ શા. જેશંગભાઈ નથુભાઈ
૨ શેઠ ચુનીલાલ સુરજમલ
૨ શા. રતનચંદ શવચંદ
૨ શા સોમચંદ મોહકમચંદ
૨ શા. જેશંગભાઈ ચુનીલાલ
૨ વગડી ચુનીલાલ જેઠતારામ
૨ ઓઝા વરતારામ જીવાભાઈ
૨ શા પોપટલાલ રાયચંદ
૨ મી૦ ગણપતરાવ નારણરાવ
૨ બંગડીઓ તસનાર કેશવલાલ ત્રીભોવનદાસ
૨ શા. સોમાભાઇ રામચંદ
૨ તમાકુવાળા વાડીલાલ ગોકળભાઈ.
૨ શા. લલ્લુભાઈ દોલતચંદ
૧ શા. ફુલચંદ વરજીવન.
૧ શા. ભાખાભાઈ છગનલાલ
૧ શા મોતીલાલ ચુનીલાલ
૧ શા. ચંદુલાલ ડાહ્યાભાઇ
૧ શા. હીંમતલાલ માણેકચંદ
૧ ઝવેરી જગાભાઇ કીકાભાઈ
૧ જડીઆ હરીલાલ હરગોવન
૧ શા. હીરાચંદ જેએચંદ
૧ સોની રણછોડ જીવાભાઈ
૧ શા. મણીલાલ માધવલાલ
૧ મી૦ કૈકુબાદ માણેકજી
૧ શા ચુનીલાલ છગનલાલ
૧ સોદાગર પુરશોતમ ફુલચંદ
૧ શેઠ વાડીલાલ વીરચંદભાઈ
૧ શા ડાહ્યાભાઈ દલપત
૧ શા. બાલાભાઈ મગનલાલ
૧ શેઠ મગનભાઈ ઉમાભાઈ
૧ ડાકટર સાહેબ લક્ષ્મણરાવ.
૧ ડાકટર કેશવલાલ ચુનીલાલ
૧ ચીટનીસ જીવણલાલ ત્રીકમલાલ.

વડોદરા.

૨૫ ઝવેરી કેશરીભાઈ હીરાચંદ મારફત

૫ ઝવેરી જેઠાલાલ ચુનીલાલ મારફત

૧ ઝવેરી કલ્યાણભાઈ અમીચંદ

૧ ઝવેરી છોટેલાલ લાલભાઈ

૧ ઝવેરી કેશવલાલ નગીનદાસ

૧ ઝવેરી બાલુભાઈ મનસુખભાઈ

૧ ઝવેરી જેશંગભાઇ ફકુચંદ

ધરમપુર

૧૦ હિઝહાઈનેસ શ્રીમંત મહારાણાશ્રી મોહનદેવજી નારણદેવજી

૫ અખંડ શોભાગ્યવંતા બાસાહેબશ્રી ૭ માજીરાજબા

ભાવનગર.

૫ પાટવી કુમાર સાહેબશ્રી ભાવસિંહજી.

દાંતા સ્ટેટ.

૫ હિઝહાઇનેસ મહારાણાશ્રી જસવતસિંહજી બહાદુર

છોટા ઉદેપુર.

૨ હિઝહાયનેસ મહારાવળ સાહેબશ્રી મોતીસિંહજી મહારાજ

જુનાગઢ.

૧ મે. મહરૂમ મહામ વજીર સાહેબશ્રી શેખ બાવદીનભાઈ

ગાંગડ.

૭૫ અસ્મતપના, નેકનામ બાસાહેબશ્રી ૭ શ્રીબાશ્રી માજીરાજબા. સાંતલપુરવાળા

૫ બાશ્રી બાઈ રાજબા, શ્રી ગાડેસરવાળા

૫ રા. રા. હીરાચંદ વેલજી કારભારી.

૩ રા. રા. ધારશીભાઈ દામોદરદાસ. માજી રાજબાના કારભારી

મોરવિ કાઠીયાવાડ.

૧ પ્રિન્સ હેરિસ વાઘજી સાહેબ

૧ બાઈશ્રી ૭ રાણીબાઈ

૧ બાઈશ્રી ૭ ગંગાબાઇ

૧ બાઈશ્રી ૭ વખતુબાઈ

લીંબડી કાઠીયાવાડ

૨ મહારાણાશ્રી કુંસર. જસવંતસિંહજી કે, સી, આઈ. ઈ.

વાંસદા.

૧ શ્રીમંત પાટવી કુમાર સાહેબશ્રી ઇંદ્રસિંહજી

૧૦ શા. ઉમેદચંદ દલીચંદ. કુડલા કાઠીયાવાડ.

૨ શા. હઠીશંગ મગનલાલ ગામ બારેજા

૧ શા ગોકળદાસકેવળદાસ ધરોડા

૧ શા. છગનલાલ નથુભાઈ ગામ મહીજ.

૧ શા. ડાહ્યાભાઈ નથુભાઈ મહીજ

૧ શા. છોટાલાલ નાનચંદ. મહીજ

૧ શા દલીચંદ માણેકચંદ માણસા

૧ શા. મગનલાલ છગનલાલ ગામ માણસા

૧ શા. મોતીચંદ હીરાચંદ દેવઃ

૧ શા. ખેમચદ વીરચંદ. દેવા

પુસ્તક મળવાના ઠેકાણા.

અમદાવાદ—કર્તા પાસેથી, ઠે. રતનપોળ. મંગળદાસ લલ્લુભાઇ ઘોતીજોટાવાળા ઠે સાગળાની પોળમાં.

વડોદરા—નાનાભાઇ માણેકચંદ. ઘડીઆળી પોળની સામે.

મુંબાઇ—રતનચંદ છગનલાલ કીનખાબવાળા ઠે. બાહાર કોટ રના પાટીએ.

